વર્ષ – ૬૪ • અંક – ૧૦ • તા. ૧૬ મે, ૨૦૧૧ • વાર્ષિક લવાજમ ₹ 150/- • આજીવન લવાજમ ₹ 1000/-

સ્વ. શેઠશ્રી કેશવલાલ વિ. પટેલ

સમાજ ઘડતરનું માસિક

# ધરતી

## સ્મૃતિવંદના વિશેષાંક

ધરતી વિકાસમંડળના ૩૫ વર્ષથી ટ્રસ્ટી,
ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખ,
મા ઉમિયાનો વિજયધ્વજ
દેશવિદેશમાં ફરકાવનાર
પાટીદાર સમાજના આર્ષદ્રષ્ટા
સુકાની, સર્વજનપ્રિય
સમાજસેવક શિરોમણિ
દિવંગત
શેઠશ્રી કેશવલાલ વિ. પટેલને
**'ધરતી' પરિવારની**
**ભાવભીની શ્રદ્ધાંજલિ**



જન્મ : તા. ૨૮-૧૧-૧૯૨૪ • સ્વર્ગવાસ : તા. ૧૧-૪-૨૦૧૧

# ધરતી


## ધરતી વિકાસ મંડળના હોદ્દેદારો

| | |
|---|---|
| શ્રી હંસાબહેન હર્ષદભાઈ પટેલ | પ્રમુખ |
| શ્રી વાડીભાઈ પી. પટેલ | ઉપપ્રમુખ |
| શ્રી દશરથભાઈ નરોત્તમદાસ પટેલ | મંત્રી |
| શ્રી મુકુન્દભાઈ એમ. પટેલ | સહમંત્રી |

## ધરતી મહિલા જાગૃતિ મંડળના હોદ્દેદારો

| | |
|---|---|
| શ્રી શારદાબહેન અનિલભાઈ પટેલ | પ્રમુખ |
| શ્રી શશીબહેન પુરુષોત્તદાસ પટેલ | ઉપપ્રમુખ |
| શ્રી હેમાંગિનીબહેન પટેલ | મંત્રી |

## ધરતી માસિક સલાહકાર સમિતિ

શ્રી મોહનભાઈ પટેલ

શ્રી ભોળાભાઈ એસ. પટેલ

શ્રી માણેકલાલ દી. પટેલ

## માનદ કાનૂની માર્ગદર્શક

ગૌરાંગભાઈ કે. પટેલ - એડ્વોકેટ

## સંકલન અધિકારી

ભાઈલાલભાઈ એમ. પટેલ



## લવાજમ

દેશમાં વાર્ષિક લવાજમ : રૂ. ૧૫૦/-

પરદેશમાં વાર્ષિક લવાજમ : ડૉલર ૭૫/-

## જિંદગી પર્યંતના સભ્યો

| | |
|---|---|
| આજીવન સભ્ય | રૂ. ૧૦૦૦/- |
| પરદેશમાં આજીવન સભ્ય | ડૉલર ૨૫૦/- |
| આશ્રયદાતા | રૂ. ૧૫૦૧/- |
| દાતા | રૂ. ૨૦૦૧/- |

દર મહિનાની સોળમી તારીખે પ્રસિદ્ધ થાય છે.



આ માસિકમાં પ્રસિદ્ધ થતા લેખો અને વિચારો સાથે તંત્રી સહમત છે તેમ માનવું નહિ.



***લવાજમ, લેખો તથા પત્રવ્યવહાર માટે :***

**ધરતી વિકાસ મંડળ**

પ્રતિમાપાર્ક સોસાયટી, વિજયનગર રોડ,
નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.
ફોન : ૨૭૪૭૯૮૦૪

**E-mail:dhartivikasmandal@yahoo.com**

**www.dhartivikas.com**



## તંત્રી

પ્રિ. સોમાભાઈ પટેલ

## ટ્રસ્ટીઓ

| | |
|---|---|
| શ્રી પ્રતાપભાઈ બુલાખીદાસ પટેલ | મુંબઈ |
| શ્રી માણેકલાલ દીનાનાથ પટેલ | અમદાવાદ |
| શ્રી વિષ્ણુભાઈ મફતલાલ પટેલ | અમદાવાદ |
| શ્રી પદ્મ્નાબહેન જયકૃષ્ણભાઈ | અમદાવાદ |



**વર્ષ : ૬૪ | અંક : ૧૦ | મે-૨૦૧૧**


## અનુક્રમણિકા


૧. તંત્રીની કલમે : શ્રી ઉમિયા-સંસ્થાનના પ્રમુખ અને 'ધરતી'ના ટ્રસ્ટી સર્વજનપ્રિય સમાજસેવક -શિરોમણિ સ્વ. શેઠશ્રી કેશુભાઈ ............ ............ પ્રિ. સોમાભાઈ પટેલ ૦૫

૨. 'ધરતી'ના દૃષ્ટિવંત ટ્રસ્ટી શ્રી કેશુભાઈ શેઠ ........ ............ માણેકલાલ દી. પટેલ ૦૯

૩. શેઠશ્રી કેશુભાઈના નેજા હેઠળ ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા અનેક ક્ષેત્રોમાં ઉત્કર્ષ થયો ........ ............ અનિલભાઈ પટેલ ૧૧

૪. શ્રી કેશુભાઈ શેઠ : એક વિરલ વ્યક્તિત્વ .......... ............ મણિભાઈ ઈ. પટેલ - મમ્મી ૧૩

૫. સ્વ. શ્રી કેશુભાઈ શેઠ : અથથી ઈતિ સુધી (સંક્ષેપમાં) ........... સં. સીતારામભાઈ જો. પટેલ ૧૭

૬. પાટીદાર અસ્મિતાને ઉજાગર કરનાર સ્વ. કેશુભાઈ શેઠ ........ સીતારામભાઈ જો. પટેલ ૧૯

૭. માનવ નહિ, મહામાનવ સ્વ. શ્રી કેશુભાઈ શેઠ ... ............ પ્રહ્લાદભાઈ જે. પટેલ ૨૫

૮. પાટીદાર સપૂતનું મહાપ્રસ્થાન ............ ............ પ્રિ. કેશુભાઈ પટેલ ૨૯

૯. સ્વ. કેશુભાઈ શેઠ : એક ઉચ્ચ આધ્યાત્મિક આત્મા ............ પ્રિ. સોમાભાઈ પટેલ ૩૩

૧૦. મૂઠીઊંચેરા માનવી શેઠશ્રી કેશુભાઈ ........... ............ મનુભાઈ જે. પટેલ ૩૭

૧૧. આવા હતા મારા પિતાશ્રી ............ કૌશિક પટેલ ૩૯

૧૨. પાટીદાર સમાજના કર્ણધાર, સૂત્રધાર અને સર્જક શેઠશ્રી કેશુભાઈ પટેલ ........... ડૉ. મફતલાલ પટેલ ૪૧

૧૩. પૂ. મામા શ્રી કેશુભાઈ શેઠને શ્રદ્ધાંજલિ ........... ............ નટુભાઈ જે. પટેલ ૪૨

૧૪. મૂઠીઊંચેરા અલગારી માનવી સ્વ. શ્રી કેશુભાઈ શેઠ ............ કેશુભાઈ એમ. સૂંઢિયા ૪૫

૧૫. દેશના પટેલોના એક સાચા પટેલની વિદાય ......... ............ મણિલાલ એમ. પટેલ ૪૭

૧૬. શ્રી ઉમિયા દ્વારેથી-૧૨૬ ............ ૪૯

૧૭. સમાચાર-સાર ............ ૫૭

૧૮. ધરતી લગ્નસહાયક કેન્દ્ર ............ ૬૨

# ધરતી વિકાસ મંડળ, અમદાવાદ

## ✦ સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ ✦

### ૧. ધરતી કમ્પ્યૂટરાઈઝ્ડ લગ્નસહાયક કેન્દ્ર

સમાજના દૂર-દૂર વસતા પરિવારોનાં દીકરા-દીકરીઓના લગ્નસંબંધો જોડી આપવામાં સક્રિય રીતે મદદરૂપ થવાની ઉમદા કામગીરી બજાવે છે, તેમજ વર્ષ દરમિયાન દર ચાર મહિને લગ્નોત્સુક યુવક-યુવતીઓના જીવનસાથી પસંદગી-મેળાનું આયોજન કરે છે. કમ્પ્યૂટર દ્વારા આ કેન્દ્રનો લાભ ઘેરબેઠાં ઑનલાઈન લઈ શકાય છે.

### ૨. મહિલા સ્વાવલંબનકેન્દ્ર

દરરોજ તાજા બનતા નાસ્તા અને ચોખ્ખા ઘીની મીઠાઈના વેચાણ દ્વારા બહેનોને રોજગારી આપવામાં મદદરૂપ થવાની સાથે તેમનાં બાળકોના અભ્યાસ માટે આર્થિક સહાય અપાય છે.

### ૩. ધરતી મહિલા જાગૃતિમંડળ

શિબિરો, સેમિનારો, પર્યટન, જન-જાગૃતિ જેવી પ્રવૃત્તિઓ દ્વારા મંડળની સભ્ય બહેનોનાં સર્વાંગી ઉત્થાનની કામગીરી સાથે ઉમા મહિલાઉદ્યોગની પ્રવૃત્તિઓનું સંચાલન કરે છે.

### ૪. ગૃહિણી તાલીમ-શિબિર

દીકરીઓને આદર્શ ગૃહિણી બનવાની તાલીમ આપતી શિબિરોનું આયોજન ગૃહવિજ્ઞાનના શિક્ષણ દ્વારા આદર્શ સમાજની રચનાની કામગીરી.

### ૫. ઉમા મહિલા ઉદ્યોગમંદિર

બહેનોને ૨૦ જેટલા ગૃહઉદ્યોગની તાલીમ અને તેમને પગભર બનાવવા માટે પ્રયત્ન તેમજ કરાટે, ગરબા, નૃત્ય જેવી સાંસ્કૃતિક તાલીમ.

### ૬. વ્યાવસાયિક તાલીમકેન્દ્ર

આ કેન્દ્ર હેઠળ બહેનોને આજના સમયની જરૂરિયાત મુજબ (૧) કમ્પ્યૂટરની વિવિધ કક્ષાની તાલીમ (૨) સીવણ અને એમ્બ્રોઈડરીની તાલીમ તેમજ (૩) રસોઈ (કૂકિંગ)ની તાલીમ અપાય છે. (૪) બ્યુટીપાર્લરના ક્લાસીસ ચલાવાય છે.

### ૭. 'ધરતી' માસિકનું નિયમિત પ્રકાશન

ઈ.સ. ૧૯૪૭થી 'ધરતી' માસિકનું નિયમિત પ્રકાશન, જેમાં ઉત્તમ પ્રકારના લેખો દ્વારા સામાજિક જાગૃતિ અને વૈચારિક ક્રાંતિ ફેલાવવાનું ભગીરથ કાર્ય કરે છે, સાથે સમાજની પ્રવૃત્તિઓના સમાચારો, લગ્નસંબંધની વિગતો પ્રસિદ્ધ કરી તે દ્વારા આ માસિક સંસ્થા અને સમાજ વચ્ચે સેતુરૂપ બન્યું છે.

### ૮. વડીલ-વૃંદાવન

સિનિયર-સિટીઝન્સ માટે દરરોજના વૈવિધ્યસભર કાર્યક્રમો સાથેની ઉત્તમ પ્રવૃત્તિ.

### ૯. સાદાં અને સમૂહલગ્ન યોજના

આ અંગેની વિગતવાર માહિતી માટે કાર્યાલયનો સંપર્ક કરવા વિનંતી.

### ૧૦. કૌટુંબિક સમસ્યા સલાહ-કેન્દ્ર

કુટુંબમાં ઉદ્‌ભવતી સામાજિક સમસ્યાઓનું ધરતીના નિષ્ણાત સલાહકારો દ્વારા યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે છે.

**• ધરતી વિકાસ મંડળ •**
પ્રતિમાપાર્ક સોસાયટી, વિજયનગર પેટ્રોલપંપ પાસે, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.
ફોન : (૦૭૯) ૨૭૪૭૯૮૦૪

## તંત્રીની કલમે....

# શ્રી ઉમિયા-સંસ્થાનના પ્રમુખ અને ધરતીના ટ્રસ્ટી સર્વજનપ્રિય સમાજસેવક-શિરોમણિ સ્વ. શેઠશ્રી કેશુભાઈ

-- પ્રિ. સોમાભાઈ પટેલ

સમગ્ર પાટીદાર સમાજને નવી દિશા અને ગતિ આપનાર, માત્ર ગુજરાતના જ નહિ, ભારતનાં અન્ય રાજયોના અને વિશ્વના પાટીદારોને મા ઉમિયાના માધ્યમથી એક સૂત્રે બાંધનાર, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના ક્રાંતદ્રષ્ટા પ્રમુખ, સમાજસેવક શિરોમણિ શેઠશ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલનું ટૂંકી બીમારી બાદ તા. ૧૧ એપ્રિલ, ૨૦૧૧ના રોજ થયેલ અવસાન સમગ્ર પાટીદાર સમાજ માટે અત્યંત દુઃખદ અને આંચકો આપનારું બની રહ્યું.

શેઠશ્રી ૮૭ વર્ષના હતા એ જોતાં સામાન્ય નજરે તો આટલી જૈફ વયે કોઈ વ્યક્તિનું, ઊંચા હોદ્દા પરથી પણ, અવસાન થાય તો તે ખાસ અસાધારણ ઘટના ન લેખાય; પરંતુ શ્રી કેશુભાઈ શેઠ ઉમિયા-સંસ્થાનના પ્રમુખ તરીકે અને ધરતી વિકાસ મંડળ સહિત ગુજરાતની બીજી અનેક સંસ્થાઓના ટ્રસ્ટી કે પ્રમુખ તરીકે છેલ્લા સાડા ત્રણ દાયકાથી પાટીદાર સમાજની અનેકાનેક પ્રવૃત્તિઓ સાથે છેલ્લી ઘડી સુધી એટલા બધા કાર્યરત અને ઓતપ્રોત રહ્યા હતા કે એમની એકાએક થયેલ ચિરવિદાયથી સંસ્થામાં અને સમાજમાં ઘડીભર તો જાણે કે શૂન્યાવકાશ સર્જાયો હોય એવી લાગણી સૌ અનુભવી રહ્યા.



સ્વ. કેશુભાઈ શેઠ 'ધરતી' સંસ્થાના પણ છેલ્લાં ૩૫ વર્ષથી ટ્રસ્ટી હતા. તેઓ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાના પ્રમુખ થયા એ પછી 'ધરતી'ના મોભી અને ટ્રસ્ટી શ્રી ચન્દ્રવદન લશ્કરીનું ૧૯૭૬માં અવસાન થતાં તેમના સ્થાને 'ધરતી'ના ટ્રસ્ટી તરીકે શેઠશ્રી નિયુક્ત થયા હતા. તેઓશ્રી આરંભકાળથી છેલ્લા દિવસો સુધી આ સંસ્થાની સઘળી બાબતોમાં માર્ગદર્શક રહ્યા હતા. તેઓશ્રી સંસ્થાની મીટિંગોમાં હાજરી આપતા તેમજ એ સિવાય પણ અમદાવાદમાં આવે ત્યારે સમય કાઢીને સંસ્થામાં આવતા અને અગ્રણીઓ સાથે સંસ્થાના તત્કાલીન પ્રશ્નોની ચર્ચા કરતા તેમજ તેમાં જરૂરી સલાહસૂચનો આપતા. તેમની એવી પદ્ધતિ હતી કે જે સંસ્થામાં તેઓ હોય તે સંસ્થાની પ્રવૃત્તિઓ વિશે, તેની આર્થિક સ્થિતિ વિશે, તેના ભાવિ વિકાસની યોજનાઓ વિશે જાણકારી મેળવે અને સંસ્થાનો વિકાસ કેમ થાય તેનાં સૂચનો કરે. જે સંસ્થામાં તેઓ હોય તે સંસ્થાનો વિકાસ કઈ રીતે થાય તેનું તેઓ સતત ચિંતન કરતા. સ્વ. કેશુભાઈ શ્રી ઉમિયા સંસ્થાન ઉપરાંત 'ધરતી' સહિતની જે જે સંસ્થાઓમાં ટ્રસ્ટી કે પ્રમુખ તરીકે હતા તે બધી સંસ્થાઓએ સારો વિકાસ સાધ્યો છે તેનું કારણ પણ આ જ.

અગાઉ શ્રી કેશુભાઈ શેઠ 'ધરતી'ના ટ્રસ્ટી ન હતા, ત્યારે એક વાર આ સંસ્થામાં આવેલા. એ વખતે સંસ્થા વિશે જાણકારી મેળવતાં કાર્યકર્તાઓને પૂછેલું સંસ્થામાં કઈ-કઈ પ્રવૃત્તિઓ ચાલે છે ? ધરતીના કેટલા ગ્રાહકો છે ? આવક કેટલી છે ? ખર્ચ કેટલો છે ? આ બધી વિગતો જાણ્યા પછી તેઓ કહે, 'આવડા મોટા પાટીદાર સમાજ માટે આટલા ગ્રાહકો હોય તે ઠીક ન કહેવાય...' પછી તેમણે શ્રી બાબુભાઈ નાયકને વેતન આપીને 'ધરતી'ના

ગ્રાહકો નોંધવાનું કામ સોંપવાનું સૂચન કરેલું અને એ માટે તેમને એક વર્ષનું વેતન પોતાના તરફથી આપવાનું જણાવેલું. શેઠશ્રીના આવા સૂચન અને આર્થિક સહયોગ પછી તો શ્રી બાબુભાઈ નાયક વર્ષો સુધી 'ધરતી'ના ગ્રાહકો નોંધવા માટેના મુખ્ય પ્રચારક બન્યા હતા.

શ્રી કેશુભાઈ શેઠ ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાના પ્રમુખ બન્યા એ પછી સંસ્થામાં અને પાટીદાર સમાજમાં ગજબની ચેતના આવી. ૧૯૭૯માં શ્રી ઉમિયા માતાજી સંસ્થાને ઊંઝામાં ૧૮મી શતાબ્દી મહોત્સવ અભૂતપૂર્વ રીતે ઊજવ્યો. ત્યાર બાદ ઉમિયા સંસ્થાને પોતાના અગાઉના કેવળ ધર્મકેન્દ્રી અભિગમમાં ફેરફાર કરીને ધર્મના માધ્યમ દ્વારા સામાજિક ઉત્કર્ષ માટેનાં અનેકવિધ કાર્યોનો આરંભ કર્યો અને પછી તો આ સંસ્થા સમગ્ર પાટીદાર સમાજને દોરવણી આપતી કેન્દ્રીય સંસ્થા તરીકે ગુજરાતના અને વિશ્વભરના પાટીદારોમાં પ્રતિષ્ઠા પામી. શ્રી ઉમિયા જ્યોતિરથ ઉત્કર્ષનિધિ અને ઉચ્ચશિક્ષણ સહાયક-નિધિ એ બે ગુજરાત વ્યાપી પ્રવૃત્તિઓએ પણ સમગ્ર ગુજરાતના કડવા પાટીદારોની મા ઉમિયા પ્રત્યેની ભક્તિભાવના અને એકતા દઢ કરાવામાં તેમજ પાટીદાર સમાજને વિકાસના પંથે ઝડપથી લઈ જવામાં અસાધારણ ભાગ ભજવ્યો.

શ્રી ઉમિયા માતાજી ઉત્કર્ષ નિધિ જ્યોતિરથની તો સંકલ્પના જ જ અભૂતપૂર્વ હતી, જેમાં કુળદેવી મા ઉમિયા જાતે સામે ચાલીને પોતાનાં સંતાનોને દર્શન આપવા તેમના ઘરે જાય! આવી મૌલિક હિંમતભરી સ્વસ્થ સંકલ્પના માટે શ્રી ઉમિયા સંસ્થાનના દીર્ઘદ્રષ્ટા અગ્રણીઓને જેટલી દાદ આપીએ તેટલી ઓછી. શ્રી ઉમિયા જ્યોતિરથનું મધ્યપ્રદેશના કરોંદિયામાં થયેલ નિર્માણ અને તેની ગુજરાતનાં ૩૫૦૦ ગામોમાં સંપન્ન થયેલ પરિક્રમાએ એક સાથે અનેક સુભગ પરિણામો સિદ્ધ કર્યાં. આ જ્યોતિરથની ગુજરાત વ્યાપી પરિક્રમાની સાદ્યંત સફળતામાં મા ઉમિયાને અને ઉમિયા-સંસ્થાનને સમર્પિત એવા શ્રી મણિભાઈ ઈ. પટેલ - મમ્મી અને શ્રી વિક્રમભાઈ ધ. પટેલ તેમજ તેમના સહયોગી કાર્યકર્તાઓની સેવાભાવનાને પણ એટલી જ દાદ આપવી પડે. આ બન્ને પ્રવૃત્તિઓના પરિણામે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા વિધવા-ત્યક્તા બહેનોને પેન્શન સહાય, અપંગ-મંદબુદ્ધિ વ્યક્તિઓને આર્થિક સહાય, ઉચ્ચ શિક્ષણક્ષેત્રે તેજસ્વી વિદ્યાર્થીઓને વ્યાજમુક્ત લોન સહાય, કન્યા-છાત્રાલયોના નિર્માણમાં આર્થિક સહાય, અંબાજી અને બહુચરાજીમાં પથિકાશ્રમોનું નિર્માણ જેવી અનેક ગુજરાતવ્યાપી પ્રવૃત્તિઓ ઘણાં વર્ષોથી અમલમાં મૂકી શકાઈ છે. આ બધું શેઠશ્રી કેશુભાઈના નેતૃત્વમાં થઈ શક્યું, તેની પાછળ આર્ષદ્રષ્ટા શેઠશ્રીની સંસ્થાના અને સમગ્ર પાટીદાર સમાજના ઉત્કર્ષની સતત ખેવના જ કારણભૂત છે. એમાંયે ૨૦૦૯ના અંતમાં શેઠશ્રી કેશુભાઈના નેતૃત્વમાં સંપન્ન થયેલા ૧૮મી શતાબ્દી રજતજયંતી મહોત્સવે તો શ્રી ઉમિયા સંસ્થાની સિદ્ધિઓ પર જાણે કે ચાર ચાંદ લગાવી દીધા ! કેમકે ૫૦ લાખ ઉપરાંત શ્રદ્ધાળુઓના નિઃશુલ્ક ભોજન અને દર્શનની સુવિધાપૂર્ણ વ્યવસ્થાવાળા આ વિરાટ ધર્મોત્સવે સમગ્ર કડવા પાટીદાર સમાજને કુળદેવી પ્રત્યેની દઢ આસ્થા, સમાજની એકતા અને આયોજન શક્તિની બાબતમાં આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા અપાવી.

શ્રી ઉમિયા-સંસ્થાન દ્વારા મા ઉમિયાના એક છત્ર નીચે સૌરાષ્ટ્ર-કચ્છ સહિતના સમગ્ર ગુજરાતના અને મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન આદિ રાજ્યોના પાટીદારોનો ઘનિષ્ઠ સંપર્ક સૌપ્રથમ વાર પ્રસ્થાપિત થયો તેનું શ્રેય શેઠશ્રી કેશુભાઈ અને તેમની સાથે પડછાયાની જેમ રહેલા તેમનાં એવા જ સેવાસમર્પિત સહયોગીઓ શ્રી મણિભાઈ ઈ. પટેલ - મમ્મી અને શ્રી વિક્રમભાઈ પટેલને અવશ્ય આપવું પડે. કેશુભાઈ શેઠ અને તેમના આ સહયોગીઓ સતત ત્રણ દાયકા દરમિયાન નજીકનાં કે દૂરદૂરનાં સ્થળોએ ટાઢ-તાપ જોયા વિના, થાક કે સ્વાસ્થ્યની પરવા કર્યા વિના, અવિરતપણે દોડતા રહ્યા, તેના પરિણામે તેઓ ઉમિયા-સંસ્થાન અને તે-તે પ્રદેશોની

સંસ્થાઓ-કાર્યકર્તાઓ વચ્ચેની મજબૂત સંપર્કકડી બની રહ્યા. શેઠશ્રીનું સ્વપ્ન તો બિહારના કૂર્મી પાટીદારોને પણ મા ઉમિયા સાથે જોડવાનું હતું. તેમજ મધ્યપ્રદેશ-રાજસ્થાનની જેમ ઉત્તરપ્રદેશ અને બિહારનાં કુર્મિ પાટીદાર બહુલ ગામોમાં મા ઉમિયાના જ્યોતિરથને ફેરવવાનું હતું, પરંતુ એમનું એ સ્વપ્ન અધૂરું રહ્યું.

શેઠશ્રીની એકાએક ચિરવિદાયથી હાલ તુરત તો ઉમિયા-સંસ્થાન અને ગુજરાતનાં તેમજ અન્ય રાજ્યોના પાટીદાર સમાજો વચ્ચેની આ મજબૂત સંપર્ક કડી શિથિલ થઈ છે. આ સંપર્કકડી પુનઃ મજબૂત થાય એ માટે ભવિષ્યમાં એ બધાં સ્થળોએ દોડીને જાય એવા પ્રમુખ કે તેમની સાથે પડછાયાની જેમ રહી દોડે એવા સહયોગી કાર્યકરો ઉમિયા-સંસ્થાનને મળે ત્યારે ખરા. મા ઉમિયાના છત્ર નીચે ગુજરાતના અને અન્ય રાજ્યોના પાટીદારોને એક કરવાનું શેઠશ્રીનું અધૂરું રહેલું સ્વપ્ન પૂર્ણ કરવા માટે એ દિશામાં પ્રવૃત્ત થવાનો પડકાર ઝીલવા સક્રિય થવું પડશે.

અલબત, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા ૧૯૭૬માં ૧૮મી શતાબ્દી મહોત્સવ થયો તે અગાઉ ઘણાં વર્ષોથી ધરતી વિકાસ મંડળ, સામાજિક સુધારા-જાગૃતિ અને વિકાસની પ્રવૃત્તિઓ કરતી પાટીદારોની એક માત્ર અગ્રણી સામાજિક સંસ્થા તરીકે કાર્યરત હતી. એ મહોત્સવ પહેલાં શ્રી ઉમિયા મંદિરનો વહીવટ મુખ્યત્વે અમદાવાદના શ્રેષ્ઠીઓ દ્વારા થતો હોઈ શ્રી ઉમિયા સંસ્થાનના કાર્યકર્તાઓ અને 'ધરતી'ના કાર્યકર્તાઓ પરસ્પર સંપર્કમાં હતા. શતાબ્દી મહોત્સવ-૧૯૭૬ સંપન્ન થયા પછી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા સામાજિક સુધારા અને વિકાસની પ્રવૃત્તિઓ થવા લાગી એ વખતે સુધારાની ઘણી પ્રવૃત્તિઓ આ બન્ને સંસ્થાઓ સાથે રહીને કરતી હતી. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ અને દક્ષિણ ગુજરાતની સમાજયાત્રાઓ, ગોળપંચોની જોહુકમી સામેની ઝુંબેશો, સમૂહલગ્ન, ગૃહિણી તાલીમશિબિરો જેવી અનેક સુધારા-પ્રવૃત્તિઓ ધરતી વિકાસ મંડળ અને શ્રી ઉમિયા માતાજી સંસ્થાન પરસ્પર સહયોગથી થતી હતી. એ સમયે ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખ શ્રી કેશુભાઈ શેઠ 'ધરતી' સંસ્થાના ટ્રસ્ટી પણ હોવાથી તેઓશ્રી બન્ને સંસ્થાઓ વચ્ચેની એક મજબૂત કડીરૂપ હતા. શેઠશ્રીના નિધનથી અમારી સંસ્થાએ એમની મોટી હૂંફ ગુમાવી છે, તે સાથે આ બન્ને સંસ્થાઓની કડી ન રહેતાં અમે શ્રી ઉમિયા સંસ્થાનથી જાણે કે ઘડીભર વિખૂટા પડી ગયા હોઈએ એવી લાગણી અનુભવીએ એ સહજ છે.

શ્રી કેશુભાઈ શેઠને સારવાર માટે પ્રથમ અમદાવાદની આસ્થા હોસ્પિટલમાં અને પછીથી સ્ટર્લિંગ હૉસ્પિટલમાં દાખલ કરાયા ત્યારે અમારી સંસ્થાના ટ્રસ્ટી શ્રી માણેકલાલભાઈ, પ્રમુખ શ્રીમતી હંસાબહેન, શ્રી હર્ષદભાઈએ તેમની તબિયતની પૃચ્છા કરી હતી. હું પણ સ્ટર્લિંગ હૉસ્પિટલમાં તેમના સુપુત્ર શ્રી કૌશિકભાઈને મળ્યો હતો, અને તેમની તબિયતના સમાચાર પૂછ્યા હતા. એ વખતે તેમની સ્થિતિ ચિંતાજનક હતી.

બીજા દિવસે, તા. ૧૧મી એપ્રિલને સોમવારે તેઓશ્રી તેમના સિદ્ધપુર ખાતેના નિવાસસ્થાને દિવંગત થયાના સમાચાર મળતાં ધરતી સંસ્થાના સર્વ અગ્રણીઓ - ટ્રસ્ટીશ્રી માણેકલાલભાઈ, પ્રમુખ શ્રીમતી હંસાબહેન, ઉપપ્રમુખ શ્રી વાડીભાઈ, મંત્રી શ્રી દશરથભાઈ, સહમંત્રી શ્રી મુકુન્દભાઈ, મુ. શ્રી હર્ષદભાઈ, તંત્રી પ્રિ. સોમાભાઈ, પૂર્વમંત્રી શ્રી અંબાલાલ તેમજ અન્ય કાર્યકર્તાઓ સિદ્ધપુર પહોંચી ગયા હતા. સર્વેએ તેમના નિવાસસ્થાને દર્શનાર્થે રાખવામાં આવેલા સદ્ગતના પાર્થિવ દેહ પાસે બેસી અડધો કલાક સમૂહપ્રાર્થના અને ધૂન કરી હતી. ત્યાર બાદ સર્વેએ સદ્ગતના મૃતદેહને પુષ્પહાર દ્વારા ભાવભીની શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી.

બીજા દિવસે સવારે ૮-૦૦થી બપોરે ૨-૦૦ વાગ્યા સુધી સદ્ગતના પાર્થિવ દેહને ઊંઝા ખાતે શ્રી ઉમિયા માતાજી મંદિર પરિસરમાં જાહેર દર્શનાર્થે રાખવામાં આવ્યો હતો, ત્યારે સમગ્ર સૌરાષ્ટ્ર, કચ્છ સહિત અગ્રણીઓ અને સ્નેહીજનોએ સદ્ગતને શ્રદ્ધાંજલી અર્પી

હતી, જેમાં આ લખનારે પણ સંસ્થા વતી સદ્‌ગતને પુષ્પાંજલી અર્પી હતી. બપોરે ૧૨.૩૯ કલાકે સદ્‌ગતના પાર્થિવ દેહ પર હેલિકૉપ્ટર દ્વારા પુષ્પવૃષ્ટિ કરવામાં આવી ત્યારે મંડપમાં ઉપસ્થિત સર્વે મહાનુભાવોએ ઊભા થઈ પુષ્પાંજલી અર્પી હતી. બપોરે ૨-૦૦ વાગ્યે શ્રી ઉમિયા માતાજી પરિસરથી સદ્‌ગતની અંતિમ યાત્રા નીકળી હતી, જેમાં સંસ્થાના સર્વ હોદ્દેદારો કાર્યકર્તાઓ, બહારથી આવેલા મહાનુભાવો, શેઠશ્રીનાં સગાંસ્નેહીઓ તેમજ નગરજનો જોડાયા હતા. આ અંતિમયાત્રા ઊંઝાથી સિદ્ધપુર મુક્તિધામ પહોંચી હતી. સરસ્વતી નદીના તટે સદ્‌ગતના પાર્થિવ દેહને ચંદન-કાષ્ટની ચિતા પર મૂકવામાં આવ્યો હતો, જ્યાં શેઠશ્રીના પુત્રો-પૌત્રોએ બ્રાહ્મણોના મંત્રોચ્ચાર વચ્ચે અગ્નિદાહ આપતાં આ મહામાનવને પાર્થિવ દેહ પંચમહાભૂતમાં ભળી ગયો હતો.

બીજા દિવસે સવારે ૯-૦૦ વાગ્યે ઊંઝા ખાતે ઉમિયા મંદિરમાં શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યારે સાંજે ૫-૦૦ વાગ્યે અમદાવાદમાં શ્રી ઉમિયા કૅમ્પસ, સોલા ખાતે પણ શ્રદ્ધાંજલિ સભા યોજાઈ હતી, જેમાં ધરતી સંસ્થાના સર્વ અગ્રણીઓ અને કાર્યકર્તાઓએ હાજરી આપી હતી. શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના નિર્દેશ અનુસાર ધરતી સંસ્થાએ તા. ૧૯મી એપ્રિલે સાંજે ૫.૦૦થી ૭.૦૦ દરમિયાન પોતાના સભાખંડમાં પ્રાર્થના અને સ્મૃતિવંદનાનો કાર્યક્રમ યોજ્યો હતો, જેમાં 'ધરતી'ના વડીલ વૃંદાવનના સભ્યો દ્વારા સુંદર ભજનો-ગીતો અને ધૂન રજૂ કરીને સદ્‌ગતને શ્રદ્ધાંજલિ અર્પી હતી. આ પ્રાર્થનાસભામાં સંસ્થાના સર્વ હોદ્દેદારો, કારોબારી સભ્યો, કાર્યકર્તાઓ તેમજ શુભેચ્છકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આજકાલ ઘણી સામાજિક સંસ્થાઓમાં લાંબા સમય સુધી બેઠેલા અને એકચક્રી શાસન ભોગવતા ઘણા મહાનુભાવો કેટલાક સમય માટે સમાજમાં છવાઈ જતા જણાય છે, પણ જ્યારે તેઓ અંતિમ વિદાય લે છે ત્યારે તેઓને સ્મૃતિશેષ થતાં ઝાઝો સમય લાગતો નથી. પરંતુ શેઠશ્રી કેશુભાઈ વિશ્વંભરના કડવા પાટીદારોની કુળદેવી મા ઉમિયાના આદ્યસ્થાનક ઊંઝાની કેન્દ્રીય અને સર્વોચ્ચ સંસ્થાના પ્રમુખ તરીકે ખાસ્સા સાડા ત્રણ દાયકા જેટલા લાંબા સમય સુધી જે રીતે રહ્યા અને જે અભૂતપૂર્વ કાર્યો કર્યાં તે જોતાં તેઓ ઘણા-ઘણા લાંબા કાળ સુધી લોકમાનસમાંથી સ્મૃતિશેષ થવાના નથી.

શું છે રહસ્ય એમની આ અનન્ય ચિરસ્થાયી પ્રતિભાનું ?

સ્વ. શેઠશ્રીની બહુ આયામી પ્રતિભા વિશે લખવા જોઈએ તો ઘણું ઘણું લખી શકાય; અને તોયે આ સદાય શાંત, સ્વસ્થ્ય, નિરહંકારી મહાત્માના યથાર્થ વ્યક્તિત્વને પ્રગટ કરવામાં શબ્દો કદાચ ઓછા પડે. એ મારું સદ્‌ભાગ્ય હતું કે છેલ્લાં દસ-બાર વર્ષ દરમિયાન એમની સાથે અનેક વાર સૌરાષ્ટ્ર-કચ્છ, દક્ષિણ ગુજરાત, ઉપરાંત મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન પ્રવાસમાં જવાનું થયેલું. આ સહયાત્રા દરમિયાન એમની બહુ આયામી પ્રતિભાનો અને એમના ઉચ્ચ આધ્યાત્મિક વ્યક્તિત્વનો નજીકથી પરિચય થયેલો. એમના આ પાસા વિશે અલગ લેખ લખવો પડે. આથી હાલ તો અહીં એમના વિશે વિશેષ લખવાનું ટાળું છું. અલબત્ત, આ અંકમાં એમની સાથે રહેલા બીજા લેખકો એ પણ એમના વિશે લખ્યું છે તેમાં આ સર્વજનપ્રિય સમાજસેવક શિરોમણિની ચિરસ્થાયી રહેવા સર્જાયેલી બહુમુખી પ્રતિભાનો આલેખ અવશ્ય મળી રહેશે.

છેલ્લે, આ પવિત્ર આત્માને કવિ ન્હાનાલાલની પંક્તિઓથી હૃદયની સ્મરણાંજલિ અર્પીએ :

"શાં-શાં સંભારુને પૂજું શી-શી વિભૂતિઓ,
પુણ્યાત્માનાં ઊંડાણો તો આભ જેવાં અગાધ છે."

**૧, રચના સોસાયટી,**
**સેટેલાઇટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫.**
**ફોન : (૦૭૯) ૨૬૭૪૩૯૬૩**

# 'ધરતી'ના દૃષ્ટિવંત ટ્રસ્ટી શ્રી કેશવલાલ શેઠ

-- માણેકલાલ દી. પટેલ (ટ્રસ્ટી : ધરતી વિકાસ મંડળ)

'ધરતી' માસિકના સ્થાપક તંત્રી શ્રી ચન્દ્રવદન લશ્કરીનું તા. ૮-૭-૭૬ના રોજ દુઃખદ અવસાન થતાં શેઠશ્રી કેશુભાઈ પટેલની નવેમ્બર ૧૯૭૬માં 'ધરતી'ના ટ્રસ્ટીમંડળમાં વરણી થઈ. તે વખતે ધરતી પ્રકાશનમંડળ કાર્યરત હતું. 'ધરતી પ્રકાશનમંડળ' ઑગસ્ટ, ૧૯૭૦માં અસ્તિત્વમાં આવેલું અને તેના પ્રથમ પ્રમુખ શ્રી નાથાલાલ ના. દેસાઈ હતા, અને તે વખતે પ્રથમ વાર જ આ સંસ્થાનું ટ્રસ્ટીમંડળ નિમાયું હતું, જેમાં ટ્રસ્ટીઓ તરીકે (૧) શ્રી ચન્દ્રવદન લશ્કરી (૨) શ્રી ધરમચંદ ચોકસી (૩) શ્રી જોઈતારામ પટેલ (૪) શ્રી રામભાઈ એન. પટેલ અને (૫) શ્રી ભૂરાભાઈ પટેલ હતા.



'ધરતી'ના ટ્રસ્ટી થયા એ પહેલાં શેઠશ્રી કેશુભાઈ ધરતીની એક મિટિંગમાં આવ્યા હતા. તેઓએ એ વખતની સંસ્થાની પરિસ્થિતિનો અભ્યાસ કરી 'ધરતી'ના ગ્રાહકો વધારવાની વાત કરેલી અને આ કાર્ય માટે શ્રી બાબુભાઈ નાયકને કામ સોંપવા જણાવેલું. આ માટે આર્થિક સહયોગ પણ આપવાનું તેમણે વચન આપ્યું. સાથે-સાથે આ કાર્ય માટે તેમને સારું મહેનતાણું આપવાનું પણ સૂચન કર્યું. શેઠશ્રીના સૂચન મુજબ સંસ્થાએ શ્રી બાબુભાઈ નાયકને 'ધરતી'ના ગ્રાહકો નોંધવાનું કામ સોંપેલું અને શ્રી બાબુભાઈએ જીવ્યા ત્યાં સુધી 'ધરતી'ના પ્રચાર-પ્રસારનો ભાર ખૂબ નિષ્ઠાપૂર્વક નિભાવેલો. શ્રી કેશુભાઈ શેઠની 'ધરતી'ની સૌથી પહેલી સહાય અને સલાહથી એ વખતે 'ધરતી'ને એક મોટું બળ મળ્યું હતું. એ વખતે 'ધરતી'ને પોતાનું મકાન ન હતું. શ્રી બાબુભાઈ નાયક પ્રચાર વખતે જાહેરમાં કહે કે 'ધરતી' માસિક જુવાન થયું છે. તેને માટે રહેવા ઘર નથી. આટલા મોટા પાટીદાર સમાજ માટે આ એક શરમજનક બાબત હતી.

શ્રી કેશુભાઈ શેઠના ટ્રસ્ટી થયા પછી સંસ્થાના હોદ્દેદારો સાથે શ્રી પ્રભાતકુમાર દેસાઈને મનદુઃખ થયું. આ વાત કારોબારીમાં ચર્ચાવા લાગી. હું કારોબારીનો સભ્ય હતો. આ વાત વધુ વણસે, તો સંસ્થાને નુકસાન થાય, માટે મેં શ્રી કેશુભાઈ સાથે સિદ્ધપુર વાત કરી. તેઓ કારોબારીની મિટિંગમાં આવ્યા. આ પ્રશ્નની ચર્ચા થાય એ પહેલાં જ તેમણે આ વાતનો ઉકેલ આણ્યો અને કાર્યકર્તાઓનું મનદુઃખ દૂર કર્યું.

'ધરતી'ના કાર્યકરો 'ધરતી'નું મકાન બને તેવું હૃદયપૂર્વક ઇચ્છતા હતા અને એ માટે ખૂબ પ્રયત્નશીલ પણ હતા, પરંતુ તેનું પરિણામ આવતું નહિ. જુદી-જુદી વિચારસરણીને કારણે તેમાં અનેક પ્રશ્નો ઊભા થતા.

પ્રતિમાપાર્ક સોસાયટીમાં ત્રણ પ્લૉટ સંસ્થા માટે શ્રી કેશુભાઈને બતાવ્યા, ત્યારે તેમણે આ પ્લૉટોનો અભ્યાસ કરવા કહ્યું. મ્યુનિસિપાલિટીમાં તેની તપાસ કરવાનું કહ્યું. તેમણે વિશેષ વાત એ કરી કે આ કામ એક જ વ્યક્તિને સોંપવું અને તેનો અભ્યાસ કરી, મ્યુનિસિપાલિટીના સંબંધિત અધિકારી પાસેથી માહિતી મેળવવી, પછી જ આ કામમાં આગળ વધવું. એ વખતે તેઓએ અનેક મતમતાંતરો વચ્ચે મજબૂત રહીને આ કાર્યમાં સંસ્થાને યોગ્ય માર્ગદર્શન આપ્યું. એમનાં સલાહસૂચનોથી આ કાર્ય ઝડપથી સીધું પાર ઊતર્યું, તેમજ આર્થિક સહયોગ પણ તેમણે આપ્યો. આ બધું સને ૧૯૮૯ની સાલમાં થયું; અને એ પછી એક જ વર્ષમાં સને ૧૯૯૦માં સંસ્થાનું મકાન તૈયાર થઈ ગયું. શેઠશ્રી સદાય સંસ્થાના હિતચિંતક અને માર્ગદર્શક રહ્યા છે. તેમની દોરવણી હંમેશાં સંસ્થાના હિતમાં જ હોય.

'ધરતી' સંસ્થાના બીજા મકાનની જમીન ખરીદવાની વાત થઈ, ત્યારે પણ તેમની સલાહ ખૂબ જ માર્ગદર્શક રહી હતી. આ જમીનમાં એક જ નંબરના બે ભાગીદારો હતા. જો બીજો ભાગીદાર પ્લાન પાસ કરતી વખતે સહી ન કરે, તો પ્લાન પાસ થાય નહિ. આ કારણે જમીન ખરીદવાની સલાહ સંસ્થાના એન્જિનિયરો આપતા નહિ. એ વખતે શેઠની સલાહ મેળવી અને એમના માર્ગદર્શન મુજબ કરવાથી આ કામ સરળતાથી પાર પડ્યું.

શ્રી ઉમિયા માતાજી જ્યોતિરથ અમદાવાદમાં

ફેરવવા માટે કાર્યકર્તાઓની મિટિંગ સોલા કૅમ્પસમાં બોલાવવામાં આવી. તેમાં કન્વીનરોની નિમણૂક કરવામાં આવી. એ પછી શેઠે મને બાજુમાં બોલાવી કહ્યું, "આ કામ 'ધરતી'એ કરવાનું છે. તમારે આમાં આગેવાની લેવાની છે અને અમદાવાદમાંથી એક કરોડ રૂપિયા ભેગા કરવાના છે. આ કામ તમે વિશ્વાસપૂર્વક ઉપાડી લેજો. મા તમને સઘળી સહાય કરશે. તેમની આજ્ઞાનું મેં પ્રેમપૂર્વક પાલન કર્યું અને એ કામ ધરતી વિકાસ મંડળે સૌ કાર્યકરોના સહકારથી સારી રીતે પાર પાડ્યું. તેમજ તેમની ઇચ્છા મુજબ ભંડોળ પણ એકત્ર થયું."

'ધરતી' સંસ્થાના પ્રમુખ શેઠશ્રી લક્ષ્મીકાંતભાઈનું અવસાન થતાં પ્રમુખપદે કોને નીમવા તેની ચર્ચા શરૂ થઈ. આ દરમિયાન સોલા ભાગવત વિદ્યાપીઠમાં એક કાર્યક્રમ હતો, જેમાં શેઠશ્રી કેશુભાઈ પણ ઉપસ્થિત હતા. એમણે આ પદ માટે મારા નામ અંગે વિચાર કરવા સૌને અનુરોધ કર્યો. પરંતુ મેં એમની આ લાગણી હોવા છતાં 'ધરતી' સંસ્થાના હિતમાં ન લાગવાથી મારા નિર્ણયમાં મક્કમ રહી સવિનય ના પાડી. મેં શ્રી કેશુભાઈને કહ્યું કે ઊંઝા જઈ, શ્રી મણિભાઈ-'મમ્મી' અને શ્રી વિક્રમભાઈ જોડે ચર્ચા કરી આ અંગે નિર્ણય કરજો. ઊંઝા ગયા પછી, ને આ બંને કાર્યકરો સાથે વિચાર-વિમર્શ કર્યા પછી પ્રમુખપદ માટે એ વખતના ચાલુ ઉપપ્રમુખનું નામ એમણે સ્વીકાર્યું. આમ, એમણે સંસ્થાના હિતમાં યોગ્ય નિર્ણય લઈ પોતાની મોટાઈ અને શાણપણ બતાવ્યું હતું.

શ્રી હર્ષદભાઈનું પ્રમુખપદેથી રાજીનામું આવતાં જનરલ મિટિંગમાં ઊંઝામાંથી કાર્યકરોએ આવીને મારા નામની દરખાસ્ત મૂકી અને મને સર્વાનુમતે પ્રમુખપદે નીમ્યો. આમ, સતત ચાર વર્ષ મેં પ્રમુખપદે રહી ધરતી સંસ્થાનની સેવા કરી. ત્યાર બાદ મેં પ્રમુખપદનું ફરી રિન્યુઅલ આવવાનું હતું, તે પહેલાં મેં શેઠશ્રીને નવા વર્ષથી હું પ્રમુખપદે રહીશ નહિ એ અંગે છ માસ પહેલેથી વાત કરી હતી. શેઠશ્રીએ આ અંગે ફેરવિચારણા કરવા મારી ત્રણેક વાર મુલાકાત લીધી હતી. તેમણે કહ્યું કે જો કારોબારી સર્વાનુમતે તમારી ભલામણ કરે, તો તમે આ પદે ચાલુ રહો એવી મારી લાગણી છે, છતાં મેં સંસ્થાના હિત ખાતર સવિનય ના પાડી હતી. એ અંગે જરૂરી વાત મેં એમને સમજાવી અને તેઓ પણ મારી વાત સાથે સંમત થયા.

શેઠશ્રીને મારા પ્રત્યે અંગત લાગણી તથા સમાજનું કામ કરતો હોવાથી ઊંઝાની કારોબારીમાં મારી પૂર્વસંમતિ મળશે જ, એવી શ્રદ્ધા સાથે મને કારોબારીનો સભ્ય બનાવ્યો હતો. આ કારોબારીમાં એ જ સભ્ય થઈ શકે છે કે જે આજીવન સભ્ય હોય. ઊંઝા કાર્યાલયે મને તે સમયે આજીવન સભ્યપદ માટેની રકમ મોકલવા કહ્યું. ત્યારે મેં જણાવ્યું હતું કે ઊંઝા માતાજીના વંશપરંપરાગતની યાદીમાં મારું નામ જુઓ. હું તે પ્રકારનો સભ્ય છું જ. જો એમાં નામ ન હોય, તો આજીવન સભ્યપદ માટેની રકમ મોકલી આપું. પરંતુ વંશપરંપરાગતની યાદીમાં મારું નામ મળ્યું. તેથી મારે આજીવન સભ્ય થવાની જરૂર ન રહી.

શેઠશ્રીએ ઉમિયા કૅમ્પસ, અમદાવાદની કારોબારીમાં પણ મારો સમાવેશ કર્યો હતો. ઉચ્ચશિક્ષણ સહાય-સમિતિ ભંડોળ એકઠું કરવા અમદાવાદમાં પણ સંસ્થાએ મારો સહયોગ લીધો હતો. આને લીધે આ સમિતિમાં પણ ઉપપ્રમુખ તરીકે શેઠશ્રીએ મારી નિમણૂક કરી. આમ, શેઠશ્રીએ મારા પ્રત્યે જે લાગણી દર્શાવી છે, એ માટે એમની દૃષ્ટિને હું સલામ કરું છું.

શેઠની માંદગીના સમાચાર મને મળ્યા, ત્યારે રવિવારે હું, હર્ષદભાઈ, હંસાબહેન વગેરે સ્ટર્લિંગ હૉસ્પિટલમાં જવા તૈયાર થયાં. જતાં પહેલાં અમે હૉસ્પિટલમાં ફોન કર્યો, ત્યારે અમને સમાચાર મળ્યા કે બે કલાક પહેલાં જ શેઠશ્રીને સિદ્ધપુર લઈ જવામાં આવ્યા છે. સોમવારે સવારે અમે નક્કી કર્યું કે સિદ્ધપુર ખબર કાઢવા જવું, ત્યાં જ આઘાતજનક સમાચાર મળ્યા કે શેઠશ્રીનો પવિત્ર આત્મા સોમવારે સવારે આઠ વાગ્યે પરલોકની યાત્રાએ સિધાવ્યો હતો ને પછી બપોરે બાર વાગ્યે નીકળી અમે સર્વ કાર્યકરોની સિદ્ધપુર અઢી વાગ્યે પહોંચ્યા, ત્યાં એમના પાર્થિવદેહનાં અંતિમ કર્યા તથા તેમના સાંનિધ્યમાં બેસી પ્રાર્થના કરી તથા શ્રદ્ધાંજલિ આપી.

'ધરતી'માં ટ્રસ્ટી તરીકે શરૂઆતથી સતત ૩૫ વર્ષ સેવાઓ આપી. જેમણે સમાજ માટે આજીવન પાછું જોયા વગર સતત સેવા કરી છે, એવા પરમ આત્માને પ્રભુએ શાંતિ આપી જ હશે, એવી શ્રદ્ધા સાથે હું વિરમું છું આ પ્રસંગે એમનાં પરિવારજનોને પ્રભુ આ આઘાત જીરવવાની શક્તિ અર્પે એવી પ્રાર્થના.

# શેઠશ્રી કેશુભાઈના નેજા હેઠળ
# ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા અનેક ક્ષેત્રોમાં ઉત્કર્ષ થયો

-- અનિલભાઈ પટેલ (ધારાસભ્ય અને પૂર્વ-ઉદ્યોગમંત્રી)

કેશવલાલ શેઠ માત્ર પાટીદાર સમુદાયના અગ્રણી નહોતા, તેઓ તો સમગ્ર સમાજના અગ્રણી હતા અને તેમણે સમાજના સશક્તિકરણને પોતાનો જીવનમંત્ર બનાવ્યો હતો. તેઓ ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાના પ્રમુખ હતા. તેઓ દીર્ઘદ્રષ્ટા હતા અને આજીવન સમાજપ્રેમી વ્યક્તિ તરીકે તેઓ અનેરું જીવન જીવી ગયા છે. છેલ્લાં ૩૫ વર્ષથી તેઓ ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખ હતા. તેમની દીર્ઘકાલીન સેવાઓની અસર પાટીદાર સમાજ પર અને અન્ય સમાજ પર પણ પડી હતી. તેઓ વ્યાપક અને ઉદાર અભિગમ ધરાવતા હતા. તેમણે પાટીદાર તથા અન્ય સમાજોમાં સામાજિક અને સ્વૈચ્છિક જાગૃતિ લાવવા માટે જે કામગીરી કરી છે, તે પ્રેરણારૂપ બની રહેશે.



તેમણે પોતાના કાર્યકાળ દરમિયાન ઉમિયા માતાજી સંસ્થાનને કોઈ એક ધાર્મિક સંસ્થાન તરીકે જોયું નહોતું. તેમણે તો ધાર્મિક સંસ્થાના માધ્યમ દ્વારા સમગ્ર પાટીદાર સમાજને સામાજિક, શૈક્ષણિક અને ધાર્મિક વિકાસ માટે અભિમુખ કર્યો. તેમના સાડા ત્રણ દાયકાના નેતૃત્વ દરમિયાન પાટીદાર સમાજે અનેક ક્ષેત્રોમાં માતબર કામગીરી કરી. આ માટે તેમણે અનેક નવા-નવા આયામો શરૂ કર્યા હતા.

મૂળ તેમનું ધ્યેય સમાજનું સશક્તિકરણ કરવાનું હતું. તેઓ ખૂબજ વ્યાવહારિક અને સૂક્ષ્મ દ્રષ્ટિબિંદુ ધરાવતા હતા. સમાજનું સશક્તિકરણ કરવા માટે તેમણે માતૃશક્તિનું અને યુવાશક્તિનું સશક્તિકરણ કર્યું. તેમણે અનેક નવતર અને મૌલિક કાર્યક્રમો આપ્યા. ખાસ કરીને વિધવા-ત્યક્તા બહેનોને સહાય આપવી, સમૂહલગ્નોનો વ્યાપ વધારવો, ઓછા ખર્ચે લગ્ન-સમારંભો કરવા, કન્યા-કેળવણી માટે સહાય આપવી, આવી તો અનેક યોજનાઓ તેમણે અમલમાં મૂકી. યોજનાઓ વિચારવી અને તેને સફળ કરવી એ બન્નેમાં ફરક છે. તેમણે જે-જે યોજનાઓ વિચારી તેને ખૂબ જ સફળતા મળી. યુવા સશક્તિકરણ માટે અને શૈક્ષણિક જરૂરિયાતો માટે તેમણે જુદી-જુદી જગ્યાએ છાત્રાલયો બનાવ્યાં અને વિદ્યાર્થીઓને ઉચ્ચશિક્ષણ માટે લોન આપવા જેવી યોજનાઓ સફળ રીતે ચલાવી.

તમે તેમનાં કેટલાં કાર્યોને યાદ કરો ? પાટીદારો મોટી સંખ્યામાં ગામડાંઓમાં વસે છે. ગામડાંઓમાં વસતા પાટીદારોને વિકાસના પથ પર લઈ જવા માટે ઘણા પ્રયત્નો કર્યા હતા. ખેડૂત પરિવારનાં બાળકો માટે ખાસ પ્રયત્નો કર્યા હતા.

તેમણે, ઉમિયા જ્યોતિરથના ઉપક્રમ દ્વારા ગામડે-ગામડે સામાજિક, શૈક્ષણિક અને ધાર્મિક ક્ષેત્રે ઉત્કર્ષ લાવવાનું કામ કર્યું. અનેક વર્ગોને તેમણે ઉપર ઉઠાવ્યા. જે વર્ગ પાછળ હતા, તેમને આગળ લઈ આવ્યા.

તેઓ માત્ર પાટીદાર સમાજના અગ્રણી નહોતા. તેમનાં કાર્યોની પ્રેરણા લઈને અન્ય સમાજોએ પણ

પ્રગતિ કરી છે. ખાસ કરીને ઠાકોર સમાજ તથા વાલ્મીકિ સમાજમાં જે અભિયાન ચાલતાં હતાં, તેમાં તેમણે હૂંફ અને પ્રેરણા આપી હતી. સંસ્થાનની કાર્યવાહીને માત્ર ગુજરાત પૂરતી મર્યાદિત ન રાખતાં, તેમણે મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ - જ્યાં-જ્યાં કૂર્મી પાટીદારો વસે છે, ત્યાં-ત્યાં તેમણે દરેક ક્ષેત્રે ઉત્કર્ષ થાય તેવી પ્રવૃત્તિઓ કરી. જ્યાં જરૂર હતી ત્યાં શિક્ષણના ક્ષેત્રે ખાસ યોજનાઓ કરી.

દરિયાપુરના ગુજરાતીઓ અને પાટીદારોને એક-તાંતણે બાંધવા માટે પણ તેમણે ઘણા પ્રયત્નો કર્યા હતા, જેમાં તેમને સફળતા પણ મળી હતી. તેમની પાસે દીર્ઘ-દૃષ્ટિ હતી. એક ધાર્મિક સંસ્થાનને તેમણે વ્યાપ પણ આપ્યો અને ઊંડાણ પણ આપ્યું. એક ધાર્મિક સંસ્થાના નેજા હેઠળ તેમણે સામાજિક અને શૈક્ષણિક ઉત્કર્ષની મોટી કામગીરી કરી. સમાજના યુવાવર્ગનો સરવાળો કરીને સમગ્ર સમાજની તથા દેશની પ્રગતિની દિશામાં તેમણે જે સફળ કાર્યવાહી કરી છે, તે પ્રેરણાદાયી છે. તેઓ જીવંત હતા ત્યારે જ તેમણે મને કાર્યકારી પ્રમુખ તરીકે જવાબદારી સોંપી હતી. તેમણે જે અભિગમથી કામગીરી કરી છે, તેને સાચવીને, તેનું જતન અને સંવર્ધન કરીને આગળ વધવું એ તેમને મોટી શ્રદ્ધાંજલિ ગણાશે. આગામી સમયમાં સંસ્થાન દ્વારા વિવિધ પ્રકારે એવાં આયોજનો કરવામાં આવશે, જેથી સામાજિક અને શૈક્ષણિક ઉત્કર્ષની પ્રવૃત્તિઓ સતત આગળ વધતી રહે.

*(શબ્દાંકન : રમેશ તન્ના*
*રેસિડેન્ટ એડિટર, 'ગુજરાત ટાઈમ્સ')*

**[લેખક મહેસાણા વિસ્તારના ધારાસભ્ય, પૂર્વ-ઉદ્યોગમંત્રી અને ગણપત યુનિવર્સિટીના સ્થાપક અને વાહક છે. ઉમિયા માતાજી સંસ્થાનના ઉપપ્રમુખ, હાલમાં કાર્યકારી પ્રમુખની પણ જવાબદારી સંભાળે છે.]**


ESTD 1977
32 SUPERLATIVE YEARS

P. C. Snehal Construction Co.

**Snehal M. Patel**
B.E. (Civil), F.I.E. (Chartered Engineer)
Mobile : 98240 56964, 93779 71236

**Chirag M. Patel**
B. E. (Civil), F.I.E. (Chartered Engineer)
FGICEA, MICI(I), PMBAI, MGCA
Mobile : 98240 14478, 93777 51236

**Our Expertises as class "AA" Government Contractor is in the Field of :**

- Building, Township & Industrial Project.
- Pipeline Networking for township (M.S., D.I., PVC and GRP Pipes).
- Construction of Overhead & Underground RCC Tank.
- Drainage Pumping Station, RCC Duct & other allied works related to drainage Project.
- Pile Foundation & Well Sinking
- Pushing of Pipes & R.C.C. Box under Railway Track & Highway.
- Bridges-RCC Pre-Cast Prestressed Concrete, Steel Bridge.
- Radial Collector Well (French Well), Intake Well.
- Steel Structures - Fabrication erection & Launching and lifting.
- Repairs, Retrofitting & Re-Strengthening of RCC members.
- De-watering by Well Point System in heavy sub Soil Condition.

**Registered Office**
9th Floor, City Centre,
Near Swastik Char Rasta,
C. G. Road, Navrangpura,
Ahmedabad - 380 009 (Gujarat)
Phone : (079) 30022236

**Corporate Office**
Pravesh Appt., Mahadevnagar Society,
Nr. Sardar Patel Statue,
Stadium Road, Naranpura,
Ahmedabad - 380 014. (Gujarat)
Phone : (079) 26440618, Fax : 26430464

pcsnehal@yahoo.com Web : www.pcsnehal.com pcsnehal@pcsnehal.com

"Committed to Quality Construction"

# શ્રી કેશુભાઈ શેઠ : એક વિરલ વ્યક્તિત્વ

-- મણિભાઈ ઈ. પટેલ - મમ્મી (ઊંઝા)

વિશ્વના કડવા પાટીદારના ઈતિહાસમાં અભ્યાસ કરીએ, તો શ્રી ઉમિયા માતાજી કડવા પાટીદારના કુળદેવી હોવાથી હજારો વર્ષોથી મા ઉમિયાનાં કમાડ ખૂલે અને ત્યારે ૧૦,૧૧ કે ૧૨ સમગ્ર કડવા પાટીદાર સમાજમાં એક જ તિથિએ લગ્ન થતાં, જે 'બંધુકાવિવાહ' તરીકે ઓળખાતાં. આ રીતે બાર વર્ષ વિવાહ થતા, જે પ્રથા હજારો વર્ષોથી ચાલી આવતી હતી. આ પ્રથાના કારણે કુળદેવી મા ઉમિયાના માધ્યમથી સમાજ સંગઠિત રહ્યો.

સમયે-સમયે આ સમાજમાં એવા પુરુષો જન્મ્યા કે જેમણે આ સમાજને સબળ નેતૃત્વ પૂરું પાડ્યું. આ સમાજને કેળવણીકારો, સામાજિક સુધારકો, ઉદ્યોગપતિઓ, ઉત્તમ કૃષિકારો મળ્યા. કેળવણી આવ્યા પછી મોટા ઉદ્યોગપતિઓ, શિક્ષણકારો, વકીલો, ડૉક્ટરો, એન્જિનિયરો, વિદ્વાનોએ પણ આ સમાજને યોગ્ય દોરવણી આપી છે. કુળદેવી મા ઉમિયાના માધ્યમથી આ સમાજને આજ સુધી સંગઠિત રાખી શકય છીએ. આ મંદિરનો વહીવટ ઊંઝાના પાટીદારોએ હજારો વર્ષ સુધી ઘર દીઠ અનાજ, પા શેરો (પા શેર ઘી) આપી આ મંદિરનો નિભાવ કર્યો છે. જે વખતે પાટીદાર સમાજ પાસે રોકડ નાણું ન હતું, તે સમયે માલના રૂપમાં આપી સંસ્થાને નિભાવી છે. આ સંસ્થાનો વહીવટ અમદાવાદ શહેરના સમાજ માટે ઘસાઈને ઊજળા થવાની ભાવનાવાળા સ્વ. શ્રી બેચરદાસ શેઠ-લશ્કરી પરિવાર, શ્રી મફતલાલ ગગલદાસ પરિવાર, શ્રી નંદુલાલ મંછારામ પરિવાર, શ્રી લક્ષ્મીકાંત ભગુભાઈ, શ્રી મારફતિયા પરિવાર, પાટડી દરબારસાહેબ પરિવાર જેવા શ્રેષ્ઠીઓએ આવી સંભાળ્યો છે.



સને ૧૯૭૬ સુધીનો વહીવટ અમદાવાદના શ્રેષ્ઠીઓ મારફતે થતો હતો. તે સમયે સહમંત્રી તરીકે ઊંઝામાંથી સ્વ. શ્રી ઈશ્વરલાલ પ્રાણદાસ પટેલ (મણિભાઈ - મમ્મીના પિતાશ્રી) વર્ષો સુધી રહેલા. સં. ૨૦૩૩માં આપણો ૧૮મી શતાબ્દી-મહોત્સવ ભારે ધામધૂમપૂર્વક ઊજવાયો.

આ મહોત્સવની ઉજવણી વખતે પ્રમુખ શેઠશ્રી કેશુભાઈનો એક આગવો દબદબો હતો. તે વખતે તેમની ૫૫ વર્ષની ઉંમર, યુવાનીનો તરવરાટ, ઊંઝાના વેપારીઓમાં ઈસબગુલના મોટા એક્સપોર્ટર તરીકે સન્માનનીય અને આદરણીય વ્યક્તિ તરીકેનું આગવું માન-સન્માન હતું. આ મહોત્સવની તૈયારી કરવા માટે સિદ્ધપુરથી નિયમિત સમયસર ઊંઝા આવી જતા અને દરેક કમિટીઓના હોદ્દેદારો, સભ્યો સાથે, સ્વયંસેવકો સાથે આત્મીય રીતે મળી દરેક કમિટીની કાર્યવાહી સમજાવી અને જરૂરી માર્ગદર્શન આપતા. મહોત્સવનો પ્રથમ અનુભવ હોવા છતાં દરેક કમિટી પોતપોતાની રીતે શ્રેષ્ઠ કામગીરી કરવા માટે સતત પ્રયત્નશીલ રહેતી. આખા મહોત્સવમાં શેઠશ્રી કેશુભાઈની એક આગવી ભૂમિકા રહી. એ સૌને ભાવતા. સૌને સાથે લઈને ચાલવાની, નાનામાં નાના કાર્યકરની સારસંભાળ લેવાની તેમની આગવી સૂઝબૂઝ હતી, તેના કારણે આવડા મોટા મહોત્સવમાં કોઈ કાર્યકર્તાઓ વચ્ચે કે આગેવાનો વચ્ચે જરા પણ મતભેદ પડ્યા નહોતા. મહોત્સવ ધાર્યા કરતાં વધુ સફળ રહ્યો. મહોત્સવ દરમિયાન ગુજરાતનો વિસ્તૃત પ્રવાસ કરવાનું બન્યું. તેથી તેમનો લોકસંપર્ક વધ્યો. મહોત્સવ પછી તેમની દીર્ઘદ્રષ્ટિના કારણે આ મંદિર કડવા પાટીદારોની અંગત

માલિકીનું હોવાથી આ મંદિર દ્વારા આ સમાજનો આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને ધાર્મિક વિકાસ કેમ થાય તેનો અભ્યાસ કર્યો, તો આ મંદિરના ટ્રસ્ટના બંધારણમાં ઉદ્દેશ જે હતો, તે મર્યાદિત હોઈ તેમાં સુધારો કરી ચૅરિટી કમિશ્નર પાસે મંજૂર કરાવી સમાજના વિકાસ માટેની પ્રવૃત્તિઓ શરૂ કરવાનું નક્કી કર્યું. મહોત્સવ પહેલાં આ સંસ્થાનો વહીવટ એક સામાન્ય ઓરડીમાં બેસી થતો હતો. રહેવા-જમાવાની કોઈ ખાસ વ્યવસ્થા ન હોતી, તેથી સૌપ્રથમ સંસ્થાનું સારું કાર્યાલય, આવનાર યાત્રાળુઓ માટે સમયને અનુરૂપ આધુનિક વિશ્રાંતિગૃહ અને ભોજનાલય બનાવવાનું નક્કી થયું. તે પછી જેમજેમ આવક વધતી ગઈ, તેમ સમાજના વિકાસ માટેની અને મંદિર પરિસર અને માનસરોવરના સુધારાની કામગીરી શરૂ થઈ. કેશુભાઈ શેઠ માટે હું એમ કહી શકું કે તેમની ઉદાર ભાવના અને કોઈ પણ સારી વાતમાં કદી પણ નકારાત્મક વલણ તેમણે દાખવ્યું નથી. આ તેમનો એક મહાન સદ્‌ગુણ હતો. સમાજના સંપર્ક માટે સૌરાષ્ટ્ર, કચ્છ, મધ્યપ્રદેશની સમાજયાત્રાઓ કરવા માટે આર્થિક સહયોગ આપી આ પ્રવૃત્તિઓ શરૂ કરાઈ. મધ્યપ્રદેશના પાટીદારો સાથે વિશાળ પ્રવાસ ખેડી ત્યાંના સમાજમાં સમૂહલગ્નો, કેળવણી, રાજકીય જાગૃતિ, ધાર્મિક સદ્‌ભાવના, કૃષિવિકાસ અને અન્ય કુરિવાજોની નાબૂદી માટે સતત પ્રયત્નશીલ રહ્યા. તેમની આ બધી પ્રવૃત્તિઓમાં શ્રી મણિભાઈ-મમ્મી, શ્રી મણિલાલ-ઘંટી, શ્રી માધુભાઈ, શ્રી વિક્રમભાઈ જેવા અનેક આગેવાનો અને કાર્યકરોએ સતત તેમની સાથે રહી સાથ-સહકાર આપ્યો છે.

શ્રી કેશુભાઈ શેઠ એક એવું વ્યક્તિત્વ હતું કે તેઓ જે કોઈ સંસ્થામાં જોડાય એ સંસ્થા આર્થિક રીતે બહુ સધ્ધર બની જતી. લાયન્સ હૉસ્પિટલ-મહેસાણા, સર્વ વિદ્યાલય-કડી, ગણપત યુનિવર્સિટી-ખેરવા, સુરત ઉમિયા-ધામ, ઉમા કન્યા છાત્રાલય-મહેશ્વર (મધ્યપ્રદેશ), રાઉ રંગવાસ ઉમિયાધામ ઇંદોર (મધ્યપ્રદેશ), કરોંદિયા ઉમિયામાતા મંદિર (મ.પ્ર.), સાગવાડા, ડુંગરપુર (રાજસ્થાન)નાં છાત્રાલયો, મોતીભાઈ ચૌધરી ફાઉન્ડેશન - મહેસાણા, પાટણ, વિસનગર, કાંસા, ધરતી વિકાસ મંડળ - અમદાવાદ, વિશ્વ પાટીદાર ઉમિયા પરિવાર - અમદાવાદ, ઉમા પરિવાર છાત્રાલય - ખેરવા જેવી અનેક સંસ્થાઓના એ રાહબર અને દાનવીર હતા. તેમની દીર્ઘદ્રષ્ટિના કારણે તેઓ આ સંસ્થાઓને પહેલાં જમીન વધારે લેવાની સલાહ આપતા અને તેનો આગ્રહ રાખતા. કેશુભાઈ શેઠની ભાવના ફક્ત કડવા પાટીદાર સમાજ પૂરતી નહોતી, મનુષ્યમાત્રનું કલ્યાણ કેમ થાય તે માટે તેઓ સતત ચિંતનશીલ હતા. સમસ્ત પાટીદાર સમાજ કડવા-લેઉવાનું સંગઠન મજબૂત બને તેવું વિચારતા. આપણા સમાજના વહીવંચા, બારોટ, નાયક આપણી અઢારે વણ કે જે ખેતી સાથે સંકળાયેલ છે, તે બધાનો વિકાસ અને કલ્યાણ થાય તેવી તેમની દૃષ્ટિ હતી. તેનું શ્રેષ્ઠ ઉદાહરણ આપું, તો એક વખતે મને કહ્યું કે મણિભાઈ, આપણા વાલ્મીકિ સમાજનાં સમૂહલગ્ન ગુજરાતમાં થતાં નથી, તો આપણે કરવાં જોઈએ, કારણ કે તેમને મંડપ, ગાદલાં, ગોદડાં, વાસણ વગેરે અન્ય સામગ્રી મેળવવી મુશ્કેલ હોય છે. આ બાબતમાં આપણે તેમનો વિચાર કરી ઊંઝાના પદ્મભૂષણ શ્રી ઈશ્વરભાઈ જીવરામભાઈ અને પી. જે. પટેલનો સંપર્ક સાધ્યો. સૌપ્રથમ વાલ્મીકિ સમાજનાં સમૂહલગ્ન ઊંઝામાં કરવાનું નક્કી કર્યું. અને આ બાબતમાં ખેતીવાડી ઉત્પન્ન બજાર-સમિતિ, ઊંઝાના ઉત્સાહી ચૅરમેનશ્રી નારાયણભાઈ આ કાર્યમાં આગળ આવ્યા. ઊંઝા નગરપાલિકાના તે સમયના પ્રમુખશ્રી ખોડાભાઈ શંકરલાલના સહયોગથી ઊંઝાના એમ. આર. એસ. હાઈસ્કૂલના મેદાનમાં પૂ. સચ્ચિદાનંદજી મહારાજના આશીર્વાદથી ભારે ઉત્સાહ-ઉમંગથી ગુજરાતમાં વાલ્મીકિ સમાજનો પ્રથમ સમૂહ-લગ્નોત્સવ ઊજવાયો.

તેઓ ઠાકોર સમાજ કે કોઈ અન્ય સમાજનાં સમૂહ લગ્નો કે સામાજિક સંમેલનોમાં હાજરી આપી, પ્રોત્સાહિત કરવાનું ધ્યેય રાખતા. તેમના જીવનમાં તેમણે કોઈ પણ પ્રકારનું સન્માન લેવાનું વિચાર્યું નહોતું. ઘણી બધી સંસ્થાઓ તેમનું સન્માન કરવા, રજતતુલા કરવા,

રક્તતુલા કરવા, પાટીદારરત્ન, પાટીદાર-શિરોમણી જેવાં અનેક સન્માનોથી નવાજવા માટે આગ્રહ કરવા આવતા પરંતુ તે મરણપર્યંત આવા સન્માનથી દૂર રહ્યા.

ધાર્મિક બાબતમાં નિયતિ ઉપર, એટલે કે જે કંઈ બનવાનું છે તે બનીને જ રહેવાનું છે, તેમાં યત્કિંચિત પણ ફેરફાર થવાનો નથી, તેવું દૃઢપણે માનતા. તત્ત્વજ્ઞાન વિષે અનેક ધાર્મિક પુસ્તકોનું વાચન, મનન, ચિંતન, ધાર્મિક, સંતો તરફ આદરભાવ અને ગરીબો પ્રત્યેની કરુણાથી તેમનું હૃદય ઊભરાતું. તેઓશ્રી આવા પરગજુ, સેવાભાવી, ધાર્મિક વૃત્તિવાળા, વિરોધીઓ તરફ પણ સન્માનથી જોવાની દૃષ્ટિવાળા હતા. આવા અનેક સદ્‌ગુણો ધરાવનાર બહુ-પ્રતિભાશાળી, યશસ્વી કારકિર્દી ધરાવતા, અનન્ય વ્યક્તિત્વવાળા, મૂઠીઊંચેરાં માનવી સમા એવા વિરલ વ્યક્તિત્વ ધરાવતા હતા.

તેમના જીવનકાળ દરમિયાન શ્રી ઉમિયા માતા સંસ્થાનના બે મોટા મહોત્સવ ઊજવાયા. મા ઉમિયાના જ્યોતિરથની ગુજરાતવ્યાપી પરિક્મા અને ઉચ્ચશિક્ષણ નિધિ આ ચારે મોટા કાર્યક્રમો સફળતાપૂર્વક પાર પાડવામાં તેમનું માર્ગદર્શન ખૂબ મૂલ્યવાન રહ્યું. અથાગ પરિશ્રમ કરી વિશ્વના પાટીદારોને સંગઠિત કરી ૨૧મી સદીમાં આવનાર નવી પેઢી સુખી, સમૃદ્ધ, સંસ્કારી, શિક્ષિત, સશક્ત અને નિર્વ્યસની બની વિશ્વમાં એક આગવી ઓળખ ઊભી કરી મહાજાતિ તરીકે આપણે વિશ્વમાં છવાઈ જઈએ, એવી ઉચ્ચ ભાવના સાથે તેઓ જીવનભર ઝઝૂમ્યા.

પરમકૃપાળુ મા ઉમિયાને પ્રાર્થના છે કે શેઠશ્રી કેશુભાઈનો દિવ્ય આત્મા પરમ શાન્તિ અને મોક્ષ પ્રાપ્ત કરે, તેમજ તેમનાં પરિવારજનોને તેમના જવાથી થયેલ દુઃખ સહન કરવાની શક્તિ આપે !

[લેખક ૧૮મી શતાબ્દી રજતજયંતી મહોત્સવ ઊંઝાના કન્વિનર, ઉમિયા ઉત્કર્ષ નિધિ જ્યોતિરથના કન્વિનર અને મા ઉમિયાને સમર્પિત કાર્યકર છે.]

*કે-વન સોસાયટી, વિસનગર રોડ, ઊંઝા.*
*ટે.નં. ૦૨૭૬૭-૨૫૨૦૫૦*


# તિરુપતિ નેચરલ પાર્ક

**પુદગામ**

વિસનગર-ઊંઝા માર્ગ પર, તિરુપતિ નેચરલ પાર્ક - જલસૃષ્ટિ વૉટરપાર્ક

**"તિરુપતિ નેચરલ પાર્ક આપનું હાર્દિક સ્વાગત કરે છે."**

**Happiness, Hope & Magic for the Children.**

કુદરતી કરિશ્મા તથા સૌથી વધુ ખૂબીઓ ધરાવતો અપ્રતિમ સૌંદર્યથી ભરપૂર, પ્રદૂષણમુક્ત વાતાવરણના વિશાળ વિસ્તારનાં સાંનિધ્યમાં હરિયાળી પ્રકૃતિમાં મોજમજા, મનોરંજન, યાદગાર પ્રસંગોની ઉજવણી, શુભપ્રસંગો માટે વિશાળ પાર્ટીપ્લૉટ્સ, ફિલ્મશુટિંગ, એ.સી. મિટિંગ હૉલ, પિકનિક માટેનું રમણીય સ્થળ, ફૅમિલીપાર્ક.

**તિરુપતિ નેચરલ પાર્ક હવે એક નવા રૂપરંગમાં નિહાળો.**

આ પાર્કમાં મનોરંજન માટે વૉટરપાર્ક, વિવિધ નૌકાવિહાર, રીવરબોટિંગ, અદ્‌ભુત રીવરફ્રન્ટ રાઇડર્સ, ઝૂલાવિહાર, રેલવે, પંખી-માછલીઘર, વિવિધ રાઇડર્સ, થ્રી-ડી ફિલ્મ, લૅન્ડસ્કેપ બગીચા, ફુવારા, ડોરમેન્ટરી, રેસ્ટોરન્ટ, એ.સી. - નોન એ.સી., એ.સી. કોટેજિસ, ફિલ્મશુટિંગ માટે સ્ટુડિયો, રમણીય સ્થળ, અસંખ્ય કલાત્મક કલાકૃતિઓથી ભરપૂર તથા વેસ્ટમાંથી બેસ્ટ કલાકૃતિ તથા નવી જનરેશનની આશાઓ તથા અરમાનો સજાવતો જાદુઈ પાર્ક.

**એકવાર અવશ્ય મુલાકાત લેવા જેવો અદ્યતન પાર્ક.**

# સ્વ. શ્રી કેશુભાઈ શેઠ : અથથી ઈતિ સુધી (સંક્ષેપમાં)

-- સં. સીતારામભાઈ જો. પટેલ

**જન્મ :** તા. ૨૮-૧૧-૧૯૨૪. દિવાળીના દિવસે

**માતૃશ્રીનું નામ :** નાથીબા

**પિતાશ્રીનું નામ :** શ્રી વિઠ્ઠલદાસ રણછોડદાસ પટેલ

**વતન :** કાંસા, તા. વિસનગર, જિ. મહેસાણા, ઉ. ગુજરાત

**અભ્યાસ :** પ્રાથમિક શિક્ષણ : કાંસા પ્રાથમિક શાળામાં, માધ્યમિક શિક્ષણ : ધો.૧૧ જૂની મૅટ્રિક પરીક્ષા પાસ, શ્રી જી.ડી.હાઈસ્કૂલ - વિસનગર



**કારકિર્દીની શરૂઆત :** વાલમ, તા. વિસનગર ખાતે પ્રાથમિક શાળામાં હેડમાસ્તર-આચાર્ય તરીકે એક વર્ષ શિક્ષકની નોકરી કરી.

**ધંધો :** શિક્ષક તરીકે રાજીનામું આપી તેમના સસરાજી શ્રી મણિલાલ ગણેશદાસ પટેલની છાપી, તા. સિદ્ધપુર ખાતે ઇસબગુલ બનાવવાની ઘંટીઓમાં જોડાયા.

ઈ.સ. ૧૯૪૮માં કાકોશી, તા. સિદ્ધપુર ખાતે ઇસબગુલ બનાવવાની પોતાની ઘંટીઓ કરી.

ઈ.સ. ૧૯૬૬માં સિદ્ધપુર મુકામે ઇસબગુલના ઉત્પાદનની ફેક્ટરી કરી. કાકોશી યુનિટ પણ ચાલુ હતું. ઉત્પાદન થતા ઇસબગુલની અમેરિકા ખાતે નિકાસ થતી. ત્યાર બાદ ફેક્ટરી ઉત્તરોત્તર પ્રગતિ કરતી રહી. ઇસબગુલના ઉત્પાદન સાથે બિલ્ડીંગ-કન્સ્ટ્રક્શનનું કામ પણ ચાલતું હતું.

**ધર્મપત્ની :** શ્રીમતિ કાન્તાબહેન, બ્રાહ્મણવાડા

**પરિવાર :** તેઓ ચાર ભાઈઓ - ૧. વાડીભાઈ, ૨. કેશુભાઈ, ૩. ગિરધરભાઈ અને ૪. કાન્તિભાઈ

તેમની ચાર બહેનો - ૧. મણિબહેન, ૨. શાન્તાબહેન, ૩. બબુબહેન અને ૪. તારાબહેન

તેમના દીકરાઓ-બે - ૧. ભરતભાઈ અને ૨. કૌશિકભાઈ

તેમની દીકરીઓ-ત્રણ - ૧. મંજુબહેન, ૨. ઉષાબહેન અને ૩. રેખાબહેન. બે બહેનો ઊંઝા અને એક બહેન કડી પરણાવ્યાં.

**જાહેર જીવન :** ઈ.સ. ૧૯૭૦માં લાયન્સ ક્લબના ફાઉન્ડર પ્રમુખ

સિદ્ધપુરમાં સંસ્કૃત પાઠશાળાની શરૂઆત કરી.

સિદ્ધપુર કૉમર્શિયલ કો. ઑ. બૅંકની શરૂઆત કરી, તેના સ્થાપક પ્રમુખ.

સિદ્ધપુર નાગરિક બૅંકમાં ડાયરેક્ટર તરીકે રહ્યા.

શ્રીરામ જનસેવા ટ્રસ્ટ - સિદ્ધપુરની સ્થાપના કરી અને ટ્રસ્ટી બન્યા.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝામાં પ્રથમ ઉપપ્રમુખ થયા.

ઈ.સ. ૧૯૭૫માં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના પ્રમુખ થયા.

ઈ.સ. ૧૯૭૬માં તેમના પ્રમુખપદે ૧૮મી શતાબ્દી-મહોત્સવ થયો, ત્યારથી પ્રમુખસ્થાને ચાલુ હતા.

શ્રી સર્વવિદ્યાલય કેળવણી મંડળ - કડીના પ્રમુખ

ઈ.સ. ૧૯૭૬, નવેમ્બરમાં ધરતી વિકાસ મંડળ, અમદાવાદના ટ્રસ્ટી થયા.

શ્રી કન્યાકેળવણી મંડળ - ઊંઝાના ઘણાં વર્ષો સુધી પ્રમુખ રહ્યા.

શ્રી લાયન્સ હૉસ્પિટલ - મહેસાણાના ટ્રસ્ટી હતા.

**સંસ્થાઓમાં દાન :** નાથીબા કન્યા છાત્રાલય - પાટણ - દાન આપી માતાજીનું નામ જોડાયું.

વિઠ્ઠલદાસ રણછોડદાસ વિદ્યાર્થી છાત્રાલય - પાટણ - દાન આપી પિતાશ્રીનું નામ જોડાયું, જેનું સંચાલન ૮૪ સમાજ કરે છે.

કાંસા ખાતે નાથીબા બાલમંદિર

કાંસા ખાતે નાથીબા હેલ્થસેન્ટર

કાંસા ખાતે રણછોડદાસ જોઈતારામ પટેલ દાદાશ્રીના નામે હાઈસ્કૂલ

વિસનગર - શ્રી સ્વામિનારાયણ કેળવણી સંકુલમાં દાન

વિસનગર - નાથીબા વિદ્યાલય અને છાત્રાલય-કન્યાઓ માટે

કડીમાં કેળવણીમંડળના પ્રમુખ અને ગાંધીનગર શાખાના

કન્યા છાત્રાલયમાં નાથીબાના નામે દાન આપ્યું.
શ્રી કન્યા કેળવણી મંડળ - ઊંઝામાં વર્ષો સુધી પ્રમુખ અને દાન પણ આપ્યું.
મધ્યપ્રદેશમાં દરેક બાલવાડીઓ, છાત્રાલયો અને સ્કૂલોને દાન આપ્યું.
આ ઉપરાંત નાનાં-નાનાં દાન ઘણી જગ્યાએ આપ્યાં છે.
તેમનાં પ્રમુખસ્થાને ૧૮મી શતાબ્દી રજતજયંતી મહોત્સવ - ૨૦૦૯ ઊજવાયો.
ઈ.સ. ૧૯૭૬થી છેક સુધી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાના પ્રમુખસ્થાને રહ્યા.
તા. ૧૧-૦૪-૨૦૧૧ના રોજ સ્વર્ગવાસી થયા.
**સન્માનપત્રો :** ૧. તા. ૦૩-૦૪-૨૦૧૧ - ચોરાશી કડવા પાટીદાર સમાજ તરફથી પાટીદાર શિરોમણીનો ઍવૉર્ડ આપ્યો.
૨. તા. ૧૦-૦૪-૧૯૯૯ શ્રી ઉમિયા પરિવાર ટ્રસ્ટ - સુરત તરફથી સન્માનપત્ર.
૩. તા. ૦૮-૦૨-૨૦૦૪થી સૌરાષ્ટ્ર પટેલ સેવા મંડળ ઍજયુકેશન ટ્રસ્ટ - નરોડા, અમદાવાદ તરફથી સન્માનપત્ર
૪. તા. ૦૬-૦૫-૨૦૦૯ શ્રી રામ પંચકુંડાત્મક મહાયજ્ઞ એવં પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ-નયાગામ-દેવાસ-મધ્યપ્રદેશ તરફથી સન્માનપત્ર.
૫. તા. ૦૩-૦૪-૨૦૦૯ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - વાંઢાય - કચ્છ - પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે સન્માનપત્ર.
૬. તા. ૨૧-૧૧-૨૦૦૨ કૃષ્ણા પટેલ મહાવિદ્યાલય - રાહુવર - બદૌલી, જિ. આઝમગઢ, મધ્યપ્રદેશ તરફથી સન્માનપત્ર.
૭. તા. ૨૭-૦૨-૨૦૦૬ શ્રી કન્યા કેળવણી મંડળ- ઊંઝા સુવર્ણજયંતી મહોત્સવ સમયે સ્મૃતિચિહ્ન

આ ઉપરાંત ઘણી જગ્યાઓથી તેમને ટ્રૉફીઓ આપી સન્માન કરેલું છે. ઘણી જગ્યાઓથી સાલ ઓઢાડી સન્માન કરેલું છે. તેઓ સન્માનથી દૂર રહેતા હતા. ઘણી સંસ્થાઓ તેમનું સન્માન ઈચ્છતી હતી, પણ હંમેશા ઈનકાર કરતા હતા.

*ઊંઝા,*
*મો. ૯૯૦૪૬૪૮૬૬૩*


*શુભેચ્છા સહ...*

**૧૦૦% શુદ્ધ ઘીની મીઠાઈઓ**



**જયહિંદ સ્વીટ્સ**

કંદોઈઓળ,
માણેકચોક,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ટે.નં. ૨૨૧૪૦૭૧૪

*સહયોગી*
૧૦૧, પુરોહિત હાઉસ, સ્પૉર્ટ્સ ક્લબ સામે,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
ટે.નં. ૨૬૪૬૮૬૮૬

**તાજા માવા માટે**

**હસમુખભાઈ માવાવાળા**

કંદોઈઓળ, માણેકચોક, અમદાવાદ-૩૮૦૦૦૧. ટે.નં. ૨૨૧૪૦૭૧૪

# પાટીદાર અસ્મિતાને ઉજાગર કરનાર સ્વ. કેશુભાઈ શેઠ

-- સીતારામભાઈ જો. પટેલ (ઊંઝા)

**શ્રી** કડવા પાટીદાર સમાજને મા ઉમિયાના માધ્યમ દ્વારા એકબીજાથી નજીક લાવી પોતાની આગવી ઓળખ ઊભી કરવામાં શ્રી કેશુભાઈ શેઠનો મુખ્ય ફાળો છે, એમ કહીએ તો કંઈ ખોટું નથી.

શ્રી કેશુભાઈ શેઠ છેલ્લાં ૩૫ વર્ષથી મા ઉમિયાના પ્રમુખસ્થાને રહ્યા. તેમની કારકિર્દીની શરૂઆત ઈ.સ. ૧૯૭૬ના શ્રી ઉમિયા માતાજીના ૧૮મી શતાબ્દીથી મહોત્સવ થઈ ગણાય. આપણે નિરીક્ષણ કરીએ તો જણાશે કે ઈ.સ. ૧૯૭૬ પહેલાંનું શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા એટલે એક સામાન્ય સંસ્થા હતી. મા ઉમિયા કડવા પાટીદારની કુળદેવી છે, એથી ગણ્યા-ગાંઠ્યા યાત્રીઓ ખાસ ભક્તિભાવથી પ્રેરાઈને અહીં દર્શને આવતા. માણસોની ખાસ અવરજવર પણ ન હતી. વહીવટ અમદાવાદના શ્રેષ્ઠીઓ દ્વારા થતો હતો. શ્રી મફતલાલ ગગલદાસ પટેલે અહીં એક મકાન અને પાવરહાઉસ બનાવેલાં. માતાજીમાં પૂજા-આરતી, હોમ-હવન, ચકલાંને ચણ જેવી ધાર્મિક પ્રવૃત્તિઓ થતી. ભાવથી પ્રેરાઈને ઊંઝાના ભક્તો પણ જૂજ માત્રામાં આવતા. આ સમયે માતાજી સંસ્થાન પાસે કોઈ ખાસ મૂડી કે મિલકત પણ ન હતી. વહીવટ અમદાવાદથી થતો હોવાથી અન્ય કોઈ તેમાં માથું પણ મારતા નહીં, અથવા તો વહીવટમાં ભાગ લેવાની અનિચ્છા કે ઓછા રસને લીધે અન્ય ધર્મસ્થાનો મુજબ જ આ સંસ્થા ચીલાચાલુ રીતે ચાલતી હતી.



શ્રી કેશુભાઈ શેઠ જ્યારથી પ્રમુખ બન્યા ત્યારથી આ સંસ્થામાં ચેતના આવી. વહીવટ અમદાવાદથી ઊંઝાના કાર્યકર્તાઓ પાસે આવ્યો. આવા આ સામાન્ય સ્થાનના વિકાસની વિચારણા થવા લાગી. શ્રી ઉમિયા માતાજી દુનિયાભરના કડવા પાટીદાર સમાજની કુળદેવી છે, એવો ખ્યાલ, ખાસ કરીને દરેક કડવા પાટીદારને તો હોવો જ જોઈએ. આથી આ વિચારને અમલી બનાવવાનું આયોજન થયું. પરિણામે શ્રી કેશુભાઈ શેઠના પ્રમુખસ્થાને અને આગેવાનીમાં ૧૮મી શતાબ્દી-મહોત્સવ ૧૯૭૬માં ઊજવવાનું નક્કી થયું. આ મહોત્સવ સફળતાથી ઊજવાયો. જેથી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાના વિકાસનું અને શ્રી કેશુભાઈ શેઠના પ્રમુખસ્થાન અને પ્રતિભાના ચમત્કારનું પણ આ પ્રથમ સોપાન બન્યું. માત્ર રૂપિયા ત્રણ લાખ અને ચાર હજારની સિલકથી આવા ભગીરથ કામને હાથ પર લેવામાં આવ્યું. ઘણા વડીલોને આશંકા હતી કે ખૂણેખૂણેથી કડવા પાટીદારો આ મહોત્સવમાં ઊમટી પડશે. તેમનાં સ્વાગત-સરભરા અને દર્શન કરાવવાનું કેમ કરી શક્ય બનશે. પૈસાની જરૂર પડશે, આટલી ઓછી સિલકથી કેમ પહોંચી વળાશે ? પણ માની કૃપાથી, કાર્યકરોના ઉમંગ અને ઉત્સાહથી તેમજ ઊંઝાના સર્વ સમાજના લોકોના સહકારથી આ મહોત્સવ રંગેચંગે ઊજવાયો. ૧૮થી ૨૦ લાખ લોકો આવ્યા. મહોત્સવના પાંચ દિવસ દરમિયાન માની કૃપાથી કોઈ જ અઘટિત બનાવ ના બન્યો. સર્વ લોકોએ મહોત્સવ માણ્યો. એક સ્વપ્ન જેવું બની ગયું. ઊંઝાના કાર્યકરોએ આવો મહોત્સવ ફરી કદી થશે નહિ, તેમ માની કામ પાર પાડ્યું.

આ મહોત્સવ કડવા પાટીદાર સમાજના વિકાસનું એક સીમાચિહ્નરૂપ પગરણ (Turning Point) બન્યું. મા ઉમિયાના આશીર્વાદથી સમાજે માના ચરણે બાવન લાખ રૂપિયા ધરી દીધા, જેમાંથી આઠેક લાખનો ખર્ચ જતાં રૂપિયા ચુંવાલીસ લાખની બચત થઈ. આ એક અભૂતપૂર્વક અને ઐતિહાસિક ઘટના બની.

આ મહોત્સવે સમગ્ર કડવા પાટીદાર સમાજની એકતા, ભક્તિભાવ અને વિકાસની કેડી કંડારી. શ્રી કેશુભાઈ શેઠની આગેવાનીમાં પ્રથમ ઊંઝા મંદિર ખાતે યાત્રીઓની સુવિધા માટે પથિકાશ્રમ, ભોજનશાળા, મંદિર પરિસરનો વિકાસ, ઑફિસ વગેરે કરવામાં આવ્યાં. ભક્તિભાવ વધ્યો. યાત્રીઓનો ધસારો વધ્યો. બીજી બાજુ શ્રી કેશુભાઈની આગેવાનીમાં ગુજરાતના પાટીદારોની એકતા માટે સમાજયાત્રાઓ યોજવામાં આવી. આથી સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાત સાથે ભાઈચારો અને એકતા વધ્યાં. ગુજરાત એક બન્યું.

મધ્યપ્રદેશ એ ગુજરાતનો પાડોશી પ્રદેશ છે. ગુજરાતથી મધ્યપ્રદેશમાં જ ગુજરાતી ભાઈઓ કપરા સંજોગોને પાર કરવા સારી જમીન અને પાણીની ખોજમાં ત્યાં વસેલા. મહારાણી અહલ્યાબાઈએ અને તે બાદ હોલ્કરે પણ આપણા પાટીદાર બંધુઓને જમીનના પટા આપી રાજ્યાશ્રય આપેલો. માની ભક્તિ અને કેવળ કપરી મજૂરી કરવાવાળી આ પાટીદાર પ્રજા ત્યાં નિમાડ, માળવા, ઉજ્જૈન તરફ ઠરીઠામ થઈ. શ્રી કેશુભાઈ શેઠની આગેવાનીમાં ત્યાંની પ્રજાને ગુજરાત સાથે રાખવા મધ્યપ્રદેશની સમાજયાત્રાઓ કરવામાં આવી. ઠેરઠેર બાલવાડીઓ, કન્યા-છાત્રાલયો અને સ્કૂલો ઊભી થવા લાગી. શ્રી કેશુભાઈ શેઠે અહીં દરેક શૈક્ષણિક સંકુલોમાં દાન આપી પહેલ કરી હતી અને પ્રોત્સાહિત કર્યા હતા. આ સમાજનો છેલ્લાં પચીસેક વર્ષોમાં જે વિકાસ થયો, તેનો યશ શ્રી કેશુભાઈ શેઠ અને તેમના સાથીદારો શ્રી મણિભાઈ-મમ્મી, શ્રી માધુભાઈ અને શ્રી વિક્રમભાઈને આપી શકાય. મધ્યપ્રદેશમાં મા ઉમાનાં મંદિરો પણ થયાં. પાટીદારો અહીં પછાત અવસ્થામાં હતા. તેઓ હવે અગ્રસ્થાને આવી ગયા છે. તેઓ શ્રી કેશુભાઈ શેઠને પોતાના સમાજના તારણહાર ગણે છે. તેઓ ગુજરાત સાથે જોડાઈ ઓતપ્રોત થયા છે. તેઓ આજે ગામના સરપંચથી લઈ તાલુકા, જિલ્લા, રાજ્ય અને દેશ લેવલે પ્રતિનિધિત્વ કરે છે. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાની કારોબારીમાં પ્રણ તેઓ પ્રતિનિધિત્વ કરે છે.

શ્રી કેશુભાઈ શેઠનું સમાજ માટેનું ચિંતન હરહંમેશ ચાલુ જ રહેતું હતું. તેઓ ૫૦/૧૦૦ વર્ષ પછીનું જોતા હતા. મધ્યપ્રદેશ સાથે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાના જોડાણનો ખ્યાલ દિલ્હીમાં બેઠેલ એક કચ્છી પાટીદાર શ્રી કવિ પટેલે યુ.પી.ના પાટીદારોને આપ્યો. યુ.પી.ના કૂર્મી ક્ષત્રિયો પણ ગુજરાત અને મધ્યપ્રદેશના પાટીદારોના ભાઈઓ જ છે, તેવો ખ્યાલ આપ્યો. મા ઉમિયા તેમની પણ કુળદેવી જ છે, તેમ જણાવ્યું. પરિણામે યુ.પી.ના કૂર્મી ક્ષત્રિયો શ્રી કવિ પટેલના પ્રયત્નોથી ગુજરાતના પ્રવાસે આવ્યા. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા જોડાણનું માધ્યમ બન્યું. તેઓ ગુજરાતનો વિકાસ જોઈ ખૂબ જ પ્રભાવિત થયા. તેમણે વળતો ગુજરાતનો-પાટીદારોનો યુ.પી.નો પ્રવાસ ગોઠવ્યો. ઊંઝાથી ગુજરાતભરમાંથી ૫૫ આગેવાનો લક્ઝરી બસ દ્વારા ૧૦ દિવસની યુ.પી.ની સમાજયાત્રાએ ગયા. યુ.પી.ને વિકાસની પરિપાટીનો ખ્યાલ આપ્યો. પરિણામે આંબેડકરનગર જિલ્લાના શ્રી રામસકલસિંહ પટેલે ત્યાં રાહુવારમાં દહેજ વગરનાં સમૂહલગ્નો સૌપ્રથમ વાર યોજ્યાં, જેમાં ઊંઝા સંસ્થાનના શ્રી કેશુભાઈ શેઠની આગેવાનીમાં આગેવાનો હાજર રહ્યા. ગુજરાતમાં પણ સમૂહલગ્નોનું આયોજન થયું હતું, જેમાં કન્યાને પાનેતર અને માતાજીનો ફોટો અપાય છે. એ જ પ્રમાણે યુ.પી.ના દર વર્ષે યોજાતાં સમૂહલગ્નોમાં પણ

માતાજી સંસ્થાન - ઊંઝા તરફથી પાનેતર અને ફોટો અપાય છે. ત્યાં પ્રથમ ૮૮ જોડાંનાં સમૂહલગ્નો થયાં. તે વખતે ઊંઝા સંસ્થાનના ઉપપ્રમુખશ્રી ઓ. આર. પટેલ તરફથી દરેક દીકરીને કાંડા-ઘડિયાળ ભેટ આપવામાં આવી હતી. શ્રી રામસકલસિંહ પટેલ ત્યારથી સમૂહલગ્નો યોજે છે, જેનો આંકડો લગભગ ૧૫૦૦ જેવો થયો છે.

વળી, ફતેપુર-બડાગાંવ જિ. આંબેડકરનગર ખાતે મા ઉમિયાનું મંદિર પણ બન્યું છે. યુ.પી.ના પાટીદારો અવારનવાર ગુજરાતના પ્રવાસે આવે છે. પાટીદારોની એકતાના પ્રયત્નો પ્રવાસો અને સમાજયાત્રાઓથી ચાલતા જ રહ્યા છે. શ્રી કેશુભાઈ શેઠનું ચિંતન અને પ્રોત્સાહન કાર્યકરોમાં એક અનેરો ઉત્સાહ પ્રેરી રહ્યું હતું. માના ભક્તિભાવ માટે શ્રી ઉમિયા જ્યોતિરથનું માધ્યમ બન્યું. કરોંદિયા મ.પ્ર. ખાતે માતાજી મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા વખતે શ્રી કેશુભાઈ શેઠ, શ્રી મણિભાઈ-મમ્મી અને શ્રી માધુભાઈ ત્યાં ગયેલા. મધ્યપ્રદેશના પાટીદારોની અપેક્ષા હતી કે ઊંઝા સંસ્થાન ત્યાં મંદિર બનાવવા કંઈક આર્થિક મદદ કરે. ઊંઝાના આગેવાનોને આ પ્રથા યોગ્ય ન લાગતાં ત્યાં જ માતાજીના ફોટા સાથે ગામમાં યાત્રા કાઢવામાં આવી અને તે લોકોની આર્થિક અપેક્ષા પૂરી થઈ. આ વિચારથી ગુજરાતભરમાં માતાજીનો ભક્તિભાવ વધારવા માટે શ્રી ઉમિયા જ્યોતિરથનું કરોંદિયા ખાતે જ આયોજન થયું. આ જ્યોતિરથ એ માતાજીના મંદિરની દિવ્ય પ્રતિકૃતિ છે. આ જ્યોતિરથ ગુજરાતનાં ૩૫૦૦ ગામોમાં નિર્વિઘ્ને ફર્યો, જેમાંથી રૂપિયા સાત કરોડ એકઠા થયા. તે બાદ રથ મધ્યપ્રદેશનાં ૭૪૯ ગામોમાં ફર્યો. ત્યાં રૂપિયા ચાર કરોડ એકઠા થયા, જેનાથી ઈન્દોર ખાતે શૈક્ષણિક સંકુલ માટે જમીન ખરીદવામાં આવી. આજે ત્યાં ઉમિયાનું મંદિર તેમજ વિશાળ શૈક્ષણિક સંકુલ ઊભું થયું છે.

ઊંઝા સંસ્થાનમાં શ્રી કેશુભાઈ શેઠની આગેવાનીમાં સમાજના વિકાસ માટેનું ચિંતન હરદમ ચાલ્યા જ કરતું. પરિણામે અહીં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા ગુજરાતમાં ઠેરઠેર સમૂહલગ્નો થાય છે. વિધવા-ત્યક્તા બહેનોને પેન્શન અપાય છે. ઉચ્ચ-શિક્ષણ માટે જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને વિના વ્યાજની લોન અપાય છે. ગૃહિણી તાલીમની શિબિરોને સહાય, અસાધ્ય રોગોમાં ઉચ્ચક સહાય, કુદરતી આફતો સમયે સેવા અને સહાય, કન્યા અને કુમાર છાત્રાલયોને પણ પ્રોત્સાહક ઉચ્ચક સહાય અપાય છે. આમ, સમાજની વિકાસલક્ષી પ્રવૃત્તિઓ ઊંઝાથી હરદમ ચાલ્યા કરે છે, જેથી આ સંસ્થા માત્ર ધાર્મિક જ નથી પણ સમાજ માટેનાં કામો પણ કરે છે. આથી જ મા ઉમિયાને 'સમાજકલ્યાણી' દેવી પણ કહેવામાં આવે છે.

જ્યોતિરથના મધ્યપ્રદેશ પરિભ્રમણ અને તે દ્વારા એકત્રિત થતી સમાજ માટે ધનરાશિથી પ્રેરાઈને રાજસ્થાનના લેઉવા પાટીદારો પણ તેમના સાગવાડા જિલ્લામાં રથ ફેરવવાની યોજના લઈ રથ લેવા ઊંઝા આવેલા. પ્રથમ તો તેઓ લેઉવા પાટીદારો હોવાથી ઈન્કાર કરવામાં આવેલો, પણ શ્રી કેશુભાઈ શેઠની કરુણાળું ભાવનાથી તેમને રથ આપવામાં આવ્યો. સાગવાડા જિલ્લાનાં ૯૧ ગામોમાં રથનું ભ્રમણ કરતાં તેમને રૂપિયા એક કરોડ મળ્યા. માત્ર ખેતી આધારિત સમાજમાંથી એક કરોડ એકઠા થવા તે ખૂબ કઠિન કામ હતું, છતાં તે થયું. આ લોકો પણ હવે મા ઉમિયાને કુળદેવી ગણવા લાગ્યા છે, અને ત્યાં મંદિર બનાવવાની વિચારણા થઈ રહી છે. શ્રી કેશુભાઈ શેઠની પ્રેરણાથી ત્યાં આ રકમથી સાગવાડા ખાતે એક ભવ્ય શૈક્ષણિક સંકુલ ઊભું થયું છે. માત્ર ત્રણ જ વર્ષમાં આજે આ કેળવણીની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં દાખલ થવા પડાપડી થાય છે.

સાગવાડા જિલ્લામાં મા ઉમિયાના જ્યોતિરથથી જે એકતા, ભક્તિભાવ અને ભાઈચારો વધ્યો અને સાગવાડામાં ભવ્ય શૈક્ષણિક સંકુલ બન્યું, એનાથી

પ્રેરાઈને સાગવાડાની બાજુના વાંસવાડા જિલ્લાએ મા ઉમિયાનો જ્યોતિરથ ફેરવવા નક્કી કર્યું. હાલમાં જ્યોતિરથ આ વાંસવાડા જિલ્લાનાં ૩૧ ગામોમાં પરિભ્રમણ કરી રહ્યો છે.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝામાં વિકાસલક્ષી પ્રવૃત્તિઓ ચાલુ હતી, ત્યારે શ્રી કેશુભાઈ શેઠના મગજમાં ૧૮મી શતાબ્દી-મહોત્સવને ત્રીસ-બત્રીસ વર્ષ થયાં હોવાથી તેનો રજતજયંતી મહોત્સવ ઊજવવાનો વિચાર આવ્યો. શ્રી કેશુભાઈ શેઠ આ રજતજયંતી મહોત્સવ ઊજવવા મક્કમ હતા. પરિણામે ઊંઝા ગામે આ વિચારને અમલી બનાવ્યાં ઈ.સ. ૨૦૦૯ની આખરમાં આ મહોત્સવ ઊજવ્યો. આ મહોત્સવમાં દુનિયાભરમાંથી ૬૦ લાખ યાત્રીઓ ઊમટી પડ્યા. મહોત્સવ માતાજી સ્થાનની પશ્ચિમ દિશાએ બે કિલોમીટર દૂર વિશાળ જગ્યામાં ભવ્યાતિભવ્ય રીતે ઊજવ્યો. શ્રી કેશુભાઈ શેઠનું આ સ્વપ્ન પૂર્ણ થયું. રૂપિયા ચોત્રીસ કરોડની ધનરાશિ એકત્રિત થઈ, જેમાંથી અઢાર કરોડ જેવું ખર્ચ થયું. આ મહોત્સવ એ ઊંઝાના કાર્યકરોની આયોજનશક્તિનો વિજય દુનિયાભરના પાટીદાર સમાજના લોકોનો ભવ્ય મેળો બન્યો. આધુનિક સમાચાર માધ્યમોએ તેનો યોગ્ય પ્રસાર કર્યો. મા ઉમિયાનો પ્રભાવ દુનિયાના ખૂણેખૂણે પહોંચ્યો. ગુજરાત, મધ્યપ્રદેશમાંથી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના પાટીદાર સમાજનું દુનિયાભરમાં ગૌરવ વધાર્યું હોવાથી તેમનું સન્માન કરવામાં આવ્યું.

આજે મા ઉમિયાના સ્થાનકે રોજેરોજ યાત્રીઓ ઊભરાય છે. તેમને યોગ્ય સુવિધા અપાય છે.

શ્રી કેશુભાઈ શેઠ ભવિષ્યને જોઈ શકતા હતા. તેમની વિશાળ દૃષ્ટિથી અંબાજી, બેચરાજી અને સોલા - અમદાવાદ ખાતે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાનાં પથિકાશ્રમો ઊભાં થયાં છે. આ તેમની પ્રેરણા અને પ્રયત્નનું પરિણામ છે. કડવા પાટીદાર સમાજના યુવાનો માટે ઉમા યુનિવર્સિટીનો વિચાર આવ્યો હતો, પણ તે કરતાં સમાજના યુવાનો માટે ખાસ ધ્યાન આપી શકાય તે માટે મહેસાણા-ગાંધીનગર રોડ પર ખેરવા જોડે શ્રી ગણપત વિદ્યાનગર ૬૦૦ વીઘા જમીનમાં બન્યું. હવે તે યુનિવર્સિટી છે. ઉત્તરગુજરાતનું શિક્ષણતીર્થ અને પૂ. છગનભાની કેળવણી માટે સાધનાનું સ્થાન કડી ખાતે પણ શ્રી કેશુભાઈ શેઠ પ્રમુખસ્થાને રહી દોરવણી આપતા હતા.

કન્યાકેળવણીના ખાસ આગ્રહને લીધે શ્રી કેશુભાઈ શેઠે શ્રી કન્યાકેળવણી મંડળ, ઊંઝા દ્વારા શરૂઆતમાં માત્ર ત્રણ દીકરીઓથી કન્યા-છાત્રાલયની માતાજીમાં શરૂઆત કરી, બાદમાં સ્ટેશન જોડે જમીન મેળવી કન્યા-છાત્રાલય અને વિદ્યાલયની સ્થાપના કરી. આ મંડળમાં તેમણે ઘણાં વર્ષો સુધી પ્રમુખ તરીકે સેવાઓ આપી, તેને આજે વટવૃક્ષ બનાવ્યું છે. તેમણે પાટણ ખાતે દાન આપી તેમનાં માતુશ્રી નાથીબાના નામે કન્યા-છાત્રાલય ઊભું કર્યું. તેમજ તેમના પિતાશ્રી વિઠ્ઠલદાસ રણછોડદાસનું નામ જોડી કુમાર છાત્રાલય પણ કર્યું. તેમણે તેમના વતન કાંસા ખાતે નાથીબા બાલમંદિર, નાથીબા હેલ્થસેન્ટર અને તેમના દાદાશ્રી - રણછોડદાસ જોઈતારામના નામથી હાઈસ્કૂલ ઊભી કરી. વિસનગર ખાતે નાથીબા કન્યા-છાત્રાલય અને વિદ્યાલય બનાવ્યું. ગાંધીનગર સર્વવિદ્યાલય, કડીના સંચાલન હેઠળ નાથીબા કન્યા-છાત્રાલય બન્યું. આમ તેમની કન્યાકેળવણીની ધગશથી ઠેકઠેકાણે દાન આપ્યાં છે. મધ્યપ્રદેશ ખાતે બાલવાડીઓ તેમજ કન્યા છાત્રાલયો ઊભાં કરવા પ્રેરણા કરી દાન આપી પગભર કર્યાં છે.

તેઓ ભવિષ્યને જોઈ સમાજના વિકાસ માટે વિચારતા હતા. તેમણે મહેસાણા જોડે દેદિયાસણ ખાતે જમીન મેળવવા પ્રયત્ન કર્યો છે, કદાચ મળી જશેય. વિજાપુર વિસ્તારમાં વિજાપુર-વલાસણા રોડ પર શોભાસણ ગામે શ્રી અરવિંદભાઈ અને શ્રી જયંતીભાઈ શૈક્ષણિક સંકુલ માટે ૩૦૦ વીઘા જમીન દાનમાં મળી,

તે પણ તેમના દ્વારા શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાના વિશ્વાસનું પરિણામ છે. સૌરાષ્ટ્રમાં મોરબી નજીક ૨૦૦ વીઘા જમીન મેળવવાના પ્રયત્ન પાછળ તેમની પ્રેરણા છે. હજી તો તેઓ અમદાવાદના પૂર્વ વિસ્તારમાં ૨૦૦/૩૦૦ વીઘા જમીન મેળવવા વિચારતા હતા. પરંતુ એ કામ અધૂરું રહ્યું. સુરત ખાતે કડવા-લેઉવા પાટીદારોની એકતા માટે શ્રી કેશુભાઈ શેઠ અને શ્રી ઓ. આર. પટેલ આગ્રહી હતા.

સતત રાતદિવસ સમાજના ચિંતનમાં રહેતા શ્રી કેશુભાઈ શેઠ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાને સમાજનું વિકાસલક્ષી એક આધુનિક તીર્થસ્થાન બનાવવા માગતા હતા. તેમની પાસે બેસીએ, તો કોઈ નવા વિચારની ચર્ચા હોય. આ માણસ સમાજના માટે કદી રાજકોટ હોય, તો બીજા દિવસે વાંઢાય (કચ્છ) હોય, કદી સુરત, તો કદી હિંમતનગર, કદી મહેશ્વર (મ.પ્ર.) હોય, તો વળી બીજા દિવસે ઉજ્જૈન કે સાગવાડા હોય, કદી દિલ્હી હોય કે કદી આઝમગઢ (યુ.પી.) હોય. આમ, આ માણસ સમાજ માટે સતત દોડતો રહેતો હતો. તેઓ ૮૫/૮૮ વર્ષની ઉંમરે દરરોજ ૩૦૦/૪૦૦ કિલોમીટર દોડતા રહેતા હતા. સામાન્ય માણસ તો થાકી જાય.

તેઓ અધ્યાત્મના આરાધક હતા. પ્રવાસ દરમિયાન હંમેશ વેદાંતનાં પુસ્તકો તેઓ વાંચતાં જ હોય. ઘણી વાર તે બાબતે ચર્ચાઓ પણ કરે. મુસાફરી દરમિયાન કોઈ ધાર્મિક સ્થાન આવે, તો અચૂક દર્શને જાય. સંતોના દર્શને પણ જાય.

છેલ્લા એક વર્ષથી રજતજયંતી મહોત્સવ પછી તેમની ઈચ્છા યુ.પી. ખાતે જ્યોતિરથ ફેરવવાની હતી. તેઓ કહેતા કે યુ.પી., બિહારના કુર્મિ ક્ષત્રિય પાટીદારોના દિલમાં મા ઉમિયાનો ભક્તિભાવ વધ્યો છે અને ગુજરાતના સ્વજાતિ બંધુઓ સાથે તેઓ જોડાવા ઉત્સુક બન્યા છે. આવા તૈયાર વાતાવરણમાં જ્યોતિરથ ફેરવી આપણા સમાજ માટે માત્ર વાવેલું તૈયાર હોવાથી લણવાનું જ છે.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાની વિકાસયાત્રા ઈ.સ. ૧૯૭૯થી અવિરત ચાલી રહી છે. શ્રી કેશુભાઈ શેઠે તેના પ્રમુખસ્થાને રહી જે કામો કર્યાં-કરાવ્યાં છે, તે યાદગાર અને ઐતિહાસિક બન્યાં છે. તેઓ સમાજસેવા દ્વારા મા ઉમિયાની આરાધના કરતા હતા. આવાં માનવશક્તિ બહારનાં કામો થવાં એ મા ઉમિયાની અગોચર શક્તિ અને પ્રેરણાનું જ પ્રમાણ છે. શ્રી કેશુભાઈ શેઠ પણ હરેક કાર્ય પાછળ મા ઉમિયાનો આદેશ માનીને ચાલતા હતા.

એવા શ્રી કેશુભાઈ શેઠ આગળ સ્વર્ગસ્થ લખવા કલમ તૈયાર નથી. પણ હવે તે હકીકત બની છે. તેઓ આપણી વચ્ચે નથી. અમને લાગે છે કે અમે હવે કોની પાસે જઈ અમારા દિલના ઊભરા ઠાલવીશું ? કામગીરી બાબત કોઈ વાતે શેઠ પાસે પહોંચી જઈ એમને જે કહી શકતા હતા - તે હવે ખાલી જગ્યા બની છે. અમે સર્વ શૂન્યમનસ્ક છીએ.

ટૂંકમાં કહીએ તો શ્રી કેશુભાઈ શેઠે પાટીદારોનાં ખમીર અને અસ્મિતાને ઉજાગર કર્યાં છે. તેઓ ૫૦/૧૦૦ વર્ષના ભવિષ્યને જોઈ શકતા હતા. તેમની આ દીર્ઘદૃષ્ટિ અને સર્વતોમુખી વિકાસનું ચિંતન તેમને એક વિકાસપુરુષ કે આર્ષદૃષ્ટા કે ભવિષ્યના વિકાસફલકને જોનારા તરીકે મૂલવશે. તેઓને અંગ્રેજીમાં વીઝનરી (Visionary) કહી શકાય. તેમના હર કાર્યમાં શ્રી મણિભાઈ-મમ્મી અને શ્રી વિક્રમભાઈ હરદમ સાથે જ રહ્યા છે. મા ઉમિયા તેમના પવિત્ર આત્માને પરમશાંતિ અર્પે, અમને તેમનાં અધૂરાં કાર્યો પૂરાં કરવાની કે આગળ ધપાવવાની પ્રેરણા અને શક્તિ અર્પે તેવી મા ઉમિયાને પ્રાર્થના ! તેમની સ્મૃતિ અવિસ્મરણીય રહેશે.

**[લેખક ઉમિયા સંસ્થાન-ઊંઝાની પ્રચાર-પ્રસાર કમિટીના પૂર્વચૅરમેન અને કાર્યકર છે.]**

*ઊંઝા (જિ. મહેસાણા).*
**મો. ૯૯૦૪૬૪૮૬૬૩**

# માનવ નહિ, મહામાનવ સ્વ. શ્રી કેશુભાઈ શેઠ

-- પ્રહ્લાદભાઈ જે. પટેલ - મહેસાણા

વિશ્વના સમસ્ત પાટીદાર અસ્મિતાના શિરોમણી, જ્યોતિર્ધર, અનેક સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક સંસ્થાઓના આર્ષદષ્ટા, રાહબર અને શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાના પરમ હિતૈષી આદરણીય પ્રમુખ શેઠશ્રી કેશુભાઈ વિઠ્ઠલદાસ પટેલનો દેહવિલય તા. ૧૧-૦૪-૨૦૧૧ના રોજ સિદ્ધપુર ખાતે થયો. તેમનો પરમ આત્મા પંચમહાભૂતમાં ભળી બ્રહ્મમાં બ્રહ્મલીન થયો.

સ્વ. શ્રી કેશુભાઈ શેઠ પાટીદારોની પહેચાન, પાટીદારોનું ગૌરવ અને આપણા સૌની આન-બાન-શાન હતા. તેઓ Man of Common Man, Man of Action, Man of Power, Man of Vision, Man of Wisdom, Man of Mercy & Man of Mahotsav (festival) હતા. તેઓ હૃદયથી ઋજુ, મક્કમ મનોબળવાળા, સૌમ્ય પ્રકૃતિના સરળ છતાં જાજરમાન વિરલ વ્યક્તિત્વ ધરાવતા, સફેદ વસ્ત્રોમાં સંત, મૂઠીઊંચેરા માનવી હતા. ગુસ્સો, ઉશ્કેરાટ, નિંદા-કૂથલી એમના જીવનમાં શોધ્યાં જડે નહીં. હંમેશા હસતાં રહી સેવાકીય કામો કઢાવી લેવામાં માહેર હતા. નાનામોટા કાર્યકરો, સાથીમિત્રોને બિરદાવી કદરદાની કરવાના કસબી હતા. તેમના માટે જેટલું લખીએ તેટલું ઓછું પડે એવા સૌના પ્રીતિપાત્ર મહાપુરુષ હતા.



તેઓની સાથે છેલ્લાં દશ વર્ષથી એક સાથીદાર તરીકે સેવકભાવે ટેકણ-લાકડી અને પડછાયો બની જીવવાનો, માણવાનો, અનુભવવાનો, સમજવાનો નજીકથી મોકો મળ્યો, તેને મારા જીવનનું હું અહોભાગ્ય સમજું છું. આ પારસમણિથી મારું જીવન ધન્ય બન્યું છે. છેલ્લાં પાંચેક વર્ષથી તો તેમની સાથે મારા ગાઢ સંબંધો બંધાયા. તેમના પરિવારના સભ્યો કરતાં પણ મારો સહવાસ, મારી વફાદારી-વિશ્વાસ-પ્રેમ વધવાને કારણે તેમની સાથે આત્મિક જોડાણ થયું. તેઓ તેમના પરિવાર વચ્ચે મને કહેતા કે પ્રહ્લાદભાઈ અને મારો આત્મા એક છે, માત્ર શરીર જુદાં છે, તેમના સેવાકીય વિચારોનો પ્રવાહ કઈ રીતે ચાલતો તે હું માત્ર પ્રસ્તાવ ઉપરથી સમજી જતો. તેમની ઘણી પારિવારિક સમસ્યાઓનો સાક્ષી છું. મારાથી થાય તેટલી નમ્રભાવે ઉકેલવા પ્રયત્ન કર્યો છે. તેઓ મારા વિચારો-વર્તન અને સેવાથી મારા ઉપર ફિદા હતા. મહિનામાં ૧૫થી ૨૦ દિવસ ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશમાં ફરવાનું થતું. અમો બંને સમાજયાત્રાના સહપ્રવાસી હતા. આજે તેમના વિના મારું જીવન અને ઘર સૂનાં-સૂનાં થઈ ગયાં છે. મેં પણ જીવન તેમને સમર્પિત કરી દીધું હતું. ૮૭ વર્ષની જૈફ વયે પણ તેઓ કદી થાક્યા હોય તેવું જાણવા દીધું નથી. ઘરડું શરીર છે, એટલે જરૂર થાકે પણ મા ઉમિયાના માધ્યમથી પાટીદાર અને અન્ય સમાજોની સેવા કરવાના નશામાં હંમેશાં એવરગ્રીન જ દેખાયા છે. એક જ દિવસે ૧૦૦૦ કિ.મી.ની મુસાફરી કરી હોય તેવું મને આજે યાદ છે. સિદ્ધપુરથી સવારે ૭-૩૦ કલાકે નવી ઊંઝાથી મુ. વિક્રમભાઈ, મુ. મણિભાઈને લઈ મહેસાણા મારા ઘેર રાઈટટાઈમ આવી, અમદાવાદ થઈ સ્નેહીશ્રી જયરામભાઈ વાંસજાળિયાના પિતાશ્રીના બેસણામાં ઠેઠ જામનગર સાંજના ૪-૦૦ વાગે પહોંચી અડધો કલાક બેસી રાત્રે ૨-૦૦ વાગે સિદ્ધપુર પરત આવેલા. બીજા દિવસે ફરી કાર્યક્રમ તો રાહ જોઈને ઊભો જ હોય. આવું તો મા ઉમિયાના જ્યોતિરથ ભ્રમણ વખતે અનેક વાર બન્યું છે. નથી રાત કે દિવસ જોયા, માત્ર પાટીદારો માટે દોડાદોડ જ કરી છે. આપણી લાંબી

સમાજયાત્રાઓ થાય ત્યારે અમો ચારેય જણા દુનિયાભરના પ્રશ્નો, સમસ્યાઓ, મા ઉમિયાના માધ્યમથી સમાજ માટે શું થઈ શકે ? કયા પ્રોગ્રામ સમાજને આપવા જોઈએ ? તેમાં કેટલી સફળતા-નિષ્ફળતા મળશે, તેનાં બધાં પાસાંઓનો વિચાર, ચિંતન, ચર્ચાઓ, વાર્તાલાપો વિશદ પ્રમાણમાં કરતા. અમો બધા એકમત ન પણ થઈએ, છતાં આવા પ્રવાસોમાંથી જ મા ઉમિયાના જ્યોતિરથના કાર્યક્રમનું, ગણપત વિદ્યાનગરનું, ઉમાપરિવાર હૉસ્ટેલનું, ધો.૧૨ પછી ઉચ્ચશિક્ષણ સહાયક-નિધિનું, રાજસ્થાનની ૪૨ વીઘા જમીનમાં જ્યોતિરથના ભ્રમણથી પંચવટી સંકુલનું નિર્માણ, ૧૮મી શતાબ્દી રજતજયંતી મહોત્સવનું, મધ્યપ્રદેશમાં જ્યોતિરથ પરિભ્રમણથી ઈંદોર ખાતે ગેસ્ટ-હાઉસ અને છોકરાઓની હૉસ્ટેલનું, ઉત્તરપ્રદેશમાં કુર્મિક્ષત્રિયો સાથેના સંબંધો વિકસાવી મા ઉમિયાના માધ્યમથી સામાજિક-શૈક્ષણિક ઉત્થાન અને કુર્મિ ક્ષત્રિયોની એકતા કઈ રીતે થાય ? તેની રસપ્રદ ચર્ચા-વિચારણાઓ થતી. તેના થકી જ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાનો વિકાસ માત્ર ઉ.ગુ. પૂરતો સીમિત ન રહેતાં, માત્ર ધાર્મિક ન રહેતાં, સામાજિક, શૈક્ષણિક અને આર્થિક રીતે થયો, જે માતાજીની સંસ્થાનું વિશિષ્ટ અને આગવું પાસું છે. આ માત્ર આર્ષદ્રષ્ટા સ્વ. કેશુભાઈ શેઠની આગેવાની, દોરવણી અને દૃષ્ટિનો જ પ્રતાપ છે. શેઠશ્રી પોતાના પરિવારના નહોતા એટલા મા ઉમિયાના અને સમાજના હતા. રાત-દિવસ એક જ રટણ કે મારો પાટીદાર અન્ય સમાજો સાથે કઈ રીતે આગળ આવે ? બીજા સમાજો સાથે પણ એટલો જ પ્રેમ, સમી તાલુકાના વરાણા મુકામે એકસાથે ૧૮૯૦ સમૂહલગ્નો કરનાર ધારાસભ્ય ભાવસિંહજીને બિરદાવવા માટે માતાજીની ચૂંદડી, શાલ અને પ્રસાદ લઈ અમારી ટીમ પહોંચી ગયેલી. સૌને જાહેરમાં બિરદાવી, આશીર્વાદ આપી આ સત્કાર્ય હંમેશાં ચાલુ રહે, તેવી મીઠી ટકોર પણ કરતા. તેવું જ વાલ્મીકિ સમાજ માટે તેમણે ઊંઝા માર્કેટયાર્ડના સહયોગથી ધારાસભ્ય શ્રી નારણભાઈના સાથસહકારથી સમૂહલગ્નોની શરૂઆત કરાવી. આજે સમૂહલગ્નો કાયમી થઈ ગયાં છે. વાલ્મીકિ સમાજ શેઠશ્રીનો ઋણી છે. નાયક-ભોજક સમાજ માટે અદમ્ય પ્રેમ હતો. ઈતિહાસ જેની સાક્ષી પૂરે છે, એવા અસાઈત ઠાકરના કરેલા સત્કર્મને હંમેશ માટે ટકાવી રાખવા એ આપણી નૈતિક ફરજ છે, તેમ માની તેમના કોઈ પણ કાર્યક્રમમાં અચૂક હાજરી આપતા. તેમની ઈચ્છા તો આ સમાજને આર્થિક મદદ કરી ઊંચે લાવવાની હતી. આમ, માત્ર પાટીદાર સમાજ પૂરતા સીમિત ન રહેતાં જેમ મા ઉમિયા જગતજનની છે, તે રીતે શેઠશ્રી સર્વજ્ઞાતિ-કોમોના અખોવાન હતા. આજે તેમના જવાથી માત્ર પાટીદારોને જ ખોટ પડી છે, તેવું નથી, સમગ્ર માનવ જાતના મસીહા તરીકે બધાને ન પુરાય તેવી ખોટ પડી છે.

**હવે આપણા બધાની શું ફરજ થઈ પડે છે ?**

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા એ વિશ્વના પાટીદારોની એક માત્ર ધાર્મિક સંસ્થા છે. તેનો વહીવટ પારદર્શક, ચોખ્ખો અને સુંદર છે. સ્વ. શ્રી કેશુભાઈ શેઠે એકધારી ૩૫ વર્ષ અવિરત સેવા આપી છે. ૧૮મી શતાબ્દી રજતજયંતી મહોત્સવ એ પાટીદાર સમાજની સંસ્કારી પ્રજાનો સંસ્કારી અને ગૌરવશાળી મહોત્સવ હતો. ૫૦થી ૫૫ લાખ ભાવિક ભક્તો દર્શનાર્થે આવ્યા. કોઈ અજુગતો બનાવ થયા વગર "न भूतो न भविष्यति" જેની મિડિયા અને ગ્રીનીસબુકે પણ નોંધ લીધી, એવો દેદીપ્યમાન-જાજરમાન ઐતિહાસિક પ્રસંગ બની રહ્યો. પણ સ્વ. કેશુભાઈ શેઠને સંસ્થાના પ્રમુખ તરીકે પ્રોજેક્ટ થયેલા જોયા નથી. પ્રમુખસ્થાનેથી એક શબ્દ પણ બોલ્યા નથી. માત્ર મૌન ધારણ કરી સાક્ષીભાવે મહોત્સવને માણ્યો. જાણે પોતે જ બધું આયોજન કર્યું હોય, તેવા ભાવ સાથે દુનિયાને દેખાડો કરી હસતા રહ્યા. સૌને બિરદાવતાં રહ્યા. આ રીતે સ્વ. કેશુભાઈ શેઠ "માનવ નહિ, મહામાનવ" બની રહ્યા. આ જ તેમની વિશિષ્ટતા અને મહાનતા હતી.

છેલ્લાં પાંચેક વર્ષમાં ઊંઝાની કારોબારી સભાઓ, જનરલ સભાઓ ઘણી આંટીઘૂંટીઓ, મતમતાંતરો,

ઉશ્કેરાટો - વાવાઝોડાં આવ્યાં હશે પણ શેઠશ્રી સ્થિતપ્રજ્ઞ રહી સાક્ષીભાવે મૌન રહ્યા અને નિયતિ પ્રમાણે જે કામો થવાનાં હતાં, તે થયા કર્યાં. આજે શેઠશ્રીનો દિવંગત આત્મા આપણી વચ્ચે નથી, એટલે આપણી કસોટી પણ છે અને ફરજ પણ થઈ પડે છે કે ધાર્મિક સંસ્થામાં કોઈ રાજકારણ કે અહંને વચ્ચે લાવ્યા સિવાય આપણા વહીવટકર્તા - શ્રેષ્ઠી આગેવાનો એકજૂટ થઈ, એકમતે સંસ્થાનો વિકાસ કરી આગળ વધે. સ્વ. શ્રી કેશુભાઈ શેઠને સાચી શ્રદ્ધાંજલિ ત્યારે આપી ગણાય કે તેમનાં અધૂરાં સ્વપ્નો આપણે સૌ ભેગા મળી એક થઈ પૂરાં કરીએ અને ત્યારે બ્રહ્મકાલીન અને ઉપરામ થયેલા આત્માને ચિર શાંતિ મળશે. તો આવો, આપણે સૌ મનથી કટિબદ્ધ થઈ અધૂરાં સ્વપ્નો પૂરાં કરીએ.

## સ્વ. શ્રી કેશુભાઈ શેઠનાં સ્વપ્નો

### (શેઠશ્રી કેશુભાઈનું વૈચારિક મંથન)

(૧) ઉ.પ્ર. અને બિહારમાં કુર્મિ ક્ષત્રિયો સાથે સંબંધો કેળવી, મા ઉમિયાના મંદિરના માધ્યમથી જ્યોતિરથનું પરિભ્રમણ કરી એકતા કરવી, શૈક્ષણિક, સામાજિક, ધાર્મિક વિકાસ કરવો, સામાજિક સમસ્યાઓ ઉકેલવી. તે માટે આપણી સંસ્થામાંથી એક ટીમ ઊભી કરી, તેની સાથે લાયેઝન કરે તેવું ગોઠવવું.

(૨) સમસ્ત પાટીદાર સમાજ, સુરત સાથે, તેમના વડીલો સાથે સંબંધ ટકાવી રાખી તેમની ધોરણ-૧૨ પછીના ઉચ્ચશિક્ષણ માટે વગર વ્યાજની લોનનો આપણાં દીકરા-દીકરીઓને વધુમાં વધુ લાભ મળે. તેમના રચનાત્મક કાર્યક્રમોમાં આપણે સૌ સામેલ થઈ સહયોગ આપીએ, લેઉઆ-કડવાના મતભેદો ભૂલી મા ઉમા અને મા અન્નપૂર્ણાના આશીર્વાદ સાથે સંગઠિત થવું. જરૂર પડે રાજકારણમાં આ એકતાનો લાભ લેવો.

(૩) 'શેરથા' ના નરસિંહ મંદિર ટ્રસ્ટ સાથે સંપર્ક રાખી ૬૨ વીઘા જમીન મેળવવા આયોજન કરવું. તેમની સાથે નક્કી કરેલી રકમ આપી સ્થળ ઉપર કબજો મેળવી વિશ્વઉમિયા પાટીદાર પરિવાર તેનો વહીવટ-સંચાલન કરે, તેમાં શૈક્ષણિક-સામાજિક-ધાર્મિક પ્રવૃત્તિઓ કરવી. શૈક્ષણિક સંકુલ માટે શ્રી અનિલભાઈને જરૂરી જમીન આપી, ગણપત યુનિવર્સિટીનો એક ભાગ અહીં ચાલે તેવું ગોઠવવું.

(૪) સૌરાષ્ટ્રમાં ગાંઠીલા ઉમામંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ વખતે માન. મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની હાજરીમાં જે વિચાર મુકાયેલો તેને મૂર્તિમંત્ર કરવો. સૌરાષ્ટ્ર એજ્યુ. ફાઉન્ડેશનની રચના કરી રાજકોટ આજુબાજુ ૨૦૦ વીઘા જમીન લઈ એક અદ્યતન શૈક્ષણિક સંકુલ મુ. ઓધવજીબાપા અને મુ. પોપટભાઈ ફિલ્ડમાર્શલના સહયોગથી ઊભું કરવું, જે માટે ગાડલથી ઉત્તરે ૧૪ કિ.મી. ૧૮૦ વીઘા જમીન શૈક્ષણિક હેતુ માટે સરકારે ફાળવી છે, તે મેળવી સંસ્થા ઊભી કરવી.

(૫) સાબરકાંઠામાં ૧૫૦-૨૦૦ વીઘા જમીન મેળવી, શૈક્ષણિક સંકુલ, સામાજિક પ્રવૃત્તિઓ, ધાર્મિક પ્રવૃત્તિઓ કરવી, જે મુ. ખેમાભાઈને કામગીરી સોંપી છે, તેમાં સૌએ સાથ-સહકાર આપી આગળ વધવું.

(૬) મહેસાણા પાસેના દેદિયાસણ ગામે શ્રી ઉમિયા માતાજી સંસ્થાને બ્લૉક નં. ૭૫૦થી જગ્યાની માગણી કરી છે. તેના માટે સહિયારા પુરુષાર્થથી મહેસાણા જિલ્લાના ક. પા. સમાજનું કેન્દ્ર બનાવવું. તેમાં સ્કૂલો-હૉસ્ટેલ, મા ઉમાનું મંદિર, વિધવા-ત્યક્તા-નિરાધાર બહેનો માટે રહેવા-જમવા તથા રોજીરોટીની તકો ઊભી કરવી. બાગ-બગીચા-ક્રિડાંગણ-વડીલવૃંદાવન-સમૂહલગ્નો માટે હૉલ વગેરેની વ્યવસ્થા કરી, સમાજ સંગઠિત બને તેવા પ્રયત્નો કરવા.

(૭) મારું સ્વાસ્થ્ય સારું થાય તો હજુ અમેરિકા જવું છે અને ઉચ્ચશિક્ષણ માટે અને વિધવા-ત્યક્તા બહેનોને દત્તક લેવા માટે ૫૦૦ ડૉલર અને ૧૫૦

ડૉલરની યોજના તરતી મૂકવી. બે-ત્રણ માસ રોકાઈ આ કામને અગ્રતા આપવી.

(૮) 'ઉમિયા કેમ્પસ-સોલા' ને અમદાવાદના પાટીદારોની શ્રદ્ધા અને એકતાનું કેન્દ્ર બનાવવું. છોકરા-છોકરીઓની હાસ્ટેલો, ઉચ્ચ અભ્યાસક્રમોવાળું શૈક્ષણિક સંકુલ, મા ઉમાનું મંદિર, મોટી સભાઓ માટે લોનવાળી જગ્યા, એ.સી. હૉલ, પાર્કિંગ, બાગ, બગીચા, ભોજનાલય, કેન્ટિન, એન.આર.આઈ. ગેસ્ટહાઉસ, નોકરિયાત માટે કામચલાઉ રહેવાની હૉસ્ટેલ વગેરેની અદ્યતન વ્યવસ્થાવાળું સંકુલ બનાવવું.

(૯) રાજસ્થાન, મધ્યપ્રદેશમાં મા ઉમિયાના માધ્યમથી જ્યોતિરથના પરિભ્રમણ દ્વારા જે સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક બદલાવ આવ્યો છે, તેની સારસંભાળ રાખી તેના વિકાસમાં જરૂર પડ્યે સહયોગ આપી સંબંધો કાયમ માટે ટકાવી રાખવા. સાગવાડાની ટીમથી હું ખુશ છું પણ વાંસવાડામાં તેનાથી અધિક ક્ષમતાવાળા પાટીદારો છે. તેમને યોગ્ય માર્ગદર્શન આપી એક નવા સંકુલની સ્થાપના કરી સંગઠન કરવું.

(૧૦) કચ્છના આગેવાનોને ભેગા કરી સતપંથી-અસતપંથીઓના મતભેદો દૂર કરવા. મા ઉમિયાના આગેવાનો મધ્યસ્થી કરે, સૌ સાથે મળી આગળ વધે.

(૧૧) સુરતમાં હમણાં છ માસથી વહીવટની બાબતમાં એકબીજાનાં નાનામોટા મતભેદો છે, તે મિટાવવા.

(૧૨) ઊંઝા ઉમિયા માતાજીનો વહીવટ સરળ અને સુંદર રીતે ચાલે તે માટે એકબીજાના રાજકારણ કે અહંને વચ્ચે લાવ્યા સિવાય માત્ર માની સેવા કરવાનો ભાવ રાખશો, તો વિશ્વના પાટીદારોમાં સારો સંદેશ જશે. ટીમથી સંસ્થા શોભે છે. તે માટે સૌ કાર્યકરો ઘસાઈને ઊજળા થાઓ એવી પ્રાર્થના.

(૧૩) અમદાવાદની પશ્ચિમે 'ઉમિયા કેમ્પસ સોલા' છે તેવું સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક સંકુલ પૂર્વ બાજુએ પણ બને તે માટે મુ. પ્રાણલાલ ભોગીલાલ શેઠની ૨૦૦ ફૂટના રિંગરોડ ઉપરની ૨૨૦૦ વીઘા જગ્યામાંથી ૩૦૦ વીઘા જેટલી જગ્યા મળે, તો પ્રાણલાલ શેઠ યુનિ. બનાવી શકાય.

(૧૪) બેચરાજીમાં જેમ ધાર્મિક-સામાજિક પ્રસંગો માટે મા ઉમિયાનું સંકુલ છે, તેવું અંબાજી મુકામે મુ. આત્મારામકાકાની જગ્યા મળે, તો મા ઉમાનું મંદિર અને ભોજનાલય, ગેસ્ટહાઉસ સુંદર બની શકે.

(૧૫) શોભાસણ-ટેચાવા તા. વિજાપુરમાં ગણપત વિદ્યાનગર જેવું શ્રી ત્રિભુવન વિદ્યાનગર બને અને તે વિસ્તારના લોકોની શૈક્ષણિક ભૂખ ભાંગે તે માટે ઉમિયા એજ્યુકેશન ફાઉન્ડેશનના સર્વે દાતાશ્રીઓ અને કાર્યકર્તાઓ, ટ્રસ્ટીઓએ પ્રયત્ન કરવો.

(૧૬) સંવત ૨૦૬૮ને "સામૂહિક લગ્નપર્વ" નિમિત્તે દરેક સમાજ વધુમાં વધુ સમૂહલગ્નો કરે તે માટે ૪૧ સમાજના પૂર્વપ્રમુખ મુ. સાંકળચંદભાઈને જવાબદારી સોંપવામાં આવી હતી, તે પૂરી કરે.

(૧૭) યુવાનોમાં પડેલી સુષુપ્ત શક્તિઓને (ટેલેન્ટ) અને સંસ્કારોને સમાજ સમક્ષ પ્રદર્શિત કરવા "ઉમિયા ઑલિમ્પિક" દર વર્ષે ગુજરાતના અલગ-અલગ ઝોનમાં યોજાય તે માટે શેઠશ્રી ઘણા ઉત્સુક અને કાર્યરત હતા. તે જ પ્રમાણે સ્ત્રી-સશક્તિકરણના પાક્કા હિમાયતી હતા. તેમનું એક સ્વપ્નું હતું કે બહેનો માટે "મહાસંમેલન" બોલાવી બેટી બચાવો અને વ્યસનમુક્તિનો સંદેશો પહોંચાડવો.

**[લેખક 'ધરતી પરિવાર-મહેસાણા'ના મંત્રી અને ઉમિયા-સંસ્થાનના કારોબારી સભ્ય છે.]**

*મંત્રી, ધરતી પરિવાર, મહેસાણા.*
*મો. ૯૪૨૬૫૪૯૦૦૮*

# પાટીદાર સપૂતનું મહાપ્રસ્થાન

-- પ્રિ. કેશુભાઈ પટેલ (તંત્રી : 'જય ઉમિયા')

'માનવીના જીવનનું ખરું મૂલ્ય એના અવસાન પછી પ્રજાને સમજાય છે.' આ ઉક્તિ પાટીદાર જ્ઞાતિના શિરોમણી, રાહબર અને શ્રી ઉમિયા માતા સંસ્થાન, ઊંઝાના પ્રમુખ શેઠશ્રી કેશુભાઈ વિઠ્ઠલદાસના તા. ૧૧-૦૪-૨૦૧૧ના રોજ થયેલા સ્વર્ગવાસ બાબતે પણ સાચી લાગે છે. પોતે સતત કાર્યશીલ રહેતા અને સંસ્થાઓએ ઉપાડેલાં કર્મોથી પોતાની આગવી જવાબદારી સમજી કાર્યોને ધમધમતાં રાખતાં. છેલ્લે-છેલ્લે નાદુરસ્ત તબિયતની પરવા કર્યા વગર એમણે ઉત્તરપ્રદેશ-બિહારના કૂર્મી પાટીદારો સાથે અનુસંધાન જાળવવા પ્રવાસો પણ કર્યા. આવી પ્રવૃત્તિશીલતામાંથી એમની અણધારી વિદાયથી સમગ્ર પાટીદાર સમાજ શોકાતુર થઈ આઘાત અનુભવે તે સ્વાભાવિક હતું. એમના અવસાનથી જાણે એક સન્નાટા ભર્યો અવકાશ સર્જાઈ ગયો. એક ધમધમતું ઘટનાચક્રે એકાએક અટકી પડ્યું. 'સર્વ જનહિતાર્થે' જીવનની પળેપળ યોજનાર આ મોભીની સ્વપ્રશંસાથી દૂર રહેલી સુધારક દૃષ્ટિને કારણે એમની ઈચ્છા અનુસાર બેસણાનો પ્રસંગ બંધ રખાવી નવો જ ચીલો ચાતર્યો. પરંતુ એમનાં કાર્યોની સુવાસ જુદી-જુદી સંસ્થાઓ અને શહેરોમાં ભજન કિર્તન સાથે શ્રદ્ધાંજલિના કાર્યક્રમો થયા અને પાટીદાર જ્ઞાતિના એકમેવ એવા મહાનપુરુષ તરીકેનું એમનું વ્યક્તિત્વ પ્રગટ થયું. જાણે એની મુલવણીમાં કે આદર દર્શાવવામાં વાણી પણ ઊણી ઊતરતી હોય એવો સૌને અહેસાસ થયો. દિવંગત કેશુભાઈ ફરી પાકે ત્યારે... આજે તો એ એક અને અદ્વિતીય હતા અને છે - એની સૌ ગુણજ્ઞ પાટીદાર બંધુઓને પ્રતીતિ થઈ.

આજે તો આપણે સૌ પાટીદારો આપણી અસ્મિતાનાં ગૌરવમાન કરવામાં રાચીએ છીએ. પરંતુ પચાસ-સાઠ વર્ષો પહેલાં આપણે ક્યાં હતાં ? કેવાં હતાં ? આપણને કોણ જાણતું હતું ? એ સમજવા ઝવેરચંદ મેઘાણીની દસ્તાવેજી નવલકથા 'સોરઠ તારાં વહેતાં પાણી' વાંચવા ભલામણ કરું. એમાં સોરઠની અઢારે વર્ણોની ખમીરવંતી કથા મળે છે, પણ ક્યાંય કણબી દેખાતો નથી, હા, એક ઠેકાણે ગાળો ખાતો વેઠિયા તરીકે દેખાય છે. વેઠ, વૈતરું અને કાળી મજૂરી કરતા કણબી ખેડૂનું જીવન કંગાલ હતું. એનું ક્યાંય નામ-નિશાન નહોતું. આ પાટીદાર અસ્મિતા તો છેલ્લાં ચાલીસ-પચાસ વર્ષની વાત છે. અસ્મિતા એટલે એક ખમતીધર પ્રજા તરીકેની આગવી ઓળખ. આપણા સામૂહિક સામર્થ્યનો સામાજિક સ્વીકાર. સમયના ભાલ ઉપર આપણા હોવાપણાનું કુમકુમ તિલક.

દેશને માથે 'સુવર્ણ પ્રભાત ઊગવાની' નર્મદની આલબેલ સાથે વીસમી સદીથી શિક્ષણના ઉજાસને કારણે ભળભાંખળું દેખાતું થયું. શિક્ષણના પ્રકાશની કેડીએ આપણી મહેનતકશ પ્રજાના તેજસ્વી યુવાનો સતત વિકસતા રહ્યા અને એમની ગતિશીલતાએ જોતજોતામાં ઊંચાં લક્ષ્યો સર કર્યાં. વિકાસની આ રફતારમાં સમાન્તરે વેગ લાવવામાં પાટીદારોની ધાર્મિક આસ્થાના પાવન સ્થાનક સમા કુળદેવી મા ઉમિયા પ્રત્યેની વફાદારી હતી. એને પરિણામે ઉમિયા માતા સંસ્થાન દ્વારા આ ચાલીસ વર્ષોમાં સધાયેલાં અનોખાં પ્રસ્થાનનો ફાળો બહુમૂલ્ય રહ્યો. પાટીદારનાં ખમીરવંતાં રત્નોને માની આસ્થાના દોરે પરોવી પાટીદાર એકતા, જાગૃતિ અને વિકાસ દ્વારા અસ્મિતા ઉજાગર કરવામાં શેઠશ્રીનું પ્રેરક નેતૃત્વ અને આર્ષદૃષ્ટિ તથા હૈયાની સૂઝબૂઝનો લાભ મળ્યો.

સંત કે અવતારનું અવતરણ પણ સમય સાધીને થાય છે. એક તરફ શિક્ષણને પ્રતાપે આવેલી જાગૃતિ, સાહસિક ધ્યેયલક્ષિતાને અનુરૂપ ધંધારોજગારમાં જોતરાઈ સમૃદ્ધ થતા અને છેક વિદેશોમાં પ્રતિભાના ઓજસ પાથરતા પાટીદારોના આ સમયગાળામાં શેઠશ્રીના નેતૃત્વમાં મા ઉમિયાનાં સંતાનોએ સાધેલી સર્વતોમુખી પ્રગતિ સમગ્ર

વિશ્વમાં એક અપૂર્વ 'ફિનોમિનલ' ઘટના છે.

પ્રમુખ તરીકે શ્રી કેશુભાઈના હૈયામાં એકમાત્ર પાટીદારોની ઉન્નતિની ખેવતા હતી. પાટીદારોને જગાડવા, એકજૂથ કરવા અને વિકાસના પંથે જોતરવા માટે એમની પાસે સોંસરી દૃષ્ટિ અને આગવી સૂઝબૂઝ હતાં. એમના કાર્યકાળ દરમિયાન ઊજવાયેલા ત્રણ મહોત્સવોની સફળતાને કારણે પાટીદાર ચેતનાનો સમગ્ર વિશ્વમાં ડંકો વાગ્યો. ચોત્રીસ વર્ષ પહેલાં અઢારમી શતાબ્દી-મહોત્સવની સફળતાએ અનેક ગામી આશ્ચર્યકારક પરિમાણો સર્જ્યાં. એક વિરાટ કોમ તરીકે પહેલી વાર પાટીદારો પોંખાયા. એમનામાં કોમ પ્રત્યેનું સ્વાભિમાન પ્રગટ્યું. સૈકાજૂની કુળદેવી મા ઉમિયા પ્રત્યેની ધાર્મિક આસ્થા બળવત્તર થઈ. લાખો દર્શનાર્થીઓ માટે રહેવા-જમવાની સગવડો માટેનું વિશાળ આયોજન અને એને પાર પાડવાની સામૂહિક સ્વયંસેવકશક્તિ અને આતિથ્યભાવના અને મોટા ગજાનાં આયોજનો યોજવાં અને પાર પાડવાની ક્ષમતાનાં સુપેરે દર્શન થયાં. આ મહોત્સવને પરિણામે કુળદેવીના સ્થાનક તરીકે ઊંઝા પાટીદાર ચેતનાના નાભીકેન્દ્ર તરીકે પોંખાયું. આ મહોત્સવની સફળતામાં સ્વયંસેવકોની સેવાભાવના અને સર્વે કાર્યકરોની પારસ્પરિક સહકાર સાથે સમૂહમાં કામ કરવાની સુમેળભરી શક્તિની કસોટી થઈ. આ આયોજનોમાં મણિભાઈ-ઘંટી, મણિભાઈ-મમ્મી, વિક્રમભાઈ, અનિલભાઈ જેવા અનેક સોનામાં સુગંધ જેવા સમર્પિત સહયોગી કાર્યકરો મળ્યા. સાથે-સાથે એક સફળ સુકાનીમાં હોવાં જોઈતાં બધાં જ લક્ષણો શેઠશ્રી માટે સ્વભાવગત હતાં. સ્વપ્રશંસાથી દૂર રહેવું, સફળતાનો યશ બીજાને વહેંચી આપવો. મતમતાંતરની ક્ષણે અપવાદો પોતાને શીરે લેવા, ઓછું બોલવું, કામને જ મહત્ત્વ આપવું. કોઈના વિશે ટીકા ન કરવી, પોતાની થતી ટીકા-ટિપ્પણી પ્રત્યે મૂંગા રહેવું કે સહન કરવી અને ધારેલાં પરિણામો માટે પોતાની જાત ખર્ચી નાખી મંડ્યા રહેવું જેવા અનેક ગુણોને પરિણામે આવી વિશાળ જ્ઞાતિના એક માત્ર ધાર્મિક સ્થાનકના પાંત્રીસ વર્ષ જેટલા લાંબા સમય સુધી સર્વપ્રિય સુકાની રહ્યા. કોઈ પણ મોટા માનવસમૂહોની સંસ્થામાં હોંસાતોસી, વાદવિવાદ, અપજશ, અપવાદ કે કામ અંગે ટીકા-ટિપ્પણ તો થવાનાં. એમાંયે આપણામાં વિશેષઃ ક્યારેક ઈર્ષ્યાજિનિત કલુષિતત્વ અને પ્રચ્છન્ન વેરભાવનાને લીધે હિણપત દર્શાવવાના મલીન કારસા પણ થતા હોય છે. આ સંસ્થાનમાં પણ એવું જે કંઈ બન્યું હશે, એને શેઠશ્રીએ સમુદાર દૃષ્ટિ અને મોટું પેટ રાખી પચાવેલું. અને કાર્યકરો તથા તેમની કાર્યશક્તિને બિરદાવતા સદાયે હસતા રહ્યા. એમનો પ્રિયદર્શી સદાય હસતો રહેતો ચહેરો જ એમના સમૃદ્ધ આંતરવ્યક્તિત્વની સાચી પિછાન છે.

એકસો કરોડ એકત્ર કરવાના સંકલ્પ સાથે જ્યોતિરથની પરિક્રમા એ બીજું વામન પગલું. આ પ્રકલ્પની વિશેષતા એવી રહી કે સ્વયં મા ઉમિયા એમનાં બાલુડાંને દર્શન આપવા સામેથી પધારે એ વિચાર જ કેટલો રોમાંચક છે ! જ્યોતિરથ દ્વારા ગુજરાત, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં મળી ૪૫૦૦ ગામોની પરિક્રમા ઐતિહાસિક ઘટના બની ગઈ. જે- જે ગામે રથ ગયો, ત્યાં લોકોનો માતાજી પ્રત્યેના આદરને કારણે પ્રગટેલો સ્વયંભૂ લોકજુવાળ અદ્ભુત હતો. આ પ્રદક્ષિણાએ લોકોની પ્રચ્છન્ન ધર્મભાવનાને જગાડવાનો અદ્ભુત જાદુ કર્યો. તે સાથે ગયે વર્ષે અઢારમી શતાબ્દીના રજતજયંતી મહોત્સવે તો વિશ્વના પાટીદારોમાં ચૈતન્યનો સંચાર કર્યો. સમગ્ર રાષ્ટ્રે એક અદ્ભુત આયોજનશક્તિની સાકાર સફળતાથી ધન્યતા અનુભવી.

દિવંગત શેઠશ્રીનું અતિ અગત્યનું (સમણું) કાર્ય તો સમગ્ર ભારતના કડવા પાટીદારો ઉત્તરના કુર્મિઓ સમેત સૌને કુળદેવી મા ઉમિયાના શ્રદ્ધાસૂત્રમાં પરોવી એકત્ર કરવાનું હતું. આ માટે આંતર-પ્રાદેશિક પ્રતિનિધિ-મંડળો મિલન-મુલાકાતો યોજાઈ. આપણે મ.પ્ર. સાથે સૈકાઓથી જોડાયેલા હતા. ત્યાં ઉચ્ચ કેળવણીના વિકાસ માટે શેઠશ્રી દ્વારા દાન આપી સંસ્થાઓનાં નિર્માણ થયાં. ઉત્તરપ્રદેશની મુલાકાતોથી જાગૃતિની નવી લહેર આવી. અને આપણા સહિયારા પ્રયાસની ફળશ્રુતિરૂપે આઝમગઢ (ઉ.ગુ.)માં

એકસો યુગલોનાં સમૂહલગ્નનો કાર્યક્રમ સંપન્ન થયો. બડાગાંવમાં મા ઉમિયાનું મંદિર નિર્માણ થયું. શેઠની યોજના અનુસાર આપણી વચ્ચે એકતા સધાઈ, જાગૃતિ આવી. સુધારાનાં કામો થયા કેળવણી-સંસ્થાઓ સ્થપાઈ અને ઠેરઠેર મા ઉમિયામંદિર નિર્માણ દ્વારા આસ્થાની જ્યોત પેટાવી.

આપણા ઉમિયા માતા સંસ્થાનમાં પરંપરાથી ચાલતી ધાર્મિક પ્રવૃત્તિઓ ઉપરાંત આર્થિક સંપન્નતાને કારણે સમાજસુધારો, ગ્રામોત્થાન, નારીવિકાસ, શિક્ષણ માટે લોનફંડ અને અપંગ, વિધવા-ત્યક્તા માટેની મદદ જેવાં લોકકલ્યાણનાં કાર્યો પાછળ કરોડો રૂપિયાની આર્થિક મદદ આપી, પીડિતોમાં આંસુ લૂછવાનું સદ્કાર્ય પણ ચાલે છે.

આ બધાં સદ્કાર્યોમાં માનવ માત્ર પ્રત્યેની અનુકંપા અને ઊંડો સદ્ભાવ શેઠના હૈયામાં હતો. એટલે તો પાટીદારો ઉપરાંત રબારીભાઈઓના શિક્ષણની બાબત હોય કે વાલ્મીકનાં સમૂહલગ્ન હોય, સર્વત્ર તેઓ દોડી જતા અને અંગત રીતે ફાળો આપતા.

એક શ્રદ્ધાંજલિસભામાં કહેવાયું કે શેઠશ્રીનાં કાર્યો જણાવવા બેસીએ, તો પુસ્તકો લખાય અને ભવિષ્યમાં લખાશે પણ ખરાં. પણ પી. જે. પટેલે એમણે સેવેલાં પંદરેક સ્વપ્નોની જાહેરમાં નોંધ આપેલી. એ સ્વપ્નો સફળ કરવા આપણે સૌ સાથે મળી સંકલ્પ કરીએ અને પાર પાડીએ એ જ એમનું સાચું તર્પણ કહેવાય.

શેઠશ્રી કેશુભાઈએ તો માતાજીના એક સઘન સેવક તરીકે જીવનના છેલ્લા શ્વાસ સુધીનો હિસાબ આપ્યો. પોતે પાછળ રહ્યા, બીજાંને મોટા કર્યા આવો વિનમ્ર શુદ્ધ, પવિત્ર આત્મા આજે આપણી વચ્ચે નથી, ત્યારે એના ગુણાનુવાદ પણ આશાવેશ આપે છે. અંતે કવિશ્રી ન્હાનાલાલની પંક્તિ અંજલિ રૂપે નોંધું.

"શાં-શાં સંભારું ને પૂજું શી વિભૂતિઓ,
પુણ્યાત્માનાં ઊંડાણો તો આભ જેવાં અગાધ છે."

એ-૪, ઉત્સવ બંગલોઝ,
મહેસાણા-૩૮૪૦૦૨.
મો. ૯૮૨૪૬૭૯૯૬૩



# સ્વ. કેશુભાઈ શેઠ : એક ઉચ્ચ આધ્યાત્મિક આત્મા

-- પ્રિ. સોમાભાઈ પટેલ (તંત્રી : ધરતી)

છેલ્લા પાંચ-છ દાયકામાં પાટીદાર સમાજને ઘણા સંનિષ્ઠ સમાજસેવકો મળ્યા છે, જેમનાં સેવાકાર્યોને આજેયે લોકો યાદ કરે છે. પરંતુ એવા સર્વ સમાજસેવકોમાં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના પ્રમુખ શ્રી કેશુભાઈ શેઠને બેશક અગ્રસ્થાને મૂકવા પડે. સ્વ. કેશુભાઈ શેઠ સાચા અર્થમાં સમાજસેવક-શિરોમણિ હતા. એ વિશ્વભરના કડવા પાટીદારોની સર્વોચ્ચ ધાર્મિક સંસ્થાના પ્રમુખપદે એકધારા ૩૫ વર્ષ સુધી રહ્યા, અને જો એ વધુ જીવ્યા હોત તો હજુ બીજાં ઘણાં વર્ષ આ પદે હોત એવા એ સર્વજનપ્રિય, સર્વસ્વીકૃત સફળ સુકાની હતા.

આશ્ચર્યની વાત એ છે કે શ્રી કેશુભાઈ શેઠ આટલા લાંબા કાળ સુધી શ્રી ઉમિયા-સંસ્થાન જેવી મોટી ધાર્મિક-સામાજિક સંસ્થાના પ્રમુખપદની જવાબદારી વહન કરતા રહ્યા હોવા છતાં એમના માથા પર પ્રમુખપદનો ભાર કદી કોઈએ જોયો નથી કે પોતે પ્રમુખ હોવાનો અહેસાસ તેમણે કોઈને થવા દીધો નથી. ઘણી વાર રોજના સેંકડો કિલોમિટરનો પ્રવાસ ખેડીને દૂરદૂરનાં સ્થળોના કાર્યક્રમમાં હાજરી આપતા રહ્યા હોવા છતાં તેમનાં મોંએથી ક્યારેય થાક કે કંટાળાની ફરિયાદ કોઈએ કદી સાંભળી નથી. એમના વડપણ હેઠળ વિશ્વના લોકમાં જેની નોંધ લેવાઈ એવા બે મહામહોત્સવો તેમજ અન્ય અનેક જવાબદારીભર્યા પ્રસંગો સંપન્ન થયા. તે દરમિયાન આ કાર્યો સમયસર થશે કે નહિ તેની ચિંતામાં હાંફળા-ફાંફળા થઈ ઊંચા સાદે કાર્યકરોને સૂચના આપતા કે આમતેમ દોડાદોડી કરતા કોઈએ ક્યારેય જોયા નથી. સમાજનાં અને સંસ્થાનાં અનેક પ્રકારનાં અવરોધક અને ક્યારેક તો વિરોધી પરિબળોની વચ્ચે કામ કરતા રહ્યા હોવા છતાં કોઈ પ્રસંગે તેમના મોં પર ગુસ્સો, અણગમો કે તનાવ જોવા મળ્યો નથી. સંસ્થામાં ઘણી વાર મહત્ત્વના નીતિવિષયક નિર્ણયો લેવાના થયા હોય ત્યારે હોદ્દેદારો કે કાર્યક્રમમાં ચર્ચા ઉગ્ર સ્વરૂપ પકડે, પરસ્પર ઉગ્ર મતભેદ-મનભેદના પ્રસંગો સર્જાય, ત્યારે પણ તેમણે પોતાના મતને ખરો કરાવવા સત્તાવાહી અભિગમ દાખવ્યાનું જાણમાં નથી: સંસ્થાના હોદ્દેદારો કે સર્વ નાના-મોટા કાર્યકર્તાઓ સાથે વિચારભેદ હોય ત્યારે પણ કોઈ પ્રકારના મત-મમત કે સંઘર્ષમાં ઊતર્યા વગર સૌની સાથે સ્નેહ-સમભાવ અને સુમેળપૂર્વક વર્તતા રહી સમાજને નિર્ધારિત દિશામાં ઝડપથી લઈ જવાનું મુશ્કેલ કાર્ય તેઓ કરી શક્યા એ તેમની જેવી તેવી સિદ્ધિ નથી. આ અને આવા અનેક પ્રસંગે શેઠશ્રી જે સ્વસ્થતા શાંતિ જાળવી શક્તા તેની પાછળ તેમના આધ્યાત્મિક ચિંતન મનનનો ફાળો નાનોસૂનો નથી.



શેઠશ્રીની આગેવાની હેઠળ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા અનેક નવપ્રસ્થાન થયાં, ઉમિયા મંદિર અને સમગ્ર પાટીદાર સમાજને વિશ્વમાં પ્રતિષ્ઠા મળી, છતાં ક્યાંય પણ 'મેં કર્યું' એવો ભાવ એમની વાણીમાં તો નહિ જ, પણ એમના મુખ પર પણ જોવા મળ્યો નથી. પોતાને મળેલી સિદ્ધિ કે સફળતાનો યશ પોતે લેવાનો ભાવ પણ ન હોય, ત્યાં આત્મપ્રશંસાની તો વાત જ શી ?

ખરેખર, સંસારમાં રહીને પણ તેનાથી લેપાયા વગર સમાજના ઉત્કર્ષ માટે સતત ચિંતન અને કાર્ય કરતા રહેલા સ્વચ્છ-શ્વેત વસ્ત્રધારી કેશુભાઈ શેઠ આ જગતમાં મત-મમતથી, પદ-પ્રતિષ્ઠાની સ્પૃહાથી, માનસન્માનની આકાંક્ષાથી પર એવા એક ઉચ્ચ આધ્યાત્મિક સંત કે આત્મા હતા.

આપણે સ્વ. કેશુભાઈ શેઠ દ્વારા શ્રી ઉમિયા માતાજી

સંસ્થાનના નેતૃત્વમાં કેવાં-કેવાં અસાધારણ કાર્યો સંપન્ન થયાં તેનાથી ઠીક-ઠીક પરિચિત છીએ, પરંતુ એમના આ પાસાથી, એમના ઉચ્ચ આધ્યાત્મિક વ્યક્તિત્વથી મહદંશે અજ્ઞાત છીએ. એથી એમનો જે થોડોક નિકટવર્તી પરિચય મને થયો તેના આધારે તેમના આ ઉજ્જવળ અંશને ઉજાગર કરવાનો મારો નમ્ર પ્રયાસ છે.

સદ્ભાગ્યે, છેલ્લાં દસ-બાર વર્ષ દરમિયાન શેઠશ્રીની નજીક આવવાનું, એમની સાથે અનેક વાર સૌરાષ્ટ્ર-કચ્છ સહિત ગુજરાતનાં અનેક સ્થળોએ તેમજ મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાનના પ્રવાસે જવાનું થયેલું. આ સહયાત્રા દરમિયાન એમની સાથેની ચર્ચામાં મુખ્યતઃ બે બાબતો સતત કેન્દ્રમાં રહેતી. એક, પાટીદાર સમાજની સમસ્યાઓની ચર્ચા અને સમાજના વિકાસ માટે શું થઈ શકે તેનું ચિંતન. બીજું, જીવનને વધુ ઊર્ધ્વ, વધુ ઉજ્જવળ અને સાર્થક કેમ બનાવી શકાય તેની આધ્યાત્મિક ચર્ચા. પ્રવાસમાં શેઠશ્રીની સાથે આવાં આધ્યાત્મિક પુસ્તકો કે સામયિકો હોય જ. મને પણ પ્રવાસમાં આધ્યાત્મિક દર્શન-ચિંતનનાં પુસ્તકો સાથે રાખવાની આદત હોઈ આ અંગે ઘણી વાર સામાન્ય સ્તરની તો ક્યારેક ગહન ચર્ચા પણ થતી. શેઠશ્રીની સાથેના આ પ્રવાસ-સત્સંગના પરિણામે શેઠની આંતરિક વિચારસૃષ્ટિને, એમના મનોવિશ્વને પામવાની જે થોડીક તકો મને પ્રાપ્ત થઈ હતી, એના આધારે એમના વિશે એવું બેશક કહી શકું કે કેશુભાઈ શેઠ સંસારની વચ્ચે રહી જીવનભર કર્તવ્યકર્મ કરતા રહ્યા હોવા છતાં તેઓ સઘળી સાંસારિક સ્પૃહાઓથી, રાગ-દ્વેષથી, પદ-પ્રતિષ્ઠાથી, માન-સન્માનથી, પર અને અહંમુક્ત એવા એક ઉચ્ચ આધ્યાત્મિક આત્મા હતા.

ઉમિયા-સંસ્થાન જેવી સર્વોચ્ચ સંસ્થાના પ્રમુખ તરીકે શેઠશ્રી કેશુભાઈ સૌરાષ્ટ્ર-કચ્છ, સુરત કે મુંબઈ કે પછી મધ્યપ્રદેશ કે ઉત્તરપ્રદેશ જ્યાં-જ્યાં ગયાં ત્યાં એમને એ સંસ્થાઓના કાર્યકર્તાઓએ ન કલ્પી શકાય એટલા બધા ભાવ અને ઉમળકાથી વધાવ્યા છે અને ખૂબ માન-સન્માન આપ્યાં છે, પણ એ બધાં માન-સન્માનના ઉત્તેજનાપૂર્ણ દશ્યોની વચ્ચેયે શેઠશ્રીના ચહેરા પર તો એ જ સ્વસ્થતા અને એ જ શાંતિ જોવા મળે. આવાં બધાં માન-સ્નામનના પ્રસંગોની વચ્ચેયે તેઓ સ્થિતપ્રજ્ઞ મનઃસ્થિતિ ધરાવતા હતા.

એક પ્રસંગ મને યાદ છે : ગાંઠીલા (સૌરાષ્ટ્ર)ના ઉમિયા મંદિરના પ્રાણપ્રતિષ્ઠા-મહોત્સવમાં તેમનું સ્વાગત હાથીની અંબાડી ઉપર બેસાડીને લાખો માણસોના ઉત્તેજનાપૂર્ણ હર્ષનાદની વચ્ચે થયેલું, જેનો હું સાક્ષી હતો. તે વખતે તો એ એક અભૂતપૂર્વ ઘટના હતી. એ દિવસે કાર્યક્રમ પૂરો થયા પછી અમે એક જગ્યાએ બેઠા હતા, ત્યારે સામે જોઈ મને કહે, "સોમભાઈ, આ સન્માન કેશુભાઈને નથી મળતું, પણ ઉમિયા માતાજીના પ્રમુખને મળે છે !"

આવા લાખો માણસોની હાજરીમાં મળતાં માન-સન્માનમાં તો ગમે તેવો નેતા પણ પોરસાઈ ગયા વગર ન રહે, પણ આ તો કેશુભાઈ શેઠ. આવા પ્રસંગે પોતાની જાતને માન-સન્માનથી અલિપ્ત રાખવાની આવી જાગૃતિ ઉચ્ચ આધ્યાત્મિક દ્રષ્ટિ વગર ભાગ્યે જ સંભવે.

મુંબઈમાં ગોરેગાંવ ખાતે શ્રી ઉમિયા માતાજીનું સૌપ્રથમ મંદિર નિર્માણ થયું, ત્યારે ત્યાં ત્રણ દિવસના પ્રાણપ્રતિષ્ઠા-મહોત્સવ દરમિયાન હું પણ તેમની સાથે હતો. આવા ઉમિયામંદિરના પ્રાણપ્રતિષ્ઠા-મહોત્સવ વખતે ઉમિયા સંસ્થાન-ઊંઝાના પ્રમુખ તરીકે કેશુભાઈ શેઠ બધા કાર્યક્રમોમાં અને સ્વાગત-સન્માનમાં કેન્દ્રસ્થાને હોય જ. બીજા દિવસે સાંજનો કાર્યક્રમ લગભગ પૂરો થવા આવ્યો હશે, ત્યારે તેઓ મંચ પરની આગલી હરોળમાંથી ઊભા થઈ છેલ્લી હરોળમાં પાછળના ભાગે બેઠા. હું ત્યાં જ બેઠો હતો. મેં કહ્યું, "શેઠ, તમે આગળ બેસો. તમારું સ્થાન ત્યાં જ શોભે." ત્યારે એ મારી સામે જોઈ કહે, "સોમભાઈ, આપણે અહીં બેસીએ કે ત્યાં બેસીએ, તેથી આપણે જે છીએ તેમાં શો ફરક પડે છે ? પછી સ્મિત સાથે કહે, "આ બધું સન્માન કેશુભાઈને નથી મળતું, માતાજીના પ્રમુખને મળે છે !"

ત્રીજો પ્રસંગ : શ્રી ઉમિયા-સંસ્થાન દ્વારા ઈ.સ. ૨૦૦૦માં યોજાયેલ ઉત્તરપ્રદેશની સમાજયાત્રાના પરિણામ સ્વરૂપે બે સીમાચિહ્નરૂપ સોપાન સિદ્ધ થયાં. એક ઉ.પ્ર.માં રાહુવાર-બદૌલીમાં એકસાથે ૮૦ નવયુગલનાં દહેજમુક્ત સમૂહલગ્ન સૌપ્રથમ વાર સંપન્ન થયાં. (એ લોકોએ આ યાત્રા અગાઉ "સમૂહલગ્ન" શબ્દ સાંભળ્યો નહોતો.) અને બે, ઉત્તરપ્રદેશ બડાગાંવમાં ઉમિયા

માતાજીના સૌપ્રથમ મંદિરનું નિર્માણ થયું. જેનો પ્રાણપ્રતિષ્ઠા-મહોત્સવ બીજા વર્ષે યોજાયો ત્યારે શ્રી કેશુભાઈ શેઠ, શ્રી મણિભાઈ - મમ્મી, શ્રી વિક્રમભાઈ, શ્રી ઓધવજીબાપા વગેરેની સાથેની એ યાત્રામાં હું પણ સામેલ હતો. રાહુવાર-બદૌલીનો સમૂહલગ્નોત્સવ કાર્યક્રમ સંપન્ન થયા પછી અમારે બધાએ ત્યાંથી પરત ગોરખપુરથી ટ્રેનમાં દિલ્હી આવવાનું હતું. ગોરખપુરથી આસામ-અવધ એક્ષપ્રેસ મોડી હોવાથી પૂરા પાંચ કલાકનો સમય અમારે ગોરખપુર પ્લેટફૉર્મ પર જ પસાર કરવાનો હતો. હાડ ધ્રુજાવે એવી ઠંડી હતી. અમે પ્લેટફૉર્મ પરના થોડાક બાંકડાની ક્યાંક ખાલી બેઠકો કે અહીંતહીં પડેલાં પાર્સલો પર બેઠા. એક મોટું પાર્સલ પડ્યું હતું, તેના પર શ્રી કેશુભાઈ શેઠ બેઠા. ઓધવજીબાપા દૂરના બીજા પાર્સલ પર બેઠા. ભૂખ પણ લાગી હતી, તેથી મણિભાઈ-મમ્મી પડિયામાં મળતાં પૂરીશાક લઈ આવ્યા, તે બન્નેએ ખાધાં, છેવટે આખા દિવસના સખત થાક અને ઠંડીને કારણે શ્રી કેશુભાઈ શેઠે એ ખાબડખૂબડ પાર્સલ પર જ લંબાવ્યું. (એ જાય પણ ક્યાં !) ઓધવજીબાપા બીજા પાર્સલ પર આડા પડ્યા. ૭૦ વર્ષ વટાવી ગયેલા આ બન્ને બુઝુર્ગ શેઠિયાઓને એક સામાન્ય માનવી કરતાંયે અગવડભરી સ્થિતિમાં આ રીતે સૂતેલા જોઈ મણિભાઈ-મમ્મી મને કહે, "સોમભાઈ, આ શેઠિયાઓને જીવનમાં કશી ખોટ નથી છતાં આ ઉંમરે આટલી બધી મુસાફરીની અગવડો વેઠીને આટલે દૂર કયા સ્વાર્થે આવ્યા હશે ? લોકો તો સમજતા હશે કે આ બધા ત્યાં ફૂલહાર પહેરતા હશે અને લહેર કરતા હશે, પણ કોણ જાણે છે કે કશાયે સ્વાર્થ વગર આ ઉદ્યોગપતિઓ એક સામાન્ય માનવીની જેમ પડિયામાં પૂરીશાક ખાઈને પ્લેટફૉર્મ પરનાં પાર્સલો પર અત્યારે કડકડતી ઠંડીમાં સૂતા છે, અને છતાં એમના મોઢા પર નથી કશો અસંતોષ કે અગવડ વેઠ્યાનો ભાવ ! એમની વાણીમાં પણ નથી કશી ચીડ કે કંટાળો ! અમે આવું વિચારતા થોડે દૂરના એક પાર્સલ પર બેઠા હતા, ત્યાં કેશુભાઈ શેઠ ઠંડીમાં ચાદર ઓઢીને પાર્સલ પર સૂતા હતા, તે એકાએક બેઠા થયા. (કદાચ નીચે ખૂચતું હશે, પણ કોને કહે ?) મેં તેમને કહ્યું, "શેઠ હવે તો આ બધું છોડીને તમારે શાંતિ માટે હિમાલયમાં જવું જોઈએ." આ સાંભળી તેઓ કહે, "સોમભાઈ, આપણે હિમાલયમાં જઈએ તે તો આપણા પોતાના (સ્વાર્થ) માટે, એ સાચું તપ ન કહેવાય. જ્યારે અહીં આપણે અત્યારે પ્લેટફૉર્મ પર આ રીતે બેસવું પડે એમાં ખરું તપ છે; કેમકે, એમાં આપણે બીજાના માટે, કોઈક સારા હેતુ માટે, કશુંક છોડીએ છીએ. હિમાલયમાં ઠંડી કે અગવડ સહન કરવામાં તપ નથી. જ્યારે અહીં આ રીતે સહન કરવું એ જ તપ છે, કેમકે એમાં આપણે બીજા માટે કશુંક પણ કરીએ છીએ."

એ વખતે કેશુભાઈ શેઠના આ જવાબથી હું તો દંગ જ થઈ ગયેલો ! કેવી હતી એમની 'તપ'ની વ્યાખ્યા ! બીજાને માટે કરેલા ત્યાગ વગરનું તપ પણ સ્વાર્થનું તપ ગણાય ! કેવો એમનો જીવન વિશેનો વિધાયક અભિગમ! એમની આધ્યાત્મિકતા પણ શુષ્ક ન હતી, પૂરેપૂરી જીવનલક્ષી હતી. અમે બધા ગોરખપુરના પ્લેટફૉર્મ પર રાત્રે ઠંડીમાં ચાર કલાક બેસીને કંટાળ્યા હતા, પણ આ બુઝુર્ગ શોક્યિાના મોં પર કંટાળો થાક વરતાતો નહતો. તેનું રહસ્ય મને હવે સમજાયું

ગીતાના બીજા અધ્યાયમાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો વર્ણવતાં શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે, "જે પુરુષ સઘળી કામનાઓ છોડીને, મમતા વિનાનો, અહંકાર વિનાનો અને સ્પૃહા વિનાનો થઈને વિચરે છે, તે પરમ શાંતિને એટલે કે બ્રહ્મદશાને પામે છે."

સ્વ. કેશુભાઈ શેઠ સંસારમાં રહીને કર્તવ્યકર્મમાં સતત પ્રવૃત્ત રહ્યા છતાં રાગદ્વેષથી, સુખ-દુખથી પર, અહંતા-મમતાથી મુક્ત સ્થિતપ્રજ્ઞ હતા. છેલ્લા એક વર્ષથી તેઓ ઈશાવાસ્ય ઉપનિષદ, બૃહદારણ્યક ઉપનિષદ, શ્વાતાશ્વર ઉપનિષદના વાચન-મનનમાં રત રહેતા. સ્વામી કૃષ્ણાનંદજીનાં ઉપનિષદ ઉપરનાં પ્રવચનોએ તેમજ સ્વામી કૃષ્ણાત્મજજીના ગીતા દોહને તેમનામાં 'અહં બ્રહ્માસ્મિ'ની અનુભૂતિ કરાવી હતી. કેટલાક સમયથી તેઓ બ્રહ્મદશામાં જ હતા. આવા મુક્તાત્મા જગત પરથી અંતિમ વિદાય લે ત્યારે બ્રહ્મલીન સ્થિતિને પામે એ સહજ જ છે.

આવા, આપણી વચ્ચેથી પસાર થઈ ગયેલા આ દિવ્ય આત્માને આપણી સૌની શત-શત વંદના.

**૧, રચના સોસાયટી,**
**સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫.**
**ફોન : (૦૭૯) ૨૬૭૪૩૯૬૩**

# મૂઠીઊંચેરા માનવી શેઠશ્રી કેશુભાઈ

-- મનુભાઈ જે. પટેલ (ચાણસ્મા)

"કેશવલાલ શેઠ, જેઓએ ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના પ્રમુખ તરીકે પાટીદાર સમાજની સેવા કરતાં-કરતાં વ્યાપક સમાજના વિકાસ, શિક્ષણ અને જનજાગૃતિ માટે વિશેષ સેવા કરી છે. તેઓની દૃષ્ટિ વિશાળ, હૃદયથી પ્રેમાળ અને કરુણાસભર છે. સમગ્ર વિશ્વમાં ઉમિયા માતાજીના માધ્યમથી ઊંઝા અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. ગુજરાતમાં સૌપ્રથમ વાલ્મીકિ સમાજમાં સમૂહલગ્નો ઊંઝામાં યોજીને સામાજિક ક્રાંતિ અને સમરસતા ઊભી કરી છે. તેઓ સાચા અર્થમાં સમાજના શ્રેષ્ઠી અને મહાજન તરીકેની પ્રતિભા અને પ્રતિષ્ઠા ઊભી કરી શક્યા છે."



આ ઉદ્‌બોધન કરનાર છે ગુજરાતના ક્રાંતિકારી સંત સ્વામીશ્રી સચ્ચિદાનંદજી. (દંતાલી)

શેઠશ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ એટલે ભક્તકવિ નરસિંહ મહેતાના સાચા વૈષ્ણવજન. સાચા અને સારા માનવીના તમામ ગુણો તેઓશ્રીના વ્યક્તિત્વમાં ઉજાગર થતા હોવા છતાં નિરાભિમાની અને દાતા ઉપરાંત પથદર્શક બની રહેલા દેખાયા છે. ફૂલોના સુંદર અને નયનરમ્ય હારમાં પ્રેરક પરિબળ માત્ર પુષ્પો જ નથી પણ આ પરિમલ પ્રસરાવતાં પુષ્પોને એકતાંતણે સાથે રાખીને પુષ્પોની પશ્ચાદ્‌ભૂમિકામાં રહેતા સૂત્રની જેમ તેઓ જીવ્યા છે. સાથીદારોને જ યશના ભાગીદાર બનાવ્યા છે. પોતાના વ્યક્તિત્વની વિશાળતાને હંમેશા છુપાવી જ રાખી હતી. પરિણામે ત્રણ દાયકાઓથી વધારે સમયગાળા સુધી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના પ્રમુખ તરીકે હંમેશાં સર્વાનુમતે જ પસંદ થયા હતા. કાર્યકરોની શક્તિઓને ઓળખીને તેઓશ્રી હંમેશાં પ્રોત્સાહન - પ્રેરણા આપતા રહેલા દેખાયા છે.

**કન્યાશિક્ષણના હિમાયતી :**

શિક્ષણ દ્વારા જ સમાજ-પરિવર્તન થઈ શકશે, એવી શ્રદ્ધાથી ના. વિ. કન્યાવિદ્યાલય, વિસનગર અને નાથીબા મહિલા કૉમર્સ કૉલેજ, ગાંધીનગરના મુખ્ય દાતા અને સ્થાપક રહ્યા હતા. ગુજરાતમાં સેંકડોની સંખ્યામાં શાળા-મહાશાળાઓની સ્થાપના ઉપરાંત હૉસ્ટેલોના બાંધકામ માટે પણ માતાજી સંસ્થાન દ્વારા કરોડ રૂપિયાનું અનુદાન આપીને કન્યાશિક્ષણનો વ્યાપ વધાર્યો છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ-કડી અને ગાંધીનગરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના સર્જનમાં શ્રી માણેકલાલભાઈને હૂંફ અને સાથ હંમેશાં આપ્યો હતો. ગુજરાત ઉપરાંત મધ્યપ્રદેશમાં પણ શૈક્ષણિક સંસ્થાઓના સર્જનમાં દાતા અને પ્રેરક બની રહેવા પામ્યા હતા.

**ઉચ્ચશિક્ષણ : જ્યોતિરથ : ૧૦૦ કરોડનો લક્ષ્યાંક :**

સમાજમાં કેટલીક વ્યક્તિઓ વર્તમાનને જોઈને પુરુષાર્થ કરે છે, ત્યારે આર્ષદૃષ્ટાઓ ભવિષ્યનું દર્શન કરીને અગાઉથી જ આયોજન કરે છે. આવી દીર્ઘદૃષ્ટિ ધરાવનારા શ્રી કે. વી. શેઠ હતા. ગ્રામ્ય વિસ્તારના તેજસ્વી છતાં આર્થિક પ્રતિકૂળતાઓના કારણે ઉચ્ચ અભ્યાસથી વંચિત રહેતા તેજસ્વી અને આશાસ્પદ યુવાનો માટે જ્યોતિરથના માધ્યમ દ્વારા જનજાગૃતિ દ્વારા રૂપિયા ૧૦૦ કરોડના ઉચ્ચતમ લક્ષ્યાંક સાથે ઉચ્ચશિક્ષણ-નિધિની શરૂઆત કરી. હજારો વિદ્યાર્થી ભાઈ-બહેનોએ યોજનાનો લાભ લઈને ઉજ્જવળ કારકિર્દી બનાવી શક્યાં છે. યુનિ.માં સારા ગુણ મેળવનાર તેજસ્વી બાળકોને ઉમિયા ઍવૉર્ડ

આપીને તેજસ્વિતાનું બહુમાન કરાવવાનું શ્રેય દષ્ટિવંત શેઠશ્રી કે. વી. પટેલને ફાળે જાય છે. અંતરિયાળ વિસ્તારોમાં શિક્ષણ વિસ્તરે તે માટે જરૂરી સ્કૉલરશિપ કે મદદ આપતા દેખાયા છે. આ કાર્યમાં શ્રી વિક્રમભાઈએ તેમજ શ્રી મણિભાઈ-મમ્મી એ વીર હનુમાનની ભૂમિકા અદા કરી છે.

**વાલ્મીકિ સમાજનો સમૂહ લગ્નોત્સવ :**

સમાજના છેવાડાના વંચિતો એવા વાલ્મીકિ સમાજનો સમૂહલગ્ન કરાવવાનો ક્રાંતિકારી નિર્ણય તેઓશ્રીએ લીધો હતો. પરિણામે કહેવાતા સુધારાવાદીઓ અને પરંપરામાં જીવનારા કાર્યકરોના જીવ પડીકે બંધાયા હતા. આમ છતાં વાલ્મીકિ સમાજનાં લગ્નનું સફળ અને સુંદર આયોજન કરીને ઊંઝા ગંજબજારના આગેવાનોએ શકવર્તી કાર્ય કરીને વ્યાપક સમાજમાં સમરસતા દેખાડીને યશસ્વી દર્શન કરાવ્યું છે. ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા સમગ્ર સમાજની શ્રદ્ધાનું પરમ કેન્દ્ર બનવા પામ્યું છે. સૌના હૃદયમાં માતાજી પરમ આસ્થાના કેન્દ્ર સમાં ગણાયાં છે.

**૧૮મી શતાબ્દી અને રજતજયંતી મહોત્સવ :**

૧૮મી શતાબ્દી મહોત્સવની ઉજવણી પ્રસંગથી ઊંઝાની પ્રસિદ્ધિ સમગ્ર ભારતમાં પ્રસરી હતી અને હમણાં ઊજવાયેલ રજતજયંતી મહોત્સવ પ્રસંગમાં લાખો માણસોએ સહભાગી થઈને ધન્યતા અનુભવી છે. તેનું આયોજન, દર્શન, પ્રસાદની વ્યવસ્થા અને સાંસ્કૃતિક કાર્યક્રમોથી ઊંઝાનું નામ સમગ્ર વિશ્વમાં ગૌરવભર્યું બન્યું છે. આ મહોત્સવના પ્રેરક અને માર્ગદર્શક તરીકે શ્રી કેશુભાઈએ મહત્ત્વની ભૂમિકા અદા કરી હતી. સામાજિક જાગૃતિ સાથે કન્યા ભ્રૂણહત્યા નિષેધની પ્રતિજ્ઞા અને વ્યાપક સમજણ ઊભી થવા પામી હતી. લવ-કુશ સંયોજનથી સમગ્ર પાટીદારોની ઓળખ કરવાની મહત્ત્વની વાતમાં પણ તેઓશ્રી પ્રેરક હતા.

**મોતીભાઈ ચૌધરી ફાઉન્ડેશન :**

આપણો દેશ ખેતીપ્રધાન છે. પશુપાલન પણ હવે આગવો વ્યવસાય બની શક્યો છે, ત્યારે વૈજ્ઞાનિક પદ્ધતિ પ્રમાણેની ખેતી અને પશુપાલન માટેની જાગૃતિ મહત્ત્વની છે. ઉત્તર ગુજરાતમાં ભૂગર્ભ જળસ્રોતો ઓછા થયા છે, ત્યારે વરસાદી પાણીના બચાવ માટે ખેત-તલાવડી, તળાવો, ચોમાસાનું પાણી ભૂગર્ભમાં ઉતારવું મહત્ત્વનું બન્યું છે. મોતીભાઈ ચૌધરી ફાઉન્ડેશનના યશસ્વી પ્રમુખ તરીકે કેશુભાઈ શેઠે કરોડો રૂપિયાનાં આવાં કાર્યોનો હેતુપૂર્ણ અમલ કરાવ્યો છે. ખેડૂત આબાદ થશે, તો જ ગામડાં ગોકુળિયાં બનશે, એવી શ્રદ્ધા તેઓ ધરાવતા હતા.

**ડૉ. દ્વારકાદાસ જોષી ફાઉન્ડેશન :**

ગુજરાત સર્વોદય મંડળના પૂર્વપ્રમુખ અને જાણીતા સર્વોદય કાર્યકર અને આંખના નિષ્ણાત સર્જન ડૉક્ટર દ્વારકાદાસ જોષી હમણાં સદ્‌ગત થયા છે. ત્યારે ડૉ. જોષીસાહેબના કાયમી સ્મારક તરીકે ડૉ. જોષી ફાઉન્ડેશનની રચનામાં શેઠશ્રીએ દાન ઉપરાંત મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ગામડાં આબાદ બને, ગ્રામોદ્યોગને ઉત્તેજન મળે અને ગામનો વહીવટ ગ્રામજનો જાતે કરે તેવું ગ્રામસ્વરાજની પ્રવૃત્તિઓ માટે તેઓશ્રીએ આપેલ માર્ગદર્શન ખૂબ જ પ્રેરક અને ઉપયોગી બની રહેશે.

આવા વિશાળ હૃદયના અને નિર્મળ ભાવનાવાળા શેઠ આજે આપણી વચ્ચે રહ્યા નથી, ત્યારે તેમના ઊભા થયેલા ખાલીપાનો અજંપો સૌને સાલશે. તેમ છતાં તેઓશ્રીના સમાજવિકાસના વિચારોનું વાવેતર અને જાળવણી કરવા આપણે ચિંતનશીલ બનવું જ પડશે. મહાકવિ નાનાલાલના શબ્દોમાં કહીશું કે :

**"શું-શું સંભારીએ અને શી-શી રીતે પૂજીએ;**
**પુણ્યાત્માનાં ઊંડાણો આભ જેવાં અગાધ છે."**

*[લેખક : સર્વવિદ્યાલય શિક્ષણસંકુલ કડી-ગાંધીનગરના પૂર્વમંત્રી, ચાણસ્મા કેળવણીમંડળના મંત્રી, રાષ્ટ્રપતિ ઍવૉર્ડ વિજેતા પૂર્વઆચાર્ય છે.]*
*રૂપાણીનો માઢ, ચાણસ્મા (ઉ.ગુ.)*
*મો. ૯૯૨૪૫૧૦૪૫૫*

# આવા હતા મારા પિતાશ્રી...

-- કૌશિક પટેલ (સિદ્ધપુર)

**મા**રા પિતાશ્રી અત્યંત પ્રગતિશીલ વિચારવાળા હતા. તેઓ ધંધાર્થે ૧૯૭૦ના દાયકામાં જ્યારે-જ્યારે પરદેશ જતા, ત્યારે પરત આવી મને જે-તે દેશોની પ્રગતિની વાતો કહી મારામાં ઉત્સાહ ભરતા.

જ્યારે મારી ઉંમર ૧૬ વર્ષની થઈ, ત્યારે સાંજે જમ્યા બાદ કમ્પાઉન્ડમાં ચાલતા-ચાલતા - જે તેઓનો રોજનો નિત્યક્રમ હતો - ત્યારે એક દિવસ મારા ખભા ઉપર હાથ મૂકી મને કહેલું કે કૌશિક આજ પછી આપણે બન્ને મિત્રો છીએ. આપણો પિતા-પુત્રનો સંબંધ પૂરો થાય છે. ત્યાર બાદ તેઓનો મારા પ્રત્યેનો વ્યવહાર હંમેશને માટે મિત્રવત્ જ રહેલો. મને પુત્રભાવે કોઈ પણ આજ્ઞા ક્યારેય કરેલી નહિ. તેઓ મોકળાશથી ખુલ્લા દિલે બધી પ્રકારની ચર્ચાઓ નિઃસંકોચ મારી સાથે કરતા.



અમારું મકાન અમારી ફેક્ટરી તથા ઑફિસની સામે હતું. સવારે ઊઠી ચા પીતાં-પીતાં તેઓ સમાચારપત્રો વાંચતાં. એક દિવસ સમાચારપત્ર વાંચતાં, વચ્ચે અટકી મને પાસે બોલાવી જણાવ્યું કે સામેની ઑફિસનું ટૉઇલેટ જરા સાફ કરી આવ તો ! મને થયું કે હું સફાઈ કામદાર થોડો છું ? મેં જવાની ના પાડી. સામે દલીલ કરી કે ઑફિસમાં કામ કરતાં વ્યક્તિઓ ટૉઇલેટ વાપરે અને ગંદું કરે, તે મારે સાફ કરવાનું ? મને આ યોગ્ય નથી લાગતું. તે લોકોએ વારાફરતી તેની સફાઈ કરવી જોઈએ.

મારા આશ્ચર્ય વચ્ચે તેઓએ શાંતચિત્તે પેપર હાથમાંથી બાજુમાં મૂકી ચંપલ પહેરી ઑફિસ તરફ જવા નીકળી ગયા. હું કુતૂહલવશ તેઓની પાછળ-પાછળ ચાલ્યો. ટૉઇલેટની બહાર ચંપલ કાઢી ટૉઇલેટમાં દાખલ થયા. દરવાજો બંધ કર્યો. મારી કુતૂહલતાની હદ વટી ગઈ. મેં ધીમેથી દરવાજો ખોલી જોયું, તો પિતાશ્રી ટૉઇલેટનું કમોડ (તે જમાનામાં વેસ્ટર્ન ટાઇપનું તેઓએ લગાવડાયેલું) ટૉઇલેટમાં સફાઈનું બ્રશ ના હોવાથી પોતાનો એક પગ કમોડમાં નાંખી, ફ્લશ ચાલુ કરી ઘસીઘસીને સાફ કરવા લાગ્યા. ધીરેથી લગભગ ૫ મિનિટ સુધી પગ ઘસીને કમોડ અને ત્યાર બાદ આખું ટૉઇલેટ સાફ કર્યું !

મને તો કાપો તો લોહી ના નીકળે ! હું અવાક્ થઈ ગયેલો. તેઓ ત્યાર બાદ અત્યંત શાંતમુદ્રામાં મારી ઉપર સ્મિત લાવી ઘર તરફ રવાના થયા અને જાણે કંઈ નથી બન્યું તે પ્રમાણે ફરી પેપર વાંચવામાં લાગી ગયા. ત્યાર બાદ તેઓ જીવ્યા ત્યાં સુધી એક વાર પણ આ પ્રસંગ અંગે કોઈ પણ ઉલ્લેખ સુધ્ધાં કરેલ નહિ. પરંતુ આ પ્રસંગ બાદ મારામાં બદલાવ આવ્યો અને ટૉઇલેટ સાફ કરવાની શરમ મારામાંથી ચાલી ગઈ. આજે પણ દરરોજ હું મારું ટૉઇલેટ તથા જો બહારગામ જવાનું થયું હોય તો જે-તે સ્થળનું ટૉઇલેટ અવશ્ય સાફ કરી નાંખું છું. આ રીતે તેઓ મારા જીવનને જે રીતે ઘડવા માંગતા હતા તે ઠપકા કે સૂચનાના રૂપમાં નહિ, પરંતુ આવા પ્રત્યક્ષ દાખલા આપી ઘડતા.

આવા મારા પિતાશ્રી હતા.....

*[લેખક સદ્ગત શેઠશ્રી કેશુભાઈના સુપુત્ર છે.]*

*ગુલાબપાર્ક,*
*એસ.ટી.બસસ્ટૅન્ડ પાસે,*
*સ્ટેશનરોડ, સિદ્ધપુર*
*(મો. ૯૯૭૮૯૫૧૮૩૦)*

# પાટીદાર સમાજના પારસમણિ, કડવો ત્યાં કંકોત્રી, ત્યાં કેશુભાઈ શેઠ.

-- શંકરલાલ ગુરુ (પ્રેસિડેન્ટ, વર્લ્ડ પાટીદાર ફેડરેશન)

ઉમિયા માતાજી સંસ્થાનનાં સાડત્રીસ વર્ષ એકધારા પ્રમુખ ચૂંટાઈ - ધર્મ સાથે સંસ્થાને સામાજિક - શૈક્ષણિક ક્ષેત્રે નવો ઓપ આપી પાટીદાર સમાજે છેલ્લા ત્રણ દાયકામાં જે કરવટ બદલી છે, તે અત્યારે પ્રત્યક્ષ દેખાઈ રહી છે. ઉમિયા માતાજીના બે લૅન્ડમાર્ક પ્રસંગો ૧૮મી શતાબ્દી-૧૯૭૬ અને ૧૮મી શતાબ્દી રજતજયંતી-૨૦૦૯ આબેહૂબ છે. રજતજયંતી વર્લ્ડ રેકર્ડબુકમાં સ્થાન પામે એવી સિદ્ધિઓ જેવી કે એક કરોડ દર્શનાર્થી આવ્યા અને સાઈઠ લાખ જમ્યા અને ચાલીસ કરોડનું દાન આવ્યું. દેશવિદેશમાં રૉકેટગતિએ સંપ, એકતા અને મા ઉમા પ્રત્યેની અથાગ શ્રદ્ધા ફેલાઈ.

આ બધો શ્રેય ફક્ત ને ફક્ત શ્રી કેશુભાઈ શેઠનાં કુનેહ, દીર્ઘદૃષ્ટિ અને મિલનસાર નિઃસ્વાર્થી સ્વભાવને આભારી છે. શ્રી કેશુભાઈ શેઠ આપણી વચ્ચે તેમના વિચારો સાથે છે જ. શેઠ-શ્રેષ્ઠી અને સંતસેવક તરીકેની તેમની જિન્દગી પેઢીઓની પેઢીઓ સુધી ચિરંજીવી રહેશે.

હું પણ ઉમિયા માતાજી સંસ્થાન સાથે છેલ્લાં ચાલીસ વર્ષથી માના ખોળે અને શેઠની નજીક રહ્યો છું. અંતમાં શેઠને અંજલી એટલે, તેમનાં અધૂરાં કામો સમાજ ઉપાડી લે અને પ્રજાહિતમાં પૂરાં કરે એ જ શ્રદ્ધાંજલિ.

*'માતૃઆશિષ', સી-૨૩, આર્યમાન બંગલો,*
*શીલજ રેલવે ક્રૉસિંગ પાસે, અમદાવાદ-૫૯.*
*ફોન : (૦૭૯) ૨૭૫૦૧૭૭૯*

ચિરાગ પટેલ
૯૮૨૫૦ ૧૦૬૮૫

વિશ્વેષ ઝવેરી
૯૮૭૯૫ ૯૦૬૮૫

Gold Roof

ગોલ્ડ રૂફ
ડાઈમંડ જ્વેલરી



હોલસેલ રીટેલ

અરવિંદભાઈ અંબાલાલ પટેલ (બલોલવાળા)

BIS હોલમાર્ક સર્ટિફાઈડ ડાયમંડ જ્વેલરી

૨૦૬, ચિત્રરથ કોમ્પલેક્ષ, પ્રેસીડન્ટ હોટલની બાજુમાં,
ઓફ સીજી રોડ નવરંગપુરા, અમદાવાદ.
ફોન નં. : ૨૬૪૦૩૭૮૬, મો. : ૯૩૨૭૦૧૨૩૪૨

ધરતીના ગ્રાહકને ૫% ડિસ્કાઉન્ટ

# પાટીદાર સમાજના કર્ણધાર, સૂત્રધાર અને સર્જક શેઠશ્રી કેશુભાઈ પટેલ

-- ડૉ. મફતલાલ પટેલ (પૂર્વ તંત્રી : 'ધરતી')

શેઠશ્રી કેશુભાઈની સાથે વર્ષો સુધી નિકટમાં રહ્યો. આંતબાહ્ય રીતે મેં તેઓને જોયા છે, તેઓની સાથે ઘણાં સ્થળોએ મેં પ્રવાસ કર્યો છે આ એક એવું વ્યક્તિત્વ હતું કે તેઓ સૂતેલાને જગાડે, જે સંસ્થામાં જાય તે સંસ્થાની ગતિ જ વધારી દે, કાર્યની ઝડપ એટલી બધી કે સંસ્થાના કાર્યકરોને કામ કરતા કરી દે. બોલવાનું ઓછું. પ્રવચન પણ મર્યાદિત. સલાહ પણ વણજોઈતી નહિ. સંસ્થા અને કાર્યકરોની નાડ પારખી લે, ને પછી સંસ્થાને વળાંક આપી દે.

પાટીદાર સમાજના માઇન્ડને બરાબર ઓળખી ગયેલા, સમગ્ર પાટીદાર સમાજના મનોચિકિત્સક હતા. કુશળ અને હોશિયાર ડૉક્ટર દર્દીને ઝડપથી સારો-સાજો કરી દે છે, તેવી જ રીતે તેઓ પાટીદાર સમાજના સાચા ડૉક્ટર રહ્યા. નાડી પારખીને દવા કરી દે. અનેક સંસ્થાઓને તેઓએ સજીવ કરી છે, ગતિશીલ બનાવી છે.



'ધરતી'માં સૌપ્રથમ વાર એક મિટિંગમાં આવ્યા, ને ધરતીના હાલ-હવાલ જોયા. તે વખતે પ્રભાતકુમાર દેસાઈ તંત્રી હતા, હું કારોબારી સભ્ય હતો. તે વખતે 'ધરતી'નું લવાજમ માસિક રૂપિયા ત્રણ હતું. 'ધરતી' પાસે પૈસા હતા નહિ. 'ધરતી'ના ગ્રાહકો નોંધવા માટેની કોઈ વૈજ્ઞાનિક વ્યવસ્થા ગોઠવાઈ ન હતી. તેઓએ મિટિંગમાં જ કહી દીધું, 'ધરતી'નું લવાજમ રૂપિયા દસ કરી દો ને પ્રચારક તરીકે બાબુભાઈ ગાંધીને મૂકી દો. તંત્રીનું વેતન પણ વધારી દો. ત્યારે અમે બધા મૂંઝવણમાં મુકાયેલા. આ બધું કરવા પૈસા ક્યાંથી લાવવા ? ત્યારે શેઠે તરત જ બધાને કહ્યું, "તંત્રીનું માનદ્ વેતન અને બાબુભાઈ ગાંધીના ખર્ચના બધા જ પૈસા વર્ષના હું આપી દઈશ ને તેઓએ એટલી મદદ કરી કે 'ધરતી' જે ધીમે-ધીમે ગતિ કરતું હતું, તેને દોડતું કરી દીધું ને આજે ધરતીના ૧૩ હજાર ગ્રાહકો બન્યા હોય, તો તેના પ્રેરણાસ્રોત શેઠશ્રી કેશુભાઈ પટેલ રહ્યા છે."

મધ્યપ્રદેશના પ્રવાસમાં મારે તેઓની સાથે જવાનું થયેલું. મધ્યપ્રદેશ સાથે આપણે કોઈ લેવાદેવા નહિ કે કોઈ આત્મીય સંબંધો નહિ, પણ કેશુભાઈએ કન્યાકેળવણી માટે, સમૂહલગ્ન માટે લોકોને તૈયાર કર્યા, ને પોતે જાહેરસભામાં પહેલા પૈસા પોતે લખાવે, ને આપી દે. કાર્યકરોના હાથમાં પૈસા આવે, એટલે તરત જ ઉત્સાહ જાગે, ને જે કરવાનું છે, તેની શરૂઆત કરી દે. મધ્યપ્રદેશનાં અનેક સ્થળોએ જે કન્યા-વિદ્યાલયો ઊભાં થયાં, તેના પ્રેરણાસ્રોત તો કેશુભાઈ રહ્યા. રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશના પાટીદારમાં ચેતના જગાડનાર કેશુભાઈ શેઠ હતા. કલ્પના ન કરી શકાય તેટલી જગ્યાએ તેઓએ ચૂપચાપ મદદ કરી છે. સમય આપે, સાથે પૈસા આપે - આવા કાર્યકરો ભાગ્યે જ જોવા મળે. કેશુભાઈમાં આ બધા જ ગુણો હતા. શ્રી ઉમિયા માતાજી સંસ્થાનને સમગ્ર દેશ અને દુનિયામાં ગૌરવવંતું સંસ્થાન બનાવ્યું, તેમાં કેશુભાઈનું પ્રદાન સર્વોચ્ચ રહ્યું છે.

મંદિરની આવકનો ઉપયોગ સમગ્ર કડવા પાટીદાર સમાજના વિકાસમાં કરવો, ને સમગ્ર કડવા પાટીદાર સમાજશિક્ષણમાં આગળ વધે, નવા ઉદ્યોગો તરફ ખેંચાય, પાટીદાર સમાજનું આદર્શ સંગઠન બને, આવું બધું વિચારનાર કેશુભાઈ હતા. વાણિયા, બ્રાહ્મણ અને પાટીદારોની વિશેષતાથી ભરેલું તેઓનું બાહોશ વ્યક્તિત્વ હતું. જે કંઈ સારું કરવું છે, તે કરીને જ જંપે, શાંત છતાં સંપૂર્ણ આગ્રહી અને આંતરિક રીતે નીડર હતા.

આવા સમાજશ્રેષ્ઠીના અવસાનથી સમગ્ર પાટીદાર સમાજે એક મહાન પુરુષને ગુમાવ્યા છે. તેઓની ખોટ કાયમ રહેવાની છે, કદી તેઓને ભૂલી શકાય નહિ. તેઓના આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાંતિ આપે તેવી પ્રાર્થના.

*૩૫, સ્વામી ગુણાતીતનગર સોસાયટી,*
*મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.*

# પૂ. મામા શ્રી કેશુભાઈ શેઠને શ્રદ્ધાંજલિ

-- નટુભાઈ જે. પટેલ (ભાણાભાઈ)

સૂર્યની ઓળખ આપવાની ન હોય. એક જ વાક્યમાં કહી દઉં તો અન્ના હજારેના પેંગડામાં પગ મૂકી શકે તેવી વ્યક્તિ હોય, તો તે હતા કેશુભાઈ શેઠ. આમ તો માણસે પોતાના કે પોતાનાં કુટુંબીજનોના વખાણ કરવા યોગ્ય નથી, પણ તેમના ભાણાભાઈના નાતે કેશુમામા જેવા મોટા માણસના ફેમિલીની અંગત, નાની વાતો કહેવાનું હું રોકી શકતો નથી.

તેમનો ટૂંકો પરિચય આપી દઉં, તો વિઠ્ઠલભાઈ રણછોડભાઈ પટેલના ચાર પુત્રો - શ્રી વાડીલાલ, કેશવલાલ, ગિરધરલાલ અને કાન્તિલાલ અને તેમને ચાર દીકરીઓ. ગામ કાંસા, તા. વિસનગર.

૨૫ વર્ષની નાની ઉંમરે એમના જીવનમાં પહેલી દુઃખદ બીના બની હોય, તો મારી ઉંમર ફક્ત ચાર વર્ષની હતી, ત્યારે મારા ફાધરનું અવસાન થયું. ત્રણ બાળકો હોય, તેવી નાની બહેનને જોઈને કયો ભાઈ દુઃખી ન થાય ? પણ ભગવાનની ઇચ્છા સમજી ચારે ભાઈઓએ સંકલ્પ કર્યો કે આપણે સેવાકીય કાર્યો કરવાં, કુટુંબીજનોને મદદ કરીને ઊંચા લાવવાં, એક-સંપથી રહેવું અને ધાર્મિક પ્રવૃત્તિઓ કરવી. જે આજે પણ તેનો અમલ કરી રહ્યા છે અને તેમના પરિવારમાં સારા વિચારો-ગુણોનું સિંચન કરી રહ્યા છે.

થોડાંક વર્ષ શિક્ષકની નોકરી કરી, તેને છોડીને બ્રાહ્મણવાડામાં ભાગીદારીમાં ઇસબગુલની નાની ફેક્ટરી ચાલુ કરી. તેમાંથી છૂટા થઈને સિદ્ધપુરમાં બીજાની ભાગીદારીમાં ઇસબગુલની ફેક્ટરી શરૂ કરી અને પછી તેમની પોતાની ફેક્ટરી કાકોશી ગામમાં નાખી, જે નાનું પછાત ગામ હતું.

તે વખતની તેમની કૌટુંબિક ભાવનાની વાત કરું તો ચાર ભાઈઓમાં ફક્ત કેશુમામા જ સિદ્ધપુર શહેરમાં રહેતા હતા. તેમને પાંચ બાળકો હતાં, છતાં પણ તેમના ભત્રીજાઓને શહેરમાં સારું ભણતર મળે, સારા સંસ્કાર મળે તે માટે ત્રણ બાળકોને પણ રાખ્યાં અને ભણાવ્યાં. હું પણ જ્યારે ચોથા ધોરણમાં આવ્યો ત્યારે મને પણ સિદ્ધપુરમાં બોલાવી દીધો. નવ-નવ બાળકોને સાથે રાખીને ભણાવી, તેમનું ઘડતર કર્યું, તે બદલ મામી પણ ધન્યવાદને પાત્ર છે. કોઈ પણ જાતના ભેદભાવ વગર તકલીફ વેઠીને પણ સાથે-સંપથી રહેવું તે આ જમાનામાં શક્ય છે ખરું ? તેમની બીજી ઉદારતાની વાત કરું, તો તેમને તેમના વતનનાં જે કુટુંબીજનો ભણી શકે તેવાં હતાં તેઓને ભણાવ્યાં અને નોકરીઓ પણ અપાવી. ન ભણતા છોકરાઓને તેમની ફેક્ટરીમાં લઈ ગયા અને ત્યાં રાખ્યા, અને તેમનાં બાળકોને સારું શિક્ષણ મળ્યું. મને વાત કરતાં આનંદ થાય છે કે તેમની ઉદાર ભાવનાને કારણે તેમના ત્યાં નોકરી કરતા એક ભાઈની દીકરી જે આજે તો કરોડોપતિના ત્યાં સંસાર માંડી સુખેથી રહે છે. તેમના આશીર્વાદથી અમો પણ ઘણા સુખી છીએ.

તેમણે તેમના પરિવારનો જ વિચાર નથી કર્યો, પણ કાંસા ગામના પરિવારોનાં બાળકોને જેને જરૂર પડી છે તેમને નોકરી-ધંધો કરી આપેલ છે. આપણા કડવા પાટીદાર સમાજમાં ઘણા લોકોને તેમના આશીર્વાદ ફળ્યા છે અને સુખી થયા છે.

લગ્નમાં વધારે પૈસા વાપરીને એકબીજાની દેખાદેખીમાં ધન વેડફી દેવાની જ્યારે હરીફાઈ ચાલતી હતી, ત્યારે મારા ચારે મામાઓએ ભેગા મળીને નક્કી કર્યું કે આપણા બધા દીકરાઓનાં સાદાઈથી લગ્ન કરવાં અને તે પણ ઊંઝા મા ઉમિયા મંદિરમાં. તેઓ સગપણ કરતી વખતે જ કહી દેતા કે ઉમિયા મંદિરમાં લગ્ન કરવાનાં હોય તો આગળ વાત ચલાવીએ અને આમ બાકીના બધા જ છોકરાઓમાં ઊંઝામાં લગ્ન

કરી સમાજમાં સાદગીનો ઉત્તમ દાખલો બેસાડ્યો. તે વખતની વાત કરવાનું હું રોકી શકતો નથી. મામાની શરતોમાં લગ્ન કરવામાં બે દીકરા મોડા પડ્યા અને તે વર્ષે સારા મુરતમાં મા ઉમિયાના મોટા કે નાના બધા હૉલ બુક થઈ ગયેલ. પોતે પ્રમુખ હોવા છતાં તેમના હોદ્દાનો ઉપયોગ કર્યા વગર એક દીકરાનાં લગ્ન ઉમિયા માતાજીના ખુલ્લા ચોકમાં કર્યાં અને બીજા દીકરાનાં લગ્ન જ્યાં રસોડું ચાલતું હતું, તેની પાસે માણસોની જમવાની જગ્યા હતી ત્યાં કર્યાં ! આટલું શ્રીમંત કુટુંબ હોવા તેમણે છતાં પોતાની મોટાઈ ન દેખાડતાં હસતા મોંએ લગ્ન કરીને બધાને આશ્ચર્યચકિત કરેલા.

કેશુમામામાં એક સારો ગુણ હતો કે તેમને નાત-જાતનો ભેદભાવ રાખ્યા વગર બધાને સમજાવીને એક રાખતા. તેમના વતન કાંસા ગામની વાત કરું, તો ચૂંટણીના કારણે ગામમાં બે ભાગ પડી ગયેલ. કોઈ નમતું જોખવા તૈયાર ન હતું. એક પછીથી મોટું ફંડ લેવા આવે, તો કહી દેતા કે બધા સાથે મળીને આવો તો જ આપું. આમ, તેમની એકતાની ભાવનાના કારણે આખું ગામ એક થયું અને શાન્તિથી રહ્યું.

તેઓની નિઃસ્વાર્થ સેવા કરવાની ભાવનાને કારણે તેઓએ રાજકારણને દૂર જ રાખ્યું છે. તેઓ ધારત તો મિનિસ્ટરપદ સુધી પણ પહોંચી શક્યા હોત. વર્ષો પહેલાંની રાજકારણની તેમની રમૂજ અને મૂંઝવણની વાત કરું, તો તે સમયે તેમનું નામ આગળ પડતું હોવાથી ઊભેલા ઉમેદવારો તેમને ચૂંટણીના પ્રચારમાં લઈ જતા. તે સમયે બે જ પ્રક્ષો કૉંગ્રેસ પક્ષ અને સંસ્થા પક્ષ. એક દિવસ વિસનગરમાં ઊભેલા કૉંગ્રેસના ઉમેદવાર ભોળાભાઈનો પ્રચાર કરે, તો બીજા દિવસે સંસ્થા પક્ષમાં ઊભેલા વિઠ્ઠલભાના પ્રચાર માટે સિદ્ધપુર જવાનું. તો વળી તેના પછીના દિવસે પાછા ઊંઝામાં કૉંગ્રેસમાં ઊભેલા શંકરલાલ ગુરુના પ્રચારે જવાનું ! પણ તે વખતે મારા ધ્યાનમાં આવ્યું નથી કે લોકોએ તેમને હેરાન કર્યા હોય ! અત્યારે જો આવું થાય તો ? મામાની મૂંઝવણ હતી કે પક્ષ વિષે શું બોલવું ?

તેમની નવી પેઢીની વાત કહેવાનું હું રોકી શકતો નથી. વાડીલાલના પુત્ર અરવિંદભાઈનાં લગ્ન મા ઉમિયા મંદિરમાં થયાં હતાં. અરવિંદભાઈના પુત્ર કે જેની હજુ સગાઈ પણ થઈ નથી, તેણે અરવિંદભાઈને કહ્યું કે, 'પપ્પા, હું પણ લગ્ન ઊંઝામાં ઉમિયા મંદિરમાં જ કરીશ અને આ વાત તેણે ત્યારે જ કરેલી કે જ્યારે કેશુમામાના પાર્થિવ દેહને ઊંઝામાં ઉમિયા મંદિરમાં દર્શન કરવા માટે રાખેલ ! આમ, છેલ્લા દિવસે પણ તેઓ તેમના પૌત્રને પ્રેરણા આપતા ગયા અને તેમની નવી પેઢીમાં સારા સંસ્કારોનું સેવન કરતા ગયા ! સેવાભાવી મોટા માણસોનો આ ચમત્કાર નહિ, તો બીજું શું ?'

પોતાના મૃત્યુ પહેલાં તેઓ બીજાઓને તકલીફ ન પડે માટે બેસણું રાખવાની ના પાડતા ગયા; અને મરણ પછી ઊંઝા ગામનાં પ્રજાજનોને અને બીજા બધાને દર્શન કરવામાં અનુકૂળતા રહે અને તે માટે તેઓ જાતે મા ઉમિયા મંદિરમાં આવ્યા અને આખો દિવસ રહી ગલીએ-ગલીએ ફર્યા ! આઈસબૉક્સ મળ્યું તે પણ ઈશ્વરની કૃપા જ ને !

કેશુમામાએ બેસણાની ના પાડેલ, પરંતુ આપણા ઊંઝાના મહાનુભાવો અને ટ્રસ્ટીઓ શ્રી અનિલભાઈ, નારાયણભાઈ, ઓધવજીબાપા, મણિભાઈ - મમ્મી, વિક્રમભાઈ, લીલાચંદભાઈ, મણિભાઈ કે. પટેલ, મનુભાઈ, અંબાલાલ ચારી, વાસુભાઈ, એક. કે. પટેલ તેમજ અન્ય ટ્રસ્ટીઓની કેશુમામા પ્રત્યેની આત્મીયતાના કારણે તેઓએ સમગ્ર ગુજરાત-મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશનાં ગામડાં-શહેરમાં જ્યાં-જ્યાં આપણા કડવા પાટીદાર રહેતા હતા, ત્યાં બધે જ સ્થળે તેમની શોકસભા રખાવી અને મારી ધારણા મુજબ આટલી મોટી સંખ્યામાં બેસણામાં આવનારી સંખ્યા વિશ્વમાં કદાચ કોઈની નહિ હોય ! બધા ટ્રસ્ટીઓ ધન્યને પાત્ર છે.

આપણામાં કહેવત છે કે રાજાનું પાળેલું કૂતરું મરી જાય, તો તેના બેસણામાં લાખો માણસો ભેગા થાય પણ ખુદ રાજા મરી જાય, તો હજારની સંખ્યા થઈ જાય. પણ આ કહેવત ખોટી પાડીને લાખો માણસો કેશુમામાનાં કુટુંબીજનોની ગેરહાજરીમાં પણ સ્વેચ્છાએ તેમનાં સેવાકાર્યોની કદર કરીને હાજર રહ્યા તે જોઈને અમારા સમસ્ત પરિવારમાં એક નવું બળ મળેલ છે. સર્વે ભાઈ-બહેનોના અમે ખૂબ-ખૂબ આભારી છીએ.

જેમ આજની નવી પેઢી જયપ્રકાશ નારાયણને ભૂલી ગઈ, તેમ થોડાંક વર્ષ પછી અન્ના હજારેને પણ ભૂલી જશે, પરંતુ કેશુમામાને જ્યાં-જ્યાં ઉમિયા મંદિરો, કૉલેજ, સ્કૂલો, દવાખાનાનું નિર્માણ કરી સમાજને અર્પણ કરેલ છે, તે સમાજનાં બાળકો પેઢીઓ સુધી ઉપયોગ કરીને તેમને યાદ કરીને અમર બનાવશે અને તેમના ઋણી રહેશે.

અને છેલ્લે, સાચી વાત કહું, તો તેમના સ્વર્ગવાસ પછી બીજા જ દિવસે મારા ત્યાં પૌત્રનો જન્મ થયો, તો તે બાળકને જોઈને મને કોની યાદ આવશે ?!!

છેલ્લે બધા જ ઊંઝા ઉમિયા માતાજીના ટ્રસ્ટીઓ, અમદાવાદ સોલાના ટ્રસ્ટીઓ, બધા જ કાર્યકર્તાઓએ કેશુમામા ઉપર, તેમની વિશ્વનીયતા ઉપર ભરોસો રાખીને આવડી મોટી સંસ્થાનાં ૩૫ વર્ષ સુધી તેમને પ્રમુખપદ પર રાખીને અને તેમની સાથે એક થઈને સમાજની સેવા કરવા માટે મોકો આપ્યો તે બદલ તેમના સમસ્ત પરિવાર વતી હું આભારની લાગણી વ્યક્ત કરું છું અને 'ધરતી'ના અંકમાં પ્રો. સોમાભાઈસાહેબે મામા વિશે લખવાની, જે તક આપી તે બદલ તેમનો ખૂબ-ખૂબ આભાર. 'જય ઉમિયા મા'

*[લેખક સદ્‌ગત શેઠશ્રી કેશુભાઈના ભાણાભાઈ છે.]*

૧૦-એ, વીરનગર સોસાયટી,
એસ.ટી.વર્કશોપ સામે,
મહેસાણા-૩૮૪૦૦૨
(રહે) ૨૫૩૫૬૬, મો. ૯૯૭૯૫૨૨૯૧૦


# ગુજકોમાસોલ

**ટોચની સહકારી સંસ્થા**

**ગુજકોમાસોલ દ્વારા સહકારી ક્ષેત્રમાં અપાતી ઉલ્લેખનીય સેવાઓ:**

- ત્રિ-સ્તરીય માળખા (જિલ્લાસંઘ, તાલુકાસંઘ તથા પ્રા. મંડળી) દ્વારા સમયસર ગુણવત્તાયુક્ત તથા વ્યાજબી ભાવે ખાતર વિતરણ.
- અદ્યતન લેબોરેટરીમાં નિષ્ણાતો દ્વારા ચકાસણી કરાયેલ જંતુનાશક દવાનું વ્યાજબી ભાવે વેચાણ.
- ગુજકોમાસોલ દ્વારા ખેડૂતોને બિયારણ ઉત્પાદન માટે પ્લોટો ફાળવી નિષ્ણાત સ્ટાફની સીધી દેખરેખ હેઠળ ઉત્તમ ગુણવત્તાવાળા બિયારણનું ઉત્પાદન તથા વિતરણ.
- ગુણવત્તા અને પ્રામાણિકતાનું પ્રતીક-ગુજકોમાસોલ.
- ખેડૂતોની સેવાના મુદ્રાલેખથી સહકારિતાનું ગૌરવ જળવાય તેવી બેનમૂન પ્રવૃત્તિ.

**ગુજકોમાસોલ મારફત ઉત્પાદન તથા વિતરણ થતી ચીજવસ્તુ તથા રા. ખાતર મેળવવા નજીકની સહકારી સંસ્થાનો સંપર્ક કરો.**

**ગુજકોમાસોલનો વાયદો, ખેડૂતોને ફાયદો....**

**નટવરલાલ પીતાંબરદાસ પટેલ,** ચેરમેન • **મનોજભાઈ એમ. પટેલ,** ચીફ એક્ઝિક્યુટીવ

**ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન લિ.**

સહકાર ભવન, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન : ૨૫૩૯૧૮૬૧થી ૬૮

# મૂઠીઊંચેરો અલગારી માનવી સ્વ. શ્રી કેશુભાઈ શેઠ

-- કેશુભાઈ એમ. સૂંઢિયા (પૂર્વપ્રમુખ, મહેસાણા જિલ્લા ભાજપ)

**તા.**૧૧/૪/૨૦૧૧ના રોજ આ દુનિયા છોડીને એક મહામાનવે વિદાય લીધી. તેમનું નામ હતું. કેશુભાઈ શેઠ. હવેથી તેમના માટે "એક હતા કેશુભાઈ શેઠ" એવું કહેવાશે, અને એમના નામ આગળ "સ્વ" લખવાની શરૂઆત થશે.

પણ તેમણે જે રીતે જીવન જીવ્યું છે અને જે લોકસેવાનાં કાર્યો કર્યા છે, તેના લીધે તેમને અમરતા મળી છે, તેથી તેમના નામની આગળ "સ્વ" લખતાં ઘણાં લોકોની પેન ખચકાશે.

કેશુભાઈ શેઠ કાંસા, તા. વિસનગરના વતની હતા, તેમનાં માતાનું નામ નાથીબા તથા પિતાનું નામ વિઠ્ઠલદાસ હતું. તેમણે શરૂઆતમાં શિક્ષક તરીકે નોકરી કરેલી, પછી ધંધાર્થે સિદ્ધપુર સ્થાયી થયા અને ધંધો તથા લોકસેવાનાં ઊંચામાં ઊંચાં શિખરો સર કર્યાં.

તેઓ ૮૭ વર્ષની જૈફ ઉંમરે પહોંચ્યા હતા, છતાં તેમણે સેવા કરવાનું માંડી વાળ્યું નહોતું. કેટલાક લોકો તો ૫૦ વર્ષ પંછી "હવે આપણે શું કરવાનું ? ઉંમર પહોંચી જેને કરવું હોય તે કરે. અમારે થોડા દા'ડા જીવવું ને આ બધા ડખામાં ક્યાં પડવું ? ઘણા લોકો પોતાના દાંત પડી જાય પછી બીજાને દાંત સાચવવાની સલાહ આપતા નથી. કેમકે," આપણા દાંત ગયા પછી દુનિયાના દાંત પડે તોય શું ને બચે તોય શું ? આવી માનસિકતા ધરાવતા હોય છે.

કેશુભાઈ શેઠ આવી માનસિકતાથી જુદા હતા. તેમણે તો તેમના જીવનમાં જે-જે મુશ્કેલીઓ પોતાને પડી છે, તે બીજાને ન પડે તે માટે સતત જાગ્રત રહી તેના ઉકેલની દિશામાં પ્રયત્નો કરી તે મુશ્કેલી દૂર કરી દીધી હતી.

તેમણે એકલા કડવા પાટીદારોની જ સેવા નથી કરી, એક માણસ માણસ તરીકે જીવે અને દરેકના દુઃખમાં ભાગીદાર થઈ હમદર્દ બનીને જીવે તેવી ભાવનાને તેઓએ ઉજાગર કરી છે.

વિશ્વના સમગ્ર કડવા પાટીદારોની સંસ્થા ઉમિયા-માતા, ઊંઝાના તેઓએ છેલ્લાં ૩૫ વર્ષથી સર્વમાન્ય અજાતશત્રુ પ્રમુખ તરીકે સેવાઓ આપી છે. સત્તા ભોગવી નથી. ઉમિયા માતા સંસ્થાના પ્રમુખ તરીકે તેમણે વિશ્વના સમગ્ર કડવા પાટીદારોમાં જાગૃતિ લાવી, મહા ઉત્સવો તથા રથયાત્રા કાઢી તેમને એક નેજા નીચે લાવ્યા છે. તેમના નામ અને કામથી ઊંઝા ઉમિયા માતા સંસ્થામાં દાનની સ્વયંભૂ સરવાણીઓ વહી હતી, પરિણામે સંસ્થાના સેવાપ્રકલ્પો ખૂબ જ સારી રીતે ચાલે છે.

કેશુભાઈ શેઠ કડવા પાટીદારોના જ લોકસેવક નહોતા, તેમની ભાવના દરેક સમાજ માટે કંઈક કરી છૂટવાની હતી, તેનાં ઘણાં પ્રત્યક્ષ ઉદાહરણો મોજૂદ છે. જેમકે, વરાણા મુકામે ભાવસિંહજી ઠાકોરે ૧૮૯૦ જેટલાં યુગલોના સમૂહલગ્નનું આયોજન કરેલું, તે વખતે તેઓ અને ઉમિયા માતાજીના ટ્રસ્ટીઓ માતાજીની ચૂંદડી, શાલ અને પ્રસાદ લઈ આયોજકો તથા પ્રભુતામાં પગલાં માંડતાં નવયુગલોને આશીર્વાદ આપવા ત્યાં પહોંચી ગયા હતા અને આવી પ્રવૃત્તિ સતત ચાલુ રહે તથા સમાજમાં જાગૃતિ આવે તેવી શુભેચ્છા પાઠવી હતી.

નાયક-ભોજક સમાજ તો કડવા પાટીદાર સમાજ સાથે સાંસ્કૃતિક રીતે જોડાયેલ છે. અસાઇત ઠાકરનો ઇતિહાસ કડવા પાટીદારોના વિકાસના મૂળ સાથે જોડાયેલ છે. બંને સમાજોના પૂર્વજો વચ્ચે થયેલા એકબીજાને સાચવવાના કોલકરારને આ શેઠ વારંવાર યાદ કરતા હતા અને તેમના મનમાં નાયક-ભોજક સમાજ માટે જે ભાવના હતી તેની વાત કરતાં તેમની આંખમાં આંસુ આવી જતાં હતાં, તેનો મને ઘણીવાર અનુભવ થયો છે.

તેમના મનમાં નાયક-ભોજક સમાજના ભવાઈ કલાકારો અને આથમતા સિતારાઓ માટે ઉમિયા માતા સંસ્થા દ્વારા કંઈક વિચારવામાં આવે, તેવી સતત લાગણી

થયા કરતી હતી. નાયક-ભોજક સમાજના નાનામાં નાના કાર્યક્રમોમાં પણ જો જવાનો મોકો મળે, તો અવશ્ય તેઓ હાજર રહેતા. એટલું જ નહીં પણ બીજા ખૂબ જ અગત્યના કાર્યક્રમો હોય, તો તે રદ કરીને આ સમાજના કાર્યક્રમોમાં હાજર રહેવાનું તેઓ ચૂકતા નહીં.

તેમણે ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા દરેક કોમના વિકલાંગ લોકો માટે ટ્રાઈસિકલની યોજના અમલમાં મૂકેલી.

તેમણે વાલ્મીકિ સમાજ માટે પણ ઊંઝા માર્કેટયાર્ડના સહયોગથી સમૂહલગ્નોની શરૂઆત કરાવેલી અને આ સમૂહલગ્નના તમામ ખર્ચની વ્યવસ્થા કરી આપેલી અને તે સમૂહલગ્ન વ્યવસ્થાએ હવે કાયમી સ્વરૂપ ધારણ કરેલ છે.

કેશુભાઈ શેઠનું હૃદય નાજુક અને દુઃખી માણસો પ્રત્યે ખૂબ જ લાગણીશીલ રહેતું. તેઓ દરેક સમાજ માટે ઘેઘૂર વડલા સમાન હતા, તેમની પાસે બેસીએ, તો એક વિશાળ ઝાડ નીચે બેઠા હોઈએ, તેવી શીતળતા અને શાંતિ અનુભવાતી. કોઈ દિવસ ગુસ્સે થવાનું નહીં, કોઈની નિંદાકૂથલી કરવાની નહીં. તેમની ભાવના અને શાંત મનોબળથી બધાં કામો થયા કરે તેવી તેમની આંતરિક તાકાત હતી. આજે તેઓ આપણી વચ્ચે નથી પણ તેઓ જેમને મળ્યા છે, તેઓ તેમનાથી પ્રભાવિત થયા વગર રહ્યા નથી, તેમની પાસે જાઓ, તો તમને એક રહસ્યમય તાકાતનો પરચો જોવા મળતો.

તેમને શ્રદ્ધાંજલિ આપતી વખતે એટલું તો જરૂર કહીશું કે "કેશુભાઈ શેઠ તમે હતા, એના કરતાં વધુ હતા તે અમે કેમ સમજી શક્યા નહોતા."

ટૂંકમાં, કેશુભાઈ શેઠના અવસાનથી સમગ્ર માનવ સમાજની ચિંતા અને વિચાર કરનાર એક યુગપુરુષને આપણે ગુમાવ્યા છે, તેમના દિવંગત આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે એ જ અભ્યર્થના.

*૨૫, કલ્યાણપાર્ક સોસાયટી,*
*રાજકમલ પેટ્રોલપંપ સામે,*
*મહેસાણા.*

**K. MUKUND & CO.**
**Steel Pipe Dealer**
002, SAMRUDDHI, NEAR SATTAR TALUKA SOCIETY, OPP. OLD GUJ. HIGH COURT,
ASHRAM ROAD, INCOME TAX, AHMEDABAD - 380 014.
TEL : 079 - 27540948, 27540007 ● FAX : 079 - 27541249 ● E-mail : bac@eth.net
Mobile : **Amratbhai** : 98258 02501, **Kalpeshbhai** : 98258 02503,
**Mukundbhai** : 98258 02502, **Nikunjbhai** : 98258 02504

**Authorised Distributors**
Jindal Pipes Ltd. (Delhi)
Maharashtra Seamless Ltd. (Mumbai)
Asian Tubes Ltd. (Ahmedabad)
Bihar Tubes Ltd. (Delhi)
(Square & Rectangle Hollow Section)







**Dealing in**
• Galvenised Pipe • Seamless Pipe
• Black Pipe • Hollow Section Pipe

**BRANCHES :** MEHSANA, BARODA

# દેશના પટેલોના એક સાચા પટેલની વિદાય

-- મણિલાલ એમ. પટેલ (તંત્રી : ગ્રામગર્જના)

ગુજરાતના જાહેર જીવનના એક રચનાત્મક મોભી તથા સમગ્ર દેશમાં પાટીદાર સમાજના સુધારક અને ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાએ છેલ્લાં ૩૫ વર્ષથી અધ્યક્ષ એવા કેશુભાઈ વિઠ્ઠલદાસ પટેલનું ૮૮ વર્ષની વયે દેહાવસાન થયું. પટેલ એટલે જીભનો કડવો અને પટેલ એટલે કટ્ટર આ બેઉ જેમનામાં શોધ્યું ન જડે તેવા એ સાચા પાટીદાર હતા. કેશવ અને વિઠ્ઠલ બંને નામોનો તેમનામાં સમન્વય હતો અને એ બેઉ નામ તેમને તેમનાં કાર્યો થકી સાર્થક કર્યાં હતાં.

કેશુભાઈ શેઠ તરીકે ઓળખાતા. આમ તો મૂળ વિસનગર તાલુકાના કાંસા ગામના વતની પણ વર્ષોથી સિદ્ધપુરમાં તેમનો ઇસબગુલનો વેપાર. કોઈ માણસ ઝાઝાં-મોટાં દાન ન કરે છતાં તેને લોકો શેઠ કહે તેવો કોઈ માણસ હોય, તો તે કેશવલાલ શેઠ. ગુજરાતની ૨૦૦ જેટલી પટેલોની તથા શિક્ષણ-આરોગ્યવિષયક, સંસ્થાઓના તેઓ પ્રમુખ કે ટ્રસ્ટી હશે, છતાં ક્યાંય કશુંય વળગણ નહીં. કોઈ નવી સંસ્થા બનતી હોય એટલે ગણપતિની પેઠે પહેલું સ્મરણ કેશુભાઈ શેઠનું થાય.

દેશ-દુનિયાના સમગ્ર પટેલ સમાજની કોઈ સંસ્થાના નિર્વિવાદ પ્રમુખ તરીકે ૩૫ વર્ષ રહેવું એ કોઈ નાનીસૂની ઘટના નથી. એ અર્થમાં એ પાટીદારોના પણ પટેલ હતા. ખેરવાની ગણપત યુનિવર્સિટી હોય કે કડીના ડિમ્ડ યુનિવર્સિટી, બધે જ કેશુભાઈ પ્રમુખ કે ટ્રસ્ટી હોય. તેમના નામે લોકો કરોડોનાં દાન આપે તેવો તેમનો નખશીખ, પારદર્શક વહીવટ હતો. પોતાની ટીકાઓ સહન કરવાની અને સાચી હોય, તો ટીકા કરનારની સરાહના કરવાની તેમનામાં શક્તિ હતી. જે બે મહોત્સવો થકી ઊંઝા ઉમિયા માતા-સંસ્થાન વિશ્વ વિખ્યાત બન્યું તે બંને ઉત્સવો તેમના નેતૃત્વ, હૂંફ અને માર્ગદર્શન હેઠળ યોજાયા. રોજની ૩૦૦-૪૦૦ કિ.મી.ની મુસાફરી છેલ્લાં ૩૫ વર્ષથી જીવનના અંત સુધી કરતા હતા.

પટેલોની શિક્ષણની સંસ્થાઓ હોય, દેશભરનાં ઉમિયા માતાનાં સંસ્થાન હોય, નર્મદા યોજના સામેની વિરોધીઓની લડાઈ હોય, મોતીભાઈ ચૌધરી ફાઉન્ડેશન થકી જળસંચયની કામગીરી હોય, બધે કેશુભાઈની ટ્રસ્ટી તરીકેની રચનાત્મક ભૂમિકા રહી છે.

કેશુભાઈ શેઠ, મોતીભાઈ ચૌધરી, રિખવદાસ શાહ, વિઠ્ઠલદાસ પટેલ, આત્મારામ પટેલ આ બધા મહેસાણા જિલ્લાની અનેક વર્તમાન રચનાત્મક પ્રવૃત્તિઓના સમકાલીન સહયોગીઓ હતા. ઊંઝા ઉમિયા સંસ્થાના જેવા ધાર્મિક સંસ્થાનની આવક શિક્ષણ પાછળ ખર્ચવાની તેમની દૃષ્ટિ દાદા માગી લે તેવી હતી. તેમનું છેલ્લું સ્વપ્ન અદ્યતન ઉમા યુનિવર્સિટી બનાવવાનું હતું અને તે દિશામાં જમીન પણ સંપાદન થઈ હતી.

ઉમિયા માતા સંસ્થાનના ઉપક્રમે દેશભરનાં સૌપ્રથમ લગ્નો યોજવાની તેમણે શરૂઆત કરી જે આજેય ઊંઝામાં ચાલુ છે. બે વર્ષ પહેલાં સંસ્થાના ઉપક્રમે વાલ્મીકિ સમાજ જેવા આર્થિક રીતે અતિ પછાત વર્ગ માટે તેમણે સમૂહલગ્નો યોજીને એક સાચા પટેલ હોવાની પ્રતીતિ કરાવી હતી. બીજી નાની જ્ઞાતિઓ સમૂહ લગ્નો યોજે તોપણ મદદ કરતા હતા.

જાહેર કાર્યક્રમોમાં અનેક વાર મળવાનું થતું. ગ્રામગર્જના અને દિવ્ય ભાસ્કરના મારા બે લેખોના ભારે પ્રસંશક હતા. સારું લાગે તે હંમેશાં ફોન કરીને બિરદાવે. છેલ્લે સાંભળતાં ઓછું એટલે તેમના પૌત્ર પાસે ફોન જોડવીને વાત કરતા.

એકાદ વર્ષ પહેલાં સાંજના ફોન આવ્યો. મણિભાઈ, મળવા આવવું છે. થોડી ચર્ચા કરવી છે. મેં કહ્યું તમે મને મળવા આવો તે વિવેકની દૃષ્ટિએ મારા માટે યોગ્ય નથી. એટલે હું તમને મળવા આવીશ. તેમણે કહ્યું, એમ કહોને તમારે મને તમારા ઘેર નથી આવવા દેવો. છેવટે આવ્યા. અને કહ્યું કે હવે હું ઉંમરથી થાક્યો છું. ઉમિયા માતા સંસ્થાનનું કાર્ય યોગ્ય કાર્યક્ષમ અને પ્રામાણિક માણસને સોંપવું છે. અગાઉ પણ તમારી સાથે સિદ્ધપુરમાં મળ્યા ત્યારે ઘણાં નામો ચર્ચાયાં હતાં. અમે એક પછી એક ગુજરાતના સારા આગેવાનોના નામની ગુણદૃષ્ટિના આધારે વિસ્તૃત ચર્ચા કરી. અમારી વ્યાપક ચર્ચાને અંતે જે નામ સર્વસંમત રીતે ઊપસ્યું તેમને તેમની હયાતિમાં ઉપપ્રમુખ બનાવ્યા. સંસ્થાનમાં રાજકારણ ઘૂસી ન જાય તેની પૂરી કાળજી રાખતા અને સૌ આદરપૂર્વક તેમની મર્યાદા રાખતા હતા. પટેલ સમાજમાં જાગૃતિ માટે એક વ્યાપક સંગઠન અને તે માટે સંસ્થાનના એક મુખપત્રના તેઓ હિમાયતી હતા અને એ દિશામાં કાર્ય પણ આરંભ્યું હતું.

હવે અનિલભાઈ પટેલ, નારણભાઈ પટેલ અને લીલાચંદ પટેલ જેવા જિલ્લાના આગેવાનો ઊંઝા ઉમિયા માતા સંસ્થાનનું કાર્ય સંભાળવાના છે. એમની સાથે ઉદ્યોગ અને અન્ય ક્ષેત્રોના આગેવાનોની સમિતિ પણ છે. ઉમિયા માતાના સંસ્થાના હોદ્દેદારો ભલે ગમે તે રાજકીય પક્ષ સાથે હોય પણ સંસ્થાનમાં રાજકારણ અત્યાર સુધી ઉંબરાની બહાર રહ્યું તેવી સ્થિતિ જાળવી રાખીને આદર્શ વહીવટ ચલાવે અને ઉમિયા માતા સંસ્થાનને માત્ર ધાર્મિક સંસ્થાન જ નહીં પણ શિક્ષણ અને રચનાત્મક કાર્યોનું તીર્થધામ બનાવે તે જ કેશુભાઈ શેઠને સાચી અંજલિ છે.


૨૫-જી, ન્યૂ અખંડ આનંદ સોસાયટી,
અખબારનગર સર્કલ, નવા વાડજ,
અમદાવાદ-૩૮૦૦૧૩.
ફોન : (૦૭૯) ૨૭૬૪૧૮૯૧



UTPAL PATEL
Mob. : 98790 09970

VASANTBHAI PATEL
Mob. : 98250 37029

AMARON PIT STOP
Amara Raja JOHNSON CONTROLS

**Jay Mataji Enterprise**

Valvoline. Cummins

Auto. Dist. : AMARA RAJA BATTERIES LTD.
VALVOLINE CUMMINS LIMITED

Franchisee for :
All kind of Automotive & Industrial Batteries

Distributor for :
All kind of Automotive & Industrial Lubricants



**H.O. : 2-3, Triveni Complex,**
**Nr. Devendra Bus Stop,**
**Naranpura, Ahmedabad-13.**

Ph. : 079-27486400, 27486500, 27496884
E-mail : amaronahmedabadwestfra1@gmail.com



**: Associated Branches :**

JAY MATAJI ENTERPRISE
8, Payal Park Shopping Center,
Opp. Iscon Park, Nr. Star India Bazar,
Nr. Panchmukhi Hanumanji Mandir,
SATELLITE, Ahmedabad.

JAY MATAJI ENTERPRISE
A-1, Vrajendra Park, Opp. Avani Bhavan,
(ONGC), Sabarmati - Chandkheda Road,
CHANDKHEDA, Ahmedabad-382424
Ph. : 27516482

SHAKTI BATTERY CORPORATION
13, Bhumi Complex, Opp. Relief Hotel,
Sarkhej - Sanand Road,
Nr. Sanand Chokdi,
SARKHEJ, Ahmedabad.

M. K. BATTERY CENTER
Sarkhej - Gandhinagar Highway,
Nr. Umiya Way Bridge,
GOTA, Ahmedabad - 382481

JAY MATAJI ENTERPRISE
Shanti Kunj, on the way of Gh-6 to Ch-6,
Plot No. : 521/2. Sector : 22,
Below Vishal Finance,
GANDHINAGAR. Ph. : 232 40044

LOVE BATTERY CORPORATION
26-B, Bhumi Complex, Opp. Relief Hotel,
Sarkhej - Sanand Road,
Nr. Sanand Chokdi,
SARKHEJ, Ahmedabad.

# "શ્રી ઉમિયા દ્વારેથી... ૧૨૬"

-- પ્રહ્‌લાદભાઈ એલ. પટેલ -- શંકરભાઈ કે. પટેલ

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા આપ સૌને જય માતાજી પાઠવે છે. મા ઉમિયાના આશિષથી આપ સૌ સુખી, સમૃદ્ધ અને આબાદ રહો તેવી શુભેચ્છા.

**કર્મવીર શેઠશ્રીને શ્રદ્ધાંજલિ**

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના પ્રમુખ અને કડવા પાટીદાર શિરોમણી એવા શેઠશ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલનું દુઃખદ અવસાન સંવત ૨૦૬૭ના ચૈત્ર સુદ-૮, સોમવાર તા. ૧૧-૦૪-૨૦૧૧ના રોજ સવારે ૮.૨૦ કલાકે તેમના નિવાસસ્થાન સિદ્ધપુર ખાતે થયું હતું. આ દુઃખદ સમાચાર ઊંઝા અને સમગ્ર કડવા પાટીદાર સમાજમાં વાયુવેગે ફેલાતાં સમગ્ર સમાજમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ હતી. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાએ તેમનું તમામ કામકાજ અને કાર્યક્રમો રદ કરી અઠવાડિયાનો શોક જાહેર કર્યો હતો.



શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના કાર્યકારી પ્રમુખશ્રી તથા મહેસાણાના ધારાસભ્ય અનિલભાઈ પટેલ, સંસ્થાના માનદ્‌મંત્રીશ્રી લીલાચંદભાઈ પટેલ તથા ઊંઝાના ધારાસભ્યશ્રી નારાયણભાઈ પટેલ તેમજ સંસ્થાના પદાધિકારીઓ અને જુદી-જુદી કમિટીઓના ચૅરમેનશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ વગેરે તેમના નિવાસસ્થાને પહોંચી ગયા હતા ને શેઠશ્રીના પાર્થિવ દેહના દર્શન કરી શોકગ્રસ્ત તેમનાં કુટુંબીજનોને આશ્વાસન આપ્યું હતું.

તા. ૧૧-૦૪-૨૦૧૧ના રોજ તેમના નિવાસસ્થાને પાર્થિવ દેહને જાહેર દર્શનાર્થે રાખવામાં આવ્યો હતો. દિવસભર નગરજનો અને અનેક મહાનુભાવોએ ફૂલહાર અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપી હતી.

સાંજે ૫.૦૦ કલાકે ઉમિયા માતાજી સંસ્થાનમાં સ્થાનિક કારોબારીની અરજન્ટ મિટિંગ બોલાવવામાં આવી હતી ને શેઠશ્રીને શ્રદ્ધાંજલિ માટેનો વિગતવાર કાર્યક્રમ ઘડી કાઢવામાં આવ્યો હતો.

તા. ૧૨-૦૪-૨૦૧૧ને મંગળવાર ચૈત્ર સુદ-૯(રામનવમી)ના રોજ સવારે શેઠશ્રીના પાર્થિવ દેહને શ્રી ઉમિયા માતાજી મંદિર, ઊંઝામાં લાવવામાં આવ્યો હતો. માના ચાચરચોકમાં વિશાળ મંડપ બાંધવામાં આવ્યો હતો અને પાર્થિવ દેહના દર્શન માટે વિશિષ્ટ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી હતી, જ્યાં સવારના ૮.૦૦ કલાકથી બપોરના ૨.૦૦ કલાક સુધી જાહેર દર્શન માટે રાખવામાં આવ્યો હતો. આ સમય દરમિયાન સમગ્ર ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્ર, મધ્યપ્રદેશ વગેરેથી પધારેલ કારોબારી સભ્યશ્રીઓ, સ્નેહીજનો તેમજ ઊંઝાનાં નગરજનોએ ફૂલહાર અર્પણ કરી અશ્રુભીની શ્રદ્ધાંજલિ આપી હતી. ગુજરાતભરમાંથી પધારેલ વિશિષ્ટ મહાનુભાવોએ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાની મુલાકાત લઈ શેઠશ્રીને ફૂલહાર અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપી હતી, જેમાં ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રીશ્રી કેશુભાઈ પટેલ, મહેસૂલમંત્રીશ્રી આનંદીબહેન પટેલ, મહેસાણાના સંસદસભ્યશ્રી જયશ્રીબહેન પટેલ, ભાજપ પ્રદેશપ્રમુખશ્રી (ફળદુ), કૉંગ્રેસ પ્રદેશપ્રમુખ મોઢવાડિયા સાંસ્કૃતિક મંત્રીશ્રી પરબતભાઈ પટેલ, માજી કૉંગ્રેસપ્રમુખ સિદ્ધાર્થ પટેલ, મહેસાણાના ધારાસભ્ય તથા સંસ્થાના કાર્યકારી પ્રમુખશ્રી અનિલભાઈ પટેલ, સૌરાષ્ટ્રના ઉદ્યોગપતિ સંસ્થાના ઉપપ્રમુખશ્રી ઓધવજીભાઈ પટેલ, સંસ્થાના

માનદ્‌મંત્રીશ્રી લીલાચંદભાઈ પટેલ, ઊંઝાના ધારાસભ્યશ્રી નારાયણભાઈ પટેલ, નર્મદાનિગમના ચૅરમેન નારાયણભાઈ પટેલ, ઊર્જામંત્રી સૌરભભાઈ, શહેરીમંત્રીશ્રી નીતિનભાઈ, પાણીપુરવઠામંત્રીશ્રી નરોત્તમભાઈ, આરોગ્યમંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસ, મા. સંસદસભ્યશ્રી ડૉ. એ. કે. પટેલ, વિસનગરના ધારાસભ્યશ્રી ઋષિકેશભાઈ, ધારાસભ્યશ્રી મોહનભાઈ કુંડારિયા, મા. મંત્રીશ્રી વાડીભાઈ પટેલ, સંસ્થાના પૂર્વમાનદ્‌મંત્રીશ્રી નથ્થુભાઈ પટેલ, સંસ્થાના ટ્રસ્ટી ખેમાભાઈ પટેલ, ટ્રસ્ટીશ્રી સી. કે. પટેલ - અમદાવાદ, મધ્યપ્રદેશના ઉદ્યોગપતિશ્રી ચત્રભુજજી વગેરે તેમજ અનેક વિસ્તારોમાંથી આવેલા મહાનુભાવોએ પણ સંસ્થામાં હાજર રહી શેઠશ્રીને શ્રદ્ધાંજલિ આપી હતી.

બપોરે ૧૨.૩૦ કલાકે હેલિકૉપ્ટર દ્વારા પુષ્પવર્ષા કરવામાં આવી ત્યારે વિશાળ મંડપમાં ઉપસ્થિત મહાનુભાવો, કારોબારી સભ્યો અને નગરજનોએ ઊભા થઈ અશ્રુભીની શ્રદ્ધાંજલિ આપી હતી. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી તેમજ પ્રફુલ્લભાઈ પટેલ ગૃહમંત્રી ગુજરાત રાજ્ય તથા કૉંગ્રેસપ્રમુખ શ્રીમતી સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર એહમદ પટેલે પણ શોકસંદેશો પાઠવી શ્રદ્ધાંજલિ આપી હતી.

કાર્યક્રમ મુજબ બપોરે ૨.૦૦ કલાકે શ્રી ઉમિયા માતાજીના ચાચરચોકમાંથી અંતિમયાત્રા નીકળી હતી. અંતિમયાત્રામાં સંસ્થાના કાર્યકારી પ્રમુખશ્રી તથા મહેસાણાના ધારાસભ્યશ્રી અનિલભાઈ પટેલ, ઉપપ્રમુખશ્રી ઓધવજીભાઈ પટેલ, સંસ્થાના માનદ્‌મંત્રીશ્રી લીલાચંદભાઈ પટેલ તથા ઊંઝાના ધારાસભ્યશ્રી નારાયણભાઈ પટેલ તેમજ સહમંત્રીશ્રીઓ નટવરલાલ પટેલ, એસ. કે. પટેલ, મનુભાઈ પટેલ તેમજ મણિભાઈ પટેલ (મમ્મી), વિક્રમભાઈ પટેલ, કાશીરામભાઈ પટેલ, ઓધવજીભાઈ પટેલ, સી. કે. પટેલ વગેરે આગેવાનો ઉપરાંત સંસ્થાના અન્ય હોદ્દેદારો કમિટીના ચૅરમેનશ્રીઓ, બહારથી પધારેલ કારોબારી સભ્યશ્રીઓ શેઠશ્રીનાં સગાં-સ્નેહીઓ અને ઊંઝાના નગરજનો તેમજ સંસ્થાનો કર્મચારીગણ વગેરે હજારોની સંખ્યામાં અંતિમયાત્રામાં જોડાયા હતા. અંતિમયાત્રા ઊંઝા નગરના જાહેર માર્ગો પર ગણપતિ મંદિર, વડેચીમાતા, બહારમાઢ, ખજૂરીપોળ, વેરાઈમાતા, ચબૂતરો, આઝાદચોક, ગાંધીચોક, ગંજબજાર, કન્યા-છાત્રાલય, ગોલ્ડન ચોકડી, રામબાગ, રમણવાડી થઈ સિદ્ધપુરના માર્ગે મુક્તિધામ તરફ પ્રયાણ કર્યું હતું. અંતિમ-યાત્રા માર્ગમાં પણ લાખો લોકોએ શેઠના પાર્થિવ દેહના દર્શન કરી ફૂલહારથી ભાવભીનું સ્વાગત કરી શ્રદ્ધાંજલિ આપી હતી. સિદ્ધપુરના સ્મશાનયાત્રા માર્ગે અનેક મહાનુભાવો તથા કારોબારી સભ્યશ્રીઓની કારોની એક કિલોમીટર લાંબી લાઇન લાગી હતી. રસ્તામાં કામલી ગામનાં નગરજનોએ પણ મોટી સંખ્યામાં હાજર રહી ફૂલહાર અર્પણ કરી શ્રદ્ધાંજલી આપી હતી.

બપોરે ૪.૩૦ કલાકે અંતિમયાત્રા સિદ્ધપુર ખાતે પહોંચી હતી, જ્યાં સરસ્વતી નદીના ખુલ્લા પટમાં વિશાળ મંડળ બાંધવામાં આવ્યો હતો અને નદીના પટમાં જ ચંદનકાષ્ટની તૈયારી કરેલી ચિતા પર શેઠશ્રીના પાર્થિવ દેહને સુવાડવામાં આવ્યો હતો. પછી સ્મશાનયાત્રામાં સામેલ સિદ્ધપુર નગરમાંથી પધારેલ અનેક મહાનુભાવોએ તેમજ શ્રી અનિલભાઈ પટેલ, શ્રી લીલાચંદભાઈ પટેલ, શ્રી નારાયણભાઈ પટેલ, શ્રી જયનારાયણભાઈ વ્યાસ અને બળવંતસિંહ રાજપૂત વગેરેએ શેઠશ્રીને ગુલાલ અને ફૂલો અર્પણ કરી પરિક્રમા કરી છેલ્લી અશ્રુભરી શ્રદ્ધાંજલિ આપી હતી. ત્યાર બાદ ૨૧ બ્રાહ્મણોના મંત્રોચ્ચાર સાથે તેમનાં પુત્રો, પૌત્રો અને સ્નેહીઓએ અગ્નિદાહ આપી છેલ્લી વિદાય આપી હતી. ચિતામાં ૫૦ કિલો શુદ્ધ ગાયનું ઘી હોમવામાં આવ્યું હતું. આમ, મહામાનવ શેઠશ્રીનો પાર્થિવ દેહ સંવત ૨૦૬૭ના ચૈત્ર સુદ-૯,ને મંગળવાર (રામનવમી)ના રોજ પંચમહાભૂત તત્ત્વોમાં ભળી ગયો હતો.

તા. ૧૩-૦૪-૨૦૧૧ના રોજ સવારે ૯.૦૦ કલાકે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના સત્સંગહૉલમાં તથા સાંજે ૫.૦૦ કલાકે સોલા, અમદાવાદ ખાતે શેઠશ્રીને શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તેમાં પણ મોટી સંસ્થામાં પધારેલ અનેક મહાનુભાવો

અને કારોબારી સભ્યશ્રીઓએ ઉપસ્થિત રહી શેઠશ્રીને ભાવભીની શ્રદ્ધાંજલિ આપી હતી. તા. ૧૬-૦૪-૨૦૧૧ના રોજ અનેક શહેરો અને સંસ્થાઓએ સાંજે ૫.૦૦ કલાકથી ૭.૦૦ કલાક સુધી પ્રાર્થના અને સંસ્મરણોનો કાર્યક્રમ યોજી સમગ્ર વિશ્વના પાટીદારોએ પણ શેઠશ્રીને શ્રદ્ધાંજલિ આપી હતી.

શેઠશ્રી કેશવલાલ વિઠ્ઠલદાસનો જન્મ તા. ૨૮-૧૧-૧૯૨૪ દિવાળીના દિવસે કાંસા, તા. વિસનગર મુકામે થયો હતો. તેમના પિતાશ્રી વિઠ્ઠલભાઈ રણછોડભાઈ પટેલ તથા માતુશ્રી નાથીબા ધાર્મિક સ્વભાવના હતાં. ચાર ભાઈઓ અને ચાર બહેનોના વિશાળ કુટુંબમાં તેમને ઉછેર થયો હતો, જેથી તેમનામાં સંયુક્ત કુટુંબ ભાવના અને સમાજસેવાના ઉમદા ગુણોના વિકાસ થયો હતો. તેમણે પ્રાથમિક શિક્ષણ કાંસામાં અને મૅટ્રિક સુધીનું શિક્ષણ જી. ડી. હાઈસ્કૂલ, વિસનગર ખાતે લીધું હતું. થોડા સમય વાલમમાં શિક્ષક તરીકે નોકરી કર્યા પછી તેઓશ્રી સને ૧૯૪૮થી કાકોશી ખાતે ઈસબગુલના વ્યવસાયમાં જોડાયા અને પછી સને ૧૯૬૬થી સિદ્ધપુર ખાતે શરૂઆત કરી. સિદ્ધપુરને તેમણે કર્મભૂમિ બનાવી હતી. અમેરિકા સાથે ધંધાકીય સંબંધો વિકસાવી ઊંઝાનગરને ઈસબગુલના વેપારકેન્દ્ર તરીકે વિશ્વમાં પ્રસિદ્ધિ અપાવી હતી. ઈસબગુલના વેપારમાં ખૂબ જ પ્રસિદ્ધિ મેળવી, તેઓશ્રી શેઠશ્રીનું બિરુદ પામ્યા હતા. આર્થિક સમૃદ્ધિ મળતાં પ્રથમ તેમણે ઉદાર દાન આપી પોતાનાં માતા-પિતાના ઋણને પ્રાધાન્ય આપી શરૂઆતમાં તેમણે સિદ્ધપુરની સંસ્થાઓ, પાંજરાપોળ, સંસ્કૃત પાઠશાળા અને કૉમર્શિયલ બૅંકમાં સેવાઓ આપવાની શરૂઆત કરી હતી. વિસનગરમાં નાથીબા કન્યાવિદ્યાલય અને કન્યા-છાત્રાલય, પાટણમાં એન. આર. પટેલ વિદ્યાર્થી છાત્રાલય તથા નાથીબા કન્યા-છાત્રાલયનું નિર્માણ કર્યું હતું. કાંસામાં નાથીબા બાલમંદિર, નાથીબા હેલ્થસેન્ટર અને દાદા રણછોડભાઈ જોઈતારામના નામે હાઈસ્કૂલ શરૂ કરી હતી. ત્યાર બાદ તેમણે અનેક સંસ્થાઓમાં દાન અને સેવાઓ આપવાની શરૂઆત કરી હતી.

કર્મભૂમિ સિદ્ધપુર હોવા છતાં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા તથા ઊંઝાની અનેક સંસ્થાઓમાં સેવા આપવાની શરૂઆત આજથી ૪૦ વર્ષ અગાઉ કરી હતી. ત્યાર બાદ ગુજરાતની અનેક સંસ્થાઓમાં જોડાઈ ઉદાર સખાવત અને સેવાઓ આપવાની શરૂઆત કરી હતી. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના તેમનાં ૩૫ વર્ષના પ્રમુખપદ તરીકેના સમય દરમિયાન અનેકવિધ ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓની શરૂઆત કરી હતી અને ૧૯૭૬માં ૧૮મી શતાબ્દી-મહોત્સવ અને ૨૦૦૯માં ૧૮મી શતાબ્દી રજતજયંતી મહોત્સવનું વિશાળ પાયા પર આયોજન કરી મા ઉમિયાનો મહિમા સમગ્ર વિશ્વમાં ગુંજતો કર્યો છે. સાથે-સાથે કરોડો કુર્મિ ક્ષત્રિય કડવા પાટીદારોમાં એકતા-સંગઠન અને સહકારનું ચિંતન કર્યું છે.

ખરેખર, તેઓશ્રી મહામાનવ અને મા ઉમિયાના પરમભક્ત હતા. મા ઉમિયાના ધાર્મિક ઉત્સવો અને ભારતના જુદા-જુદા વિસ્તારોમાં મા ઉમિયાનાં મંદિરોના નિર્માણમાં સહકાર આપી મા ઉમિયાના ભક્તિભાવ ને શ્રદ્ધામાં અનેક ગણો વધારો કરવા પ્રયાસ કર્યો છે. જેથી દરરોજ લાખો યાત્રિકો મા ઉમિયાના દર્શન માટે ઊંઝાનગરમાં આવે છે. યાત્રિકો માટે સંસ્થામાં સુંદર સુવિધાઓ પણ કરી છે.

ધાર્મિક ભાવનાની સાથે-સાથે કરોડો કડવા પાટીદારોનાં દરેક સ્ત્રી-પુરુષ અને બાળકો તેમજ કુટુંબ-કલ્યાણ અને સામાજિક સંગઠન અને વિકાસ માટે અનેક સામાજિક પ્રવૃત્તિઓ પણ તેમની રાહબરી નીચે શરૂ કરવામાં આવી છે. સમાજમાં કોઈ પણ જાતના પ્રદેશવાદ, સમાજનાં વાડા, ગોળ કે સંગઠનોને ધ્યાનમાં ન લેતાં માત્ર ને માત્ર સમગ્ર કડવા પાટીદારના દરેક વ્યક્તિના કલ્યાણ અને વિકાસને જ સમાજસેવાનું કેન્દ્રબિંદુ બનાવી, દરેક યોજનાઓ અમલી બનાવી છે. કચ્છમાં આવેલ ભૂકંપ તથા સુરતમાં આવેલ પૂર સમયે સંસ્થાએ ઉદાર હાથે મદદ કરી હતી. મા ઉમિયાંના જ્યોતિરથનું આયોજન કરી વિશ્વના સમગ્ર કડવા પાટીદારોમાં મા ઉમિયા પ્રત્યે અથાગ ભક્તિભાવ અને

ધાર્મિક ભાવના જગાવી સામાજિક સંગઠનનું મોજુ ઊભું કર્યું છે. જ્યોતિરથ ગુજરાતનાં ૩૫૦૦ ગામો, મધ્યપ્રદેશનાં ૭૬૦ ગામો અને રાજસ્થાનનાં ૯૦ ગામોમાં પરિભ્રમણ કરી ચૂક્યો છે. અને હાલ રાજસ્થાન અન્ય ગામોમાં પરિભ્રમણ કરી રહ્યો છે.

સમાજનાં દરેક સ્ત્રી, પુરુષ અને બાળક સ્વમાનભેર જીવી શકે અને તેમનો સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિકાસ થાય તે માટે તેમના પ્રમુખપદે તેમણે (૧) વિધવા-ત્યક્તા અને તેમનાં બાળકોને આર્થિક સહાય (૨) ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વગર વ્યાજની લોન (૩) સંસ્થામાં સમૂહલગ્ન વ્યવસ્થા અને સમાજમાં જ્યાં-જ્યાં સમૂહલગ્ન થાય, ત્યાં દરેક દીકરીને માનું પાનેતર, ફોટો અને કંકુપડો આપવાની વ્યવસ્થા (૪) વિકલાંગ બાળકોને સાઈકલ (૫) ગંભીર માંદગીમાં આર્થિક મદદ (૬) ખેડૂત અને ખેતમજૂરનાં આકસ્મિક મૃત્યુમાં સહાય (૭) વીમાયોજના (૮) વિશિષ્ટ ક્ષેત્રે કારકિર્દી મેળવનારને શ્રી 'ઉમિયા ચંદ્રક' દ્વારા સન્માન (૯) સરકારી નોકરીઓ માટે તાલીમની સગવડ (૧૦) કુમાર અને કન્યા-છાત્રાલયોને મદદ (૧૧) ગૃહિણી તાલીમવર્ગો તેમજ મહિલા-સંમેલનોનું આયોજન કરવામાં આવે છે. સંસ્થાના પ્રમુખપદની સાથે-સાથે તેઓશ્રીએ ગુજરાતની અનેક ધાર્મિક, સામજિક અને શૈક્ષણિક સંસ્થાઓનું સુકાન સંભાળ્યું હોવાથી ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને બિહાર વગેરે વિસ્તારોમાં તેમનાં સેવાકાર્યોને લીધે ભારત અને વિશ્વના પાટીદારોમાં તેમની લોકપ્રિયતા વધી હતી. તેઓશ્રી જ્યાં-જ્યાં જતાં ત્યાં તેમનું ભવ્ય સ્વાગત થતું હતું.

આવા મહામાનવના અવસાનના પંદર દિવસ અગાઉ બનારસ (ઉ.પ્ર.)માં ઉમિયા માતાજીના મંદિરના શિલાન્યાસ પ્રસંગે તેઓશ્રીને હાથી પર બેસાડી એક કિલોમીટર સુધી રેલી કાઢી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. તા. ૦૩/૦૪/૨૦૧૧ના રોજ તેમના અધ્યક્ષપદે ૮૪ કડવા પાટીદાર સમાજનો ભવ્ય વડીલ-વંદના કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જેમાં તેઓશ્રી નાદુરસ્ત તબિયતના કારણે હાજરી આપી શક્યા ન હતા, છતાં રાજ્યના મંત્રીમંડળના મહાનુભાવો અને સમાજના આગેવાનોએ તેમનું ભવ્ય બહુમાન કરી 'પાટીદાર શિરોમણીનું વિશિષ્ટ સન્માનપત્ર એનાયત કર્યું હતું. આ બે પ્રસંગો જ કડવા પાટીદાર સમાજમાં તેઓશ્રી તેમનાં કાર્યોથી કેટલા લોકપ્રિય હતા, તે સૂચવે છે.

આવા આ મહામાનવ અને કર્મવીરને ભારત અને વિશ્વના પાટીદારોએ ભવ્ય શ્રદ્ધાંજલિ આપી કાયમને માટે અમર બનાવી દીધા છે. તેમનાં પુત્રો ભરતભાઈ, કૌશિકભાઈ તથા કુટુંબીજનોને આ આઘાત સહન કરવાની મા ઉમિયા શક્તિ અર્પે એ જ પ્રાર્થના.

છેલ્લે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાનો સમગ્ર પરિવાર તથા ઉમિયા દ્વારેથી કૉલમના લેખક અને સંપાદકો શેઠશ્રીને અશ્રુભરી શ્રદ્ધાંજલિ આપીએ છીએ.

પરમકૃપાળુ પરમાત્મા તથા મા ઉમિયા તેમના આત્માને પોતાની ગોદમાં સમાવી તેમનાં ચરણોમાં હંમેશને માટે સ્થાન આપે એ જ મા ઉમાને પ્રાર્થના.

॥ જય શ્રી ઉમિયા ॥


## જોઈએ છે ગૃહમાતા

સ્ત્રી-કેળવણી ઉત્તેજક મંડળ, અમદાવાદ સંચાલિત ઇચ્છાબહેન બહેચરદાસ હરગોવનદાસ પટેલ કન્યા-છાત્રાલય માટે અનુભવી અને કુશળ ગૃહમાતા જોઈએ છે. અરજદારે પૂરી વિગતો સાથે તુરત જ અરજી કરવી અથવા સવારે ૧૦.૩૦થી ૧૨.૩૦ દરમિયાન રૂબરૂ સંપર્ક કરવા વિનંતી છે.

મંત્રીશ્રી,
સ્ત્રી-કેળવણી ઉત્તેજક મંડળ (SKUM)
ટી. વી. ટાવરની પાછળ,
ડ્રાઈવ-ઇન સિનેમા સામેના રોડ ઉપર,
અમદાવાદ-૩૮૦૦૫૪.

# અશ્વતજજ્ઞ શ્રી મહેશ પટેલને શ્રદ્ધાંજલિ



મહેશ પટેલનું જીવન તેમનાં અંતિમ શ્વાસ સુધી અશ્વોને સમર્પિત હતું. અશ્વો માટેની તેમની ઉત્કટ લાગણી અને તેમનો ઉદાર, પરોપકારી સ્વભાવ દંતકથા સમાન હતા. ગુજરાત રાજ્યમાં મારવાડી જાતિનાં અશ્વોના તે સૌથી મોટા સંવર્ધક હતા. ગુજરાત ઈક્વેસ્ટ્રીયન એસોસિએશનમાં તે પ્રમુખ હતા. સમગ્ર દેશમાં સ્થાનિક પ્રજાતિનાં અશ્વોનાં પાલન, સંરક્ષણ, સંવર્ધન અને વિકાસ માટે સરકારે ચાર સભ્યોની નિમેલ સમિતિના તે ગુજરાતમાંથી પસંદ થયેલ એક માત્ર સ્વતંત્ર અશ્વ સંવર્ધક હતા. અશ્વ સંવર્ધક તરીકે તેમણે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરેલ. છેલ્લાં ૧૨ વર્ષથી ભારતમાં અને પરદેશમાં અશ્વ સંવર્ધનનાં તથા અન્ય પશુઓનાં યોજાતાં પ્રદર્શનોમાં શ્રી પટેલ નિષ્ણાત (નિર્ણાયક) તરીકે ફરજ બજાવતા હતા. મહેશ પટેલ અશ્વો માટે જ જીવ્યા છે અને સ્થાનિક પ્રજાતિનાં અશ્વોની સુધારણા એ જ એમનો જીવનમંત્ર હતો. મારવાડી ઉપરાંત સિંધી પ્રજાતિનાં અશ્વોને માન્યતા તથા સ્વીકૃતિ મળે તે માટે પણ શ્રી પટેલે અથાક પ્રયત્ન કરેલ કારણ કે તેમની એવી દૃઢ માન્યતા હતી કે સિંધી પ્રજાતિનાં અશ્વો ભારતની અન્ય પ્રજાતિનાં અશ્વોથી જરાપણ ઊણા ઊતરે તેમ નથી. સરકાર સિંધી પ્રજાતિનાં અશ્વોને માન્યતા આપે તો જુદી જુદી પ્રજાતિનાં અશ્વોની અવારનવાર યોજાતી સ્પર્ધામાં આ પ્રજાતિનાં અશ્વોને પણ સામેલ કરી શકાય અને માન્યતા પ્રાપ્ત થાય તો સિંધી પ્રજાતિનાં અશ્વોને દળ તથા લશ્કરી દળ તથા અન્ય સંરક્ષણ દળોમાં ઉપયોગમાં લઈ શકાય.

ખાસ કરીને સ્થાનિક પ્રજાતિનાં અશ્વોનાં જતન માટે કેન્દ્ર સરકાર સમગ્ર દેશમાં ૧૦ જેટલાં રેસકોર્સ તૈયાર કરવાની યોજના કરી રહેલ છે. આથી જ શ્રી પટેલ અમદાવાદમાં પણ એક રેસકોર્સ તૈયાર કરવા માટે અથાક પ્રયત્નો કરતા હતા. જ્યાં માત્ર સ્થાનિક પ્રજાતિનાં અશ્વો જ સ્પર્ધામાં ઉતારી શકાય. ગુજરાત રાજ્યમાં સુરત, રાજકોટ, જામનગર અને વડોદરામાં રેસકોર્સ હતા પરંતુ સ્વતંત્રતા પ્રાપ્તિ બાદ આ સર્વે રેસકોર્સ કાર્યરત નહોતા.

છેલ્લા ત્રણ વર્ષથી રાજ્યમાં વિવિધ સ્થળોએ યોજાતા હતા તે ભવ્ય અશ્વ-પ્રદર્શનોમાં પણ શ્રી પટેલે સિંહફાળો આપેલ. આવા પ્રદર્શનોનાં આયોજનનો તેમનો મુખ્ય આશય હતો. અશ્વોનું યોગ્ય જતન અને ઉપયોગિતા. તેમણે કહ્યું હતું કે, ગુજરાત રાજ્યમાં, હાલમાં ૧૮૦૦૦ ગામોમાં ૧૩૦૦૦ જેટલા અશ્વો છે. જો દરેક ગામમાં પાંચ અશ્વો રાખીએ તો સંખ્યા ૯૦૦૦૦ અશ્વો જેટલી થઈ જાય. શ્રી પટેલ કહેતા કે જો આપણી સ્થાનિક પ્રજાતિનાં અશ્વોનું સાતત્ય જાળવવું હોય તો આમ કરવું શક્ય છે અને આપણે આ કાર્ય કરવું જ જોઈએ. શ્રી પટેલે ચેતવણી આપતાં કહ્યું હતું કે સ્થાનિક પ્રજાતિનાં અશ્વોને નાબુદ થતાં જોઈ રહેવું અત્યંત શરમજનક બાબત છે. જો આપણે આ બાબતમાં સજાગ નહીં રહીએ તો બીજા અનેક રાની પશુઓ જેમ લુપ્ત થતાં જાય છે તેમ આ પશુઓ પણ પૃથ્વી પરથી સદાકાળ માટે મૃત (અદૃશ્ય) થઈ જશે.

અશ્વોને દિલોજાનથી ચાહનારા મહેશભાઈએ આવા અનેક સ્વપ્નો સેવ્યાં હતાં, પરંતુ કમનસીબે માત્ર ૩૭ વર્ષની યુવાન વયે અશ્વપ્રેમી મહેશભાઈનું એક દુર્ભાગ્યપૂર્ણ કાર અકસ્માતમાં તા. ૦૧-૦૪-૨૦૧૧ના રોજ મૃત્યુ થયું. મહેશભાઈ રાજસ્થાનમાં યોજાઈ રહેલ અશ્વપ્રદર્શનમાં ભાગ લેવા જઈ રહ્યા હતા ત્યારે સીદપુર ગામે તેમને ગંભીર કાર અકસ્માત નડ્યો.

મહેશભાઈ નિવૃત આસિસ્ટન્ટ પોલીસ કમિશ્નર કે. કે. પટેલ (ક્રાઈમ બ્રાન્ચ)નાં પુત્ર હતા. પિતા, માતા, પત્ની, પાંચ વર્ષનો પુત્ર, ૧૦ વર્ષની પુત્રી, ભાઈ, બે બહેનોના વિશાળ કુટુંબને રડતાં મૂકી તેઓએ દેહ છોડ્યો. ધરતી પરિવાર આપ સૌના દુઃખમાં સહભાગી થઈ, આઘાતની લાગણી અનુભવે છે અને એમના આત્માને શાંતિ મળે એવી પ્રભુને પ્રાર્થના કરે છે.

# શોક ઠરાવ

ધરતી વિકાસ મંડળ,
પ્રતિમા પાર્ક સોસાયટી,
વિજયનગર રોડ,
નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.
તા. ૧૩/૦૪/૨૦૧૧

સમગ્ર પાટીદાર સમાજને નવી દિશા અને ગતિ આપનાર અને માત્ર ગુજરાત જ નહિ, ભારતના અન્ય રાજ્યોમાં અને વિદેશોમાં વસતા પાટીદારોનેમાં ઉમિયાના માધ્યમ દ્વારા એકસૂત્રે બાંધનાર, માં ઉમિયાના પરમભક્ત, સમાજ શિરોમણિ શેઠશ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલના દુઃખદ નિધનથી સમગ્ર પાટીદાર સમાજ ઘેરા દુઃખની લાગણી અનુભવી રહ્યો છે. સદ્‌ગતશ્રીએ કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાના પ્રમુખ તરીકે ૩૫ વર્ષ જેટલી દીર્ઘ અને યશસ્વી સેવાઓ દ્વારા શ્રી ઉમિયા માતાજીનાં આદ્યસ્થાનકને સમગ્ર વિશ્વના પાટીદારોના આસ્થા કેન્દ્ર અને શક્તિતીર્થ તરીકે લોકહૃદયમાં સ્થાપિત કરવામાં અસાધારણ યોગદાન આપ્યું હતું. તેઓશ્રી એક સફળ ઉદ્યોગપતિ, અનન્ય સમાજસેવક અને ઉચ્ચ કક્ષાના આધ્યાત્મિક આત્મા હતા. તેઓશ્રીની ચિરવિદાયથી તેઓશ્રીના પરિવારજનોને તો ભારે ખોટ પડશે જ, પરંતુ ગુજરાતના અને વિશ્વના પાટીદાર સમાજને પણ ન પુરાય તેવી ખોટ પડશે તેમાં શંકાને સ્થાન નથી.

સદ્‌ગતશ્રી ધરતી વિકાસ મંડળ સંસ્થાના ટ્રસ્ટી તરીકે સતત ૩૫ વર્ષથી સેવાઓ આપતા હતા. સંસ્થાના ટ્રસ્ટી તરીકેની દીર્ઘકાલીન સેવાઓ દરમિયાન તેઓશ્રી આ સંસ્થાના સાચા રાહબર અને માર્ગદર્શક રહ્યા હતા. તેમજ સંસ્થાના વિકાસમાં સતત રસ લેતા રહ્યા હતા.

તેઓશ્રીના દુઃખદ અવસાનથી ધરતી સંસ્થાના સર્વ ટ્રસ્ટીશ્રીઓ, પ્રમુખશ્રી, મંત્રીશ્રી તેમજ સર્વ હોદ્દેદારો, કારોબારી સભ્યો અને કાર્યકર્તાઓ ઘેરા શોકની લાગણી અનુભવે છે અને આ દુઃખદ પ્રસંગે સદ્‌ગતના પરિવારજનોને આવી પડેલ આપત્તિમાં હૃદય સાંત્વના અર્પે છે. સંસ્થા સદ્‌ગતને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પવાની સાથે સદ્‌ગતના આત્માને ચિરશાંતિ મળે તે માટે પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરે છે.

**હંસાબહેન પટેલ**
પ્રમુખ
ધરતી વિકાસ મંડળ

**દશરથભાઈ એન. પટેલ**
માનદ્ મંત્રી
ધરતી વિકાસ મંડળ

# શોકસંદેશ

:૧:

**શ્રી નરેન્દ્રભાઈ મોદી,**
**મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય**

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા અને સમગ્ર પાટીદાર સમાજજનો,

સમાજ, શિક્ષણ અને ધાર્મિક વિકાસમાં જેમણે જીવનભરના ચિંતન થકી સમાજ-શિરોમણિનું સ્થાન પ્રાપ્ત કર્યું, એવી પ્રભાવી પ્રતિભાના સ્વામી શેઠશ્રી કેશવલાલભાઈ વિઠ્ઠલદાસ પટેલના અવસાનના સમાચાર સર્વને માટે વ્યથાજનક છે. એમનાં સત્કાર્યોની સુવાસ, પાટીદાર સમાજ સહિત અન્ય સૌના અંતરમાં દાન, દયા અને સેવા રૂપે મહેકતી રહે એવી શ્રદ્ધાંજલિ સાથે હું આપ સૌની શોક-લાગણીમાં જોડાઉં છું. પ્રભુ, સદ્ગત આત્માનું અમરધામમાં સ્વાગત કરે એ જ પ્રાર્થના.

સૌનો,
નરેન્દ્ર મોદી

:૨:

**શ્રી નીતિન ગડકરી,**
**રાષ્ટ્રીય પ્રમુખ, ભારતીય જનતા પાર્ટી**

I am deeply saddened to learn about the untimely demise of Shri Keshubhai Patel, President, Umiya Mataji Sansthan.

Shri Patel has been source of inspriration to thousands of his fellow, devotees. His death is irreparable loss to the Sansthan and the people of Gujarat. I extend my heartfelt condolences, pray to God to provide solace to the departed soul and given courage to the bereaved family to bear this loss with fortitude.

With regards'

Yours,
**Nitin Gadkari,**
(National President, Bharatiya Janata Party)

:૩:

**શ્રી પ્રફુલ પટેલ**
**રાજ્યકક્ષાના ગૃહમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય**

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાના પ્રમુખશ્રી, આદરણીય શ્રી કેશુભાઈ પટેલનું અવસાન થતાં ઘેરા શોકની લાગણી અનુભવું છું. જીવન અને મૃત્યુ કુદરતી ક્રમ છે. કુદરતના આ ક્રમ આગળ માનવી પામર છે. આથી આ સત્યને સ્વીકાર્યા સિવાય આપણી પાસે કોઈ વિકલ્પ નથી. હું એ પણ સમજું છું કે, શબ્દોથી સાંત્વના આપવી સહેલી છે, પરંતુ સમગ્ર સમાજ પર આવી પડેલો આ વજ્રાઘાત સહન કરવો ખૂબ જ કઠિન છે.

શ્રી કેશુભાઈ પટેલ તેમના જીવનમાં એવાં કામો કરી ગયા છે કે તેમના જીવનની સુવાસ સૌને તેમની યાદ અપાવતી રહેશે. પરમકૃપાળુ પરમાત્મા સ્વર્ગસ્થના દિવ્ય આત્માને ચિરશાંતિ આપે અને તેમનાં પરિવારજનો ઉપર આવી પડેલી આ આફત સહન કરવાની પ્રભુ સૌને શક્તિ આપે એ જ પ્રાર્થના છે.

પ્રફુલ પટેલ
(રાજ્યકક્ષાના મંત્રી, ગુજરાત રાજ્ય)

:૪:

**ડૉ. કે. કે. પટેલ**
**નિરમા લિમિટેડ**

સ્નેહી શ્રી ભરતભાઈ,

આપના પરમપૂજ્ય પિતાશ્રી શેઠશ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ (સિદ્ધપુર)ના અવસાનના સમાચાર જાણી દુઃખ થયું.

આપના પરિવારને તેમજ સમસ્ત ઊંઝાને આ કારમો ઘા સહન કરવાની પરમકૃપાળુ પરમાત્મા શક્તિ અને બળ આપે તેમજ સ્વર્ગસ્થના આત્માને ચિરઃશાંતિ બક્ષે તેવી અભ્યર્થના.

સ્નેહાધીન,
ડૉ. કે. કે. પટેલ,
(નિરમા લિમિટેડ)

# વ્યક્તિ વિશેષ

## 'ધરતી' સંસ્થાને સ્વૈચ્છિક રીતે રૂ. પાંચ લાખનું દાન આપનાર દાતાશ્રી સીતારામભાઈ નારણદાસ પટેલ





હાલ મુંબઈમાં રહી મે. અંબિકા બિલ્ડર્સ નામની પેઢીના માલિક શ્રી સીતારામભાઈ નારણદાસ પટેલનું મૂળ વતન ચાણસ્મા, (જિ. પાટણ), પરંતુ ધંધાર્થે મુંબઈ જઈને વસ્યા છે. સાવ સામાન્ય વ્યવસાયથી શરૂઆત કરી આજે તેઓ મહેનત કરી પોતાની કંપની સ્થાપી શક્યા છે. ધરતીપુત્ર એવા શ્રી સીતારામભાઈ પર લક્ષ્મીજીની કૃપા ઊતરી છે. લક્ષ્મી પ્રાપ્ત થતાં ઘણાં છકી જાય છે, પરંતુ સીતારામભાઈ આજે પણ વિનમ્ર અને મૃદુભાષી રહ્યા છે. સ્વભાવે સરળ અને હંમેશાં હસમુખા રહેનાર સીતારામભાઈએ દાનમાં પણ કદી પાછીપાની કરી નથી. આજ સુધી એમણે વિવિધ સંસ્થાઓમાં દાનનો પ્રવાહ ચાલુ રાખ્યો છે.

એમણે જે-જે સંસ્થાઓને ઉદાર હાથે દાન કર્યું છે, એનો પરિચય મેળવીએ : ચાણસ્મા હૉસ્પિટલના તેઓ ટ્રસ્ટી છે. આ સંસ્થામાં રૂ. એક લાખ દાન કરેલ છે. વળી, આ જ દવાખાના માટે ૨૦ દિવસને માટે રોજના રૂ. ૫૦૦૦ લેખે રૂ. એક લાખ દાન કરેલ છે. તેમણે ઉત્તર ગુજરાતની ખેરવા સ્થિત ગણપત યુનિવર્સિટીમાં એક કરોડ અગિયાર લાખનું માતબર દાન આપ્યું છે. મહેસાણા બાર ગામ સમાજને એક લાખ એકાવન હજારનું દાન કર્યું છે. અમદાવાદના બાર ગામ પાટીદાર સમાજમાં ૧૯ લાખનું દાન આપેલ છે. ધરતીના પ્રમુખ શ્રીમતી હંસાબહેન એમનાં સંબંધી થાય છે. હંસાબહેનને કહે મારે 'ધરતી'માં પણ દાન આપવું છે, કેટલાનો ચેક લખું ? પ્રત્યુત્તરમાં હંસાબહેને કહ્યું "તમારી જે ઇચ્છા થાય તે આપો." અને સીતારામભાઈએ પાંચ લાખ રૂપિયાના દાનનો ચેક ધરતી વિકાસ મંડળના નામનો હંસાબહેનને આપ્યો. સીતારામભાઈ આ દાન એમનાં સ્વર્ગસ્થ પત્ની શ્રીમતી ગોમતીબહેન પટેલના સ્મરણાર્થે આપે છે. ધરતી સંસ્થા આ દાન સહર્ષ સ્વીકારી એમનો ખૂબ-ખૂબ આભાર માને છે તથા સીતારામભાઈ દીર્ઘાયુષી થઈ હજી વધારે દાન સમાજને ચરણે ધરતા રહે એવી પ્રભુપ્રાર્થના કરે છે.

હાલમાં શ્રી સીતારામભાઈ મુંબઈમાં રહે છે. તેઓ શ્રી બોરીવલી ગુજરાતી સેવામંડળના દાતા ટ્રસ્ટી છે. તેમણે મંડળના પેથોલૉજી વિભાગ માટે તેમનાં પત્ની સ્વ. ગોમતીબહેન સીતારામ પટેલ પેથોલૉજી વિભાગના નામકરણ માટે દાન આપેલ છે. આ દાનમાંથી આ વિભાગના દર્દીઓની રાહતના દરે ચિકિત્સા કરવામાં આવે છે. સીતારામભાઈના પુત્ર ચિ. અશોકભાઈ પણ સેવામંડળના દાતા ટ્રસ્ટી છે.

સીતારામભાઈ ૭૦ વર્ષની ઉંમરે પણ યુવાનને શરમાવે એવી કાર્યક્ષમતા ધરાવે છે. તેઓ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝામાં પણ કમિટી મેમ્બર તરીકે સેવા આપી રહ્યા છે. પોતાના વતન ચાણસ્મા ખાતે ચાણસ્મા સેવાસંઘમાં આગેવાન ટ્રસ્ટી તરીકે સેવા આપી માતૃભૂમિનું ઋણ અદા કરી રહ્યા છે.

આવા દાતાશ્રી, સેવાભાવી સીતારામભાઈના સંપર્ક માટેનું સરનામું છે : સી-૨૦૯, શ્રી વિશાલ કૉમ્પ્લેક્ષ, ગોરસવાડી, મલાડ વેસ્ટ, મુંબઈ ૪૦૦૦૬૪. ઘરનો ફોન : (૦૨૨) ૨૮૦૫૦૮૧૫૫, ૨૮૬૪૯૭૬૬ તથા મો. ૦૯૮૧૯૨૨૦૦૧ છે.

ધરતીપુત્ર સીતારામભાઈને પત્ર લખી કે ફોન કરી એમના આ ઉમદા, સેવાભાવી કાર્ય માટે અભિનંદન પાઠવી શકાય છે.

# ધરતી વિકાસ મંડળ - અમદાવાદ.

## સમાચાર-સાર

**શ્રી મહેન્દ્રભાઈ નટવરલાલ પટેલે સાદાં લગ્ન-યોજના માટે 'ધરતી' દાન આપ્યું.**

ધરતી વિકાસ મંડળની વિવિધ પ્રવૃત્તિઓથી પ્રભાવિત થયેલ શ્રી મહેન્દ્રભાઈ નટવરલાલ પટેલ(૨-સી, નંદિતા એપાર્ટમેન્ટ, નારણપુરા, અમદાવાદ-૧૩) લંડન (યુ.કે.)માં રહેતા પોતાના પુત્ર મનનને ત્યાં બેબી અનન્યાના જન્મદિન નિમિત્તે રૂ. ૨૫૦૦/-નું દાન કરે છે. આ અગાઉ એમણે વડીલ-વૃંદાવનમાં પણ રૂ. ૨૫૦૦/-નું દાન આપેલ છે. સંસ્થા તેમનો હૃદયથી આભાર માને છે.

**અમીન પુ. જ. કે. પી. વિદ્યાર્થીભવન, અમદાવાદમાં ઈનામ-વિતરણ સમારોહ યોજાયો.**

વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન ભવનમાં ભણેલા તેજસ્વી વિદ્યાર્થીઓ તથા ચાલુ સાલે પ્રજાસત્તાક દિન નિમિત્તે યોજાયેલ રમતગમત અને બૌદ્ધિક સ્પર્ધાઓના વિજેતાઓ માટે સંસ્થાના આદરણીય પ્રમુખશ્રી શંકરલાલ ગુરુના અધ્યક્ષસ્થાને ઈનામ-વિતરણ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે, આદરણીય મુખ્ય મહેમાનો તરીકે શ્રી જે. એસ. પટેલ - પ્રમુખશ્રી, ૪૮ ગામ ક.પાટીદાર સમાજ, અમદાવાદ તથા પ્રિ. ડૉ. કે. એમ. પટેલ - નિવૃત્ત પ્રિન્સિપાલ, આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, મહેસાણા પધાર્યા હતા.

આ પ્રસંગે મહેમાનોએ પ્રેરક અને પ્રોત્સાહક ઉદ્‌બોધન કર્યાં હતાં. પ્રિ. સોમાભાઈ પટેલે પણ વિદ્યાર્થીઓને ઈનામો તરીકે અપાયેલ પુસ્તકોનું મહત્ત્વ તથા વૈશ્વિક સ્તરે તેના પ્રસાર અંગે વિદ્યાર્થીઓને સમજ આપી હતી. સમારંભના અધ્યક્ષશ્રી શંકરલાલ ગુરુસાહેબે આ પ્રાણવાન સંસ્થાએ સમાજના ઉત્કર્ષમાં આપેલ યોગદાનની વાત કરી હતી અને વિદ્યાર્થીઓને અભિનંદન તથા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે, આદરણીય મહેમાનશ્રી જે. એસ. પટેલ તરફથી સંસ્થાના વિકાસ માટે રૂ. પાંચ લાખનું માતબર દાન જાહેર કરવામાં આવ્યું હતું, જ્યારે ઇનામો અંગેનો આર્થિક સહયોગ આદરણીય મહેમાનશ્રી પ્રિ. કે. એમ. પટેલ તરફથી મળ્યો હતો.

આ પ્રસંગે, સંસ્થાના હોદ્દેદારો તથા કારોબારીના સભ્યો સર્વશ્રી વિષ્ણુપ્રસાદ પટેલ, મધુસૂદન અમીન, સતીષભાઈ પટેલ, એમ. ટી. પટેલ, ડૉ. કનુભાઈ, નટવરભાઈ પટેલ, પ્રિ. સોમાભાઈ, પ્રો. હીરાભાઈ, પ્રો. મનુભાઈ, મોહનભાઈ પટેલ, સંસ્થાના કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર હતા. આભારવિધિ ટ્રેઝરરશ્રી એમ. ટી. પટેલે કરી હતી અને સંસ્થા કન્વીનર પ્રો. જી. એસ. પટેલે સમગ્ર કાર્યક્રમનું સરસ સંચાલન કર્યું હતું.

**સેલાવીમાં સેવા આપતી હૉસ્પિટલો અને તેના દ્વારા રક્તદાન શિબિરનું થયેલ આયોજન**

જનસેવાના સંકલ્પને સદૈવ સાદરભાવે જીવંત રાખવાના હેતુસર અવિરત પોતાની સેવાઓની સુગંધ સમાજ અને આસપાસના ગ્રામ્યપ્રદેશોમાં પ્રસરાવતી સેલાવી જનકલ્યાણ ટ્રસ્ટ સંચાલિત આંખની અને સર્જિકલ હૉસ્પિટલથી કોઈ અજાણ નથી જ.

દર શનિવારે મહેસાણાના આંખનાં દર્દોના ખ્યાતનામ ડૉક્ટરશ્રી મૂકેશભાઈ પટેલ સેલાવી હૉસ્પિટલમાં આવી મોતિયાના વિનામૂલ્યે ઑપરેશન કરે છે તેમજ રોજ સવાર-સાંજ આંખની સારવારની ઓ.પી.ડી. સેવા તો ખરી જ. તદ્‌ઉપરાંત દર બુધવારે સારણગાંઠ (હર્નિયા), ગર્ભાશય, એપેન્ડિક્સ જેવા રોગોના છ દર્દીઓને અમદાવાદ સંસ્થાના સાધન દ્વારા

ઑપરેશન માટે વિનામૂલ્યે લઈ જવામાં આવે છે. તેમજ દર માસના અંતે આ સંસ્થામાં વર્ષોથી સેવા આપતા વિદ્વાન ડૉ. શ્રી સમીરભાઈ શાહસાહેબ કે જેઓ રૂબરૂ આવી ઑપરેશનો કરી જાય છે.

આવા સેવા, સહયોગ ને સમર્પણના ભાવને વરેલી સંસ્થાના સ્થાપક એવા સ્વ. પ્રહ્લાદભાઈ ન. પટેલની તા. ૦૪-૦૨-૧૧ના રોજ તેમની તેરમી પુણ્યતિથિએ ૧૭૩ બોટલ બ્લડ એકત્રિત કરી રક્તદાન દ્વારા સાચી શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ યોજાઈ ગયો, જેનું આયોજન આ સંસ્થાના સંચાલક શ્રી બાબુભાઈ પટેલ અને શ્રી જશુભાઈ નાયકે કર્યું હતું. આસપાસના વિસ્તારની કૉલેજોનાં વિદ્યાર્થી ભાઈ-બહેનો તથા જનતાનો અપૂર્વ સહયોગ મળતાં રક્તદાનનું સુંદર આયોજન થયું હતું, જે બદલ ટ્રસ્ટ પરિવાર હૃદયપૂર્વક આભાર માને છે.

**આત્મન્ ફાઉન્ડેશન, ગાંધીનગર આયોજિત સ્ત્રી-સન્માનનો અનોખો કાર્યક્રમ**

ગાંધીનગર સ્થિત આત્મન્ ફાઉન્ડેશન દ્વારા ૨૬મી માર્ચ, ૨૦૧૧ના રોજ સ્ત્રી-સન્માનનો અનોખો કાર્યક્રમ- 'સાસુ મારી મા, વહુ મારી દીકરી' નામે યોજાઈ ગયો. આ કાર્યક્રમ સાસુ-વહુના પ્રેમાળ સંબંધો અંગે વક્તાઓ શ્રીમતી ગિરાબહેન સતીષભાઈ પટેલ (જાણીતાં મહિલા અગ્રણી) તથા શ્રદ્ધાબહેન ત્રિવેદી (જાણીતા લેખિકા) એ મનનીય પ્રવચનો કર્યાં હતાં.

**વર્લ્ડ પાટીદાર ફેડરેશનનું સાતમું અધિવેશન યોજાયું.**

વર્લ્ડ પાટીદાર ફેડરેશનનું ૭મું ગોલ્ડન ગ્લોરી કન્વેન્શન (અધિવેશન) ગઈ તા. ૯ એપ્રિલ, ૨૦૧૧ના રોજ ગાંધીનગરની સી.એમ.પટેલ કૉલેજ ઑફ નર્સિંગના કૉન્ફરન્સ હૉલમાં સ્વામીશ્રી સચ્ચિદાનંદજીની નિશ્રામાં અને ગુજરાત રાજ્યના કૃષિમંત્રી શ્રી દિલીપભાઈ સંઘાણીની અધ્યક્ષતામાં યોજાયું હતું. અધિવેશનના માનવંતા મહેમાનો તરીકે બિહારથી રાજ્યસભાના સભ્યશ્રી આર. સી. પી સિંઘ, કડી સર્વ વિશ્વવિદ્યાલયના ચેરમેન શ્રી માણેકલાલ પટેલ તેમજ શિકાગો - યુ.એસ.એ.થી ખાસ પધારેલા શ્રી નરેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આરંભમાં ફેડરેશનના પ્રેસિડેન્ટ શંકરલાલ ગુરુએ સર્વે મહેમાનોનો પરિચય આપી તેમનું સ્વાગત કર્યું હતું અને વર્લ્ડ પાટીદાર ફેડરેશનનો ઉદ્દેશ સમજાવી તેની કામગીરીની માહિતી આપી હતી.

આ પ્રસંગે ફેડરેશન તરફથી પાંચ મહાનુભાવોને પાટીદાર શિરોમણી એવૉર્ડથી સન્માનિત કરાયા હતા, જેમાં બિહારથી પધારેલ શ્રી આર.સી.પી. સિંઘ, ગુજરાત રાજ્યના કૃષિમંત્રી શ્રી દિલીપભાઈ સંઘાણી, શિકાગો (યુ.એસ.એ.)થી પધારેલ શ્રી નરેન્દ્ર પટેલ, ગુજરાતી સિરિયલ નિર્માતા-કલાકાર શ્રીમતી ચારુમતી પટેલ, નામાંકિત આર્ટિસ્ટ શ્રી પ્રવીણ પટેલ (લાલી) અને સુરત પાટીદાર સમાજના ટ્રસ્ટીશ્રી રમણભાઈ પટેલ (જાની)નો સમાવેશ થતો હતો. આ ઉપરાંત ધરતીના પ્રમુખ શ્રીમતી હંસાબહેન પટેલ, શ્રી સતીષ પટેલ, ડૉ. વિનુભાઈ પટેલ, પ્રો. ગંગારામભાઈ પટેલ, ધરતીના તંત્રી પ્રિ. સોમાભાઈ પટેલ વગેરેને પણ સ્વામી સચ્ચિદાનંદજીના હસ્તે શાલ અને પુષ્પગુચ્છથી સન્માનિત કરાયા હતા.

બપોર બાદ ફેડરેશનની કારોબારીની મિટિંગ અને જનરલ બોડીની મિટિંગ યોજાઈ હતી, જેમાં પ્રિ. સોમાભાઈ પટેલે 'રિવૉલ્યુશન ઇન પાટીદાર સમાજ' વિષય પર વક્તવ્ય આપ્યું હતું. બાદમાં શંકરલાલ ગુરુએ ફેડરેશનની ભાવિ કાર્યયોજનાનો ખ્યાલ આપ્યો હતો.

**સૌરાષ્ટ્રના દાનવીર ઉદ્યોગપતિ - શાંતિલાલ નાથાલાલ કણસાગરા - એસ.એન.કે.નું દુઃખદ અવસાન**

સૌરાષ્ટ્રની પાટીદાર સમાજની અનેક ધાર્મિક સામાજિક સંસ્થાઓને દાન આપનાર એસ.એન.કે.ના ટૂંકા નામથી જાણીતા શાંતિલાલ નાથાલાલ કણસાગરાનું

તા. ૧૮-૦૪-૨૦૧૧ના રોજ રાજકોટ ખાતે ૯૬ વર્ષની વયે અવસાન થયેલ છે. 'માલવુડ' ગ્રુપના નામથી દુનિયાભરમાં જાણીતા, માત્ર ચાર ચોપડી ભણેલા અને ૨૦ વર્ષની ઉંમરે આફ્રિકા ગયેલા શાંતિબાપા આજે આફ્રિકાના કેન્યા, નાઈજિરિયા, તાંઝાનિયા, સુદાન અને મોઝામ્બિક તેમજ લંડન અને ભારત એમ સાત દેશોમાં વ્યાપાર-ઉદ્યોગ ધરાવે છે. આજે તેમની પાસે ૨૯ હજાર એકર ખેતીની જમીન છે, જેમાં ચા અને ફૂલોનું વાવેતર કરે છે. લંડનમાં બાંધકામનો વ્યવસાય, મીઠાઉદ્યોગ, સીરામિક, ફર્ટિલાઈઝર અને કેમિકલ ઉદ્યોગ, તેમની પાસે પોતાની માલિકીની ૬ સ્ટીમર, લંડન અને મોરેસિયસમાં ફાઈવસ્ટાર હોટલો તેમજ બીજા અનેક ધંધા-ઉદ્યોગ વિકસાવેલ છે.

રાજકોટના કાલાવડ રોડ પર તેમના દાનથી તેમના નામે એસએનકે કૉલેજ પણ છે. તેમજ સૌરાષ્ટ્રભરમાં પાટીદાર સમાજની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં ભણતી આર્થિક રીતે નબળા પરિવારની દીકરીઓને તેમના નામે આર્થિક સહાય આજે પણ ચાલુ છે.

આવા શૂન્યમાંથી સર્જન કરી સફળ અને દાનવીર ઉદ્યોગપતિ તરીકે જાણીતા શાંતિબાપાના નિધનથી ધરતી વિકાસ મંડળ દુઃખની લાગણી અનુભવે છે અને સદ્‌ગતના આત્માને ચિર શાંતિ પ્રાર્થે છે.

**ડૉ. દ્વારકાદાસ જોષી મેમોરિયલ ફાઉન્ડેશનની રચના કરાઈ. ફાઉન્ડેશનમાં ઉદાર દિલે ફાળો આપવા અપિલ**



ગુજરાત સર્વોદય મંડળના પ્રણેતા, સર્વોદય વિચારના પ્રચારક, ગ્રામસ્વરાજ્ય પ્રવૃત્તિના હામી અને સત્ય-પ્રેમ-કરુણાની પ્રેરણા આપનાર સ્વ. દ્વારકાદાસ જોષીનાં કાર્યો, પ્રવૃત્તિઓ અને વિચારોને જીવંત રાખવા માટે ગુજરાતના સર્વોદય કાર્યકરો દ્વારા ડૉ. દ્વારકાદાસ જોષી મેમોરિયલ ફાઉન્ડેશનની રચના કરવામાં આવી છે.

આ ફાઉન્ડેશન દ્વારા વર્ષ દરમિયાન યુવક-શિબિરો, શાળા-કૉલેજના વિદ્યાર્થીઓમાં નિબંધ / વક્તૃત્વસ્પર્ધાઓ યોજવા ઉપરાંત ગ્રામસ્વરાજની પ્રવૃત્તિઓ અને લોકશિક્ષણના કાર્યક્રમો, કૃષિ આધારિત ઉદ્યોગોને પ્રોત્સાહન વગેરે પ્રવૃત્તિઓનું આયોજન થનાર છે. ફાઉન્ડેશનની રચનાત્મક પ્રવૃત્તિઓમાં સહાયભૂત થવા માટે ફાઉન્ડેશનને ઉદાર હાથે ફાળો આપવા ગુજરાતની જનતાને ફાઉન્ડેશન દ્વારા નમ્ર અપીલ કરવામાં આવે છે.

આપના દાનની રકમનો ચેક / ડ્રાફ્ટ. 'ડૉ. દ્વારકાદાસ જોષી મેમોરિયલ ફાઉન્ડેશન, C/o. જયોતિ હૉસ્પિટલ, વિસનગર'ના નામનો મોકલવા વિનંતી છે. આ માટે ૮૦ જી (૫) અન્વયે કર-કપાતનો લાભ મળવાપાત્ર છે.

**ધરતી લગ્નસહાયક કેન્દ્ર દ્વારા જીવનસાથી પરિચય-મેળાનું આયોજન થશે.**

ધરતી વિકાસ મંડળ સંચાલિત ધરતી સહાયક કેન્દ્રના કન્વીનરશ્રી શીવાભાઈ પટેલ જણાવે છે કે આ સંસ્થા દ્વારા દર ચાર મહિને યુવક - યુવતીઓ રૂબરૂ મળી, એકમેકનો પરિચય કેળવી પોતાને યોગ્ય જીવનસાથી પસંદ કરી શકે તે હેતુસર 'જીવનસાથી પરિચય-મેળા'નું આયોજન કરવામાં આવે છે.

આવો ૪૬મો પરિચય-મેળો તા. ૨૨-૦૫-૧૧ને રવિવારના રોજ બપોરના ૧૧-૦૦થી સાંજના ૫-૩૦ સુધી ગ્રેજ્યુએટ કે તેથી વધુ ભણેલા ઉમેદવાર ભાઈ-બહેનોનો મેળો સંસ્થાના મકાનમાં યોજાશે. જે ઉમેદવારોએ તા. ૧-૧-૨૦૧૧થી તા. ૩૦-૦૪-૨૦૧૧ સુધીમાં ફોર્મ ભર્યાં હશે તેવા ઉમેદવાર ભાઈ-બહેન આ મેળામાં ભાગ લઈ શકશે.

# અંતિમ દર્શન

## મહાનુભાવોની ભાવાંજલિ













# અંતિમ દર્શન

## મહાનુભાવોની ભાવાંજલિ











